પાના ૮, કિંમત રૂ.૨, તા. ૦૭-૦૧-૨૦૨૬-બુધવાર, સુરત

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

30th ANNIVERSARY

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૧ ● અંક : ૨૩ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in  pratapdarpan_official  pratapdarpansrt@gmail.com  pratapdarpan_official11

# દિલ્હીમાં મસ્જીદ પાસે ડીમોલીશન રોકવા ભારે પથ્થરમારો

## હાઈકોર્ટના આદેશને પગલે તુર્કમાન ગેટ પાસે મોડી રાત્રે એમસીડી દ્વારા ગેરકાયદે બાંધકામ તોડવાનું શરૂ કરતા ટોળાએ મચાવેલું તોફાન

**નવી દિલ્હી, તા. ૦૭**

દિલ્હીમાં રામલીલા મેદાન પાસે મસ્જિદ અને કબ્રસ્તાનને અડીને આવેલી જમીન પરથી ૬ જાન્યુઆરીની મોડી રાત્રે લગભગ ૧ વાગ્યે અતિક્રમણ હટાવવામાં આવ્યું હતું. દિલ્હી હાઈકોર્ટના આદેશ પર MCDએ ૧૭ બુલડોઝર વડે અહી બનેલા ઘર, ડાયગ્નોસ્ટિક સેન્ટર અને દુકાનોને તોડી પાડવામાં આવ્યા.

તુર્કમાન ગેટ સ્થિત ફૈઝ-એ-ઈલાહી મસ્જિદ પાસે જ્યારે આ કાર્યવાહી કરવામાં આવી રહી હતી, ત્યારે ભીડે કર્મચારીઓ અને પોલીસ પર પથ્થરમારો કર્યો હતો. ભીડ બેરિકેડિંગ તોડીને કાર્યવાહી રોકવા પહોંચી હતી, પરંતુ પોલીસે ટીયર ગેસના ગોળા છોડીને તેમને વિખેરી નાખ્યા હતા.

સેન્ટ્રલ રેન્જના જોઈન્ટ કમિશનર ઓફ પોલીસ મધુર વર્માએ જણાવ્યું કે પરિસ્થિતિ નિયંત્રણમાં છે. સમગ્ર વિસ્તારને ૯ ઝોનમાં વહેંચવામાં આવ્યો છે. દરેક ઝોનની જવાબદારી ADCP સ્તરના અધિકારીને સોંપવામાં આવી છે. સંવેદનશીલ સ્થળોએ પૂરતો પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. વીડિયો દ્વારા પથ્થરબાજોની ઓળખ કરવામાં આવશે.

જ્યારે ડીસીપી નિધિન વલસને જણાવ્યું કે MCDએ દિલ્હી હાઈકોર્ટના આદેશ પર કાર્યવાહી કરી છે, જે હજુ પણ ચાલુ છે. ભીડના પથ્થરમારામાં ૪-૫ અધિકારીઓને સામાન્ય ઈજાઓ થઈ છે.

ફૈઝ-એ-ઈલાહી મસ્જિદની મેનેજમેન્ટ કમિટીએ દિલ્હી MCDના ૨૨ ડિસેમ્બર ૨૦૨૫ના આદેશને દિલ્હી હાઈકોર્ટમાં પડકાર્યો છે. તેમાં કહેવામાં આવ્યું હતું કે મસ્જિદની બહારની ૦.૧૯૫ એકર જમીન પર બનેલા બાંધકામો ગેરકાયદેસર છે. તેમને હટાવવામાં આવશે.

MCDનું કહેવું છે કે વધારાની જમીન પર માલિકી અથવા કાયદેસર કબજાના દસ્તાવેજો રજૂ કરવામાં આવ્યા નથી. MCDનો આ આદેશ ૧૨ નવેમ્બર ૨૦૨૫ના રોજ હાઈકોર્ટની ડિવિઝન બેન્ચના નિર્દેશોના આધારે જારી કરવામાં આવ્યો હતો.

ડિવિઝન બેન્ચના આદેશમાં તુર્કમાન ગેટ પાસેના રામલીલા ગ્રાઉન્ડમાંથી લગભગ ૩૮,૯૪૦ ચોરસ ફૂટ દબાણ હટાવવાનું કહેવામાં આવ્યું હતું, જેમાં રસ્તા, ફૂટપાથ, ઘર, પાર્કિંગ અને એક ખાનગી ક્લિનિકનો સમાવેશ થાય છે. મસ્જિદ સમિતિનું કહેવું છે કે આ જમીન વક્ફ સંપત્તિ છે. તે આ માટે વક્ફ બોર્ડને લીઝ ભાડું ચૂકવે છે. અમને અતિક્રમણ હટાવવા સામે કોઈ વાંધો નથી. લગ્ન ઘર અને ક્લિનિકનું સંચાલન બંધ કરી દેવામાં આવ્યું છે. મુખ્ય વાંધો કબ્રસ્તાનને લઈને છે.





# બાંગ્લાદેશમાં ટોળાએ પીછો કરતા નહેરમાં કૂદી પડેલા હિન્દુ યુવકનું મોત

### લોકોએ ચોરીનો આરોપ મુકી પકડવાનો પ્રયાસ કરતા ભયભીત હિન્દુ યુવકે પાણીમાં છલાંગ લગાવી

નવી દિલ્હી, તા. ૦૭

બાંગ્લાદેશના નાઓગાંવ જિલ્લામાં નહેરમાં કૂદવાથી ૨૫ વર્ષના હિંદુ યુવકનું મૃત્યુ થયું. આ ઘટના મંગળવારે બપોરની છે. મૃતકની ઓળખ ભંડારપુર ગામના રહેવાસી મિથુન સરકાર તરીકે થઈ છે.

સ્થાનિક પોલીસના જણાવ્યા અનુસાર, કેટલાક લોકોએ હાટ ચકગૌરી બજાર વિસ્તારમાં મિથુન પર ચોરીનો આરોપ લગાવીને તેનો પીછો કર્યો. બચવાની કોશિશમાં તે નજીકની નહેરમાં કૂદી પડ્યો અને ગુમ થઈ ગયો.

બાદમાં સ્થાનિક લોકોએ પોલીસને જાણ કરી. પોલીસ અને ફાયર સર્વિસની ટીમે બચાવ કામગીરી શરૂ કરી. લગભગ ચાર કલાક પછી સાંજે ૪ વાગ્યે ગોતાખોરોની મદદથી મિથુનનો મૃતદેહ નહેરમાંથી બહાર કાઢવામાં આવ્યો. પ્રાથમિક તપાસ બાદ મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે જનરલ હોસ્પિટલમાં મોકલી દેવામાં આવ્યો છે. પોલીસે હજુ સુધી એ પુષ્ટિ કરી નથી કે મૃતક ખરેખર ચોરીમાં સામેલ હતો કે નહી. બાંગ્લાદેશમાં છેલ્લા કેટલાક મહિનામાં હિંદુઓ વિરુદ્ધ હુમલા સતત વધ્યા છે. સોમવારે રાત્રે નરસિંધી જિલ્લામાં એક હિંદુ દુકાનદારની તીક્ષ્ણ હથિયારો વડે હત્યા કરવામાં આવી હતી. મૃતકની ઓળખ ૪૦ વર્ષીય શરત ચક્રવર્તી મણિ તરીકે થઈ છે. છેલ્લા ૧૮ દિવસમાં આ છઠ્ઠા હિંદુ વ્યક્તિની હત્યા છે.

શરત ચક્રવર્તી મણિ પલાશ ઉપજિલ્લાના ચારસિંદૂર બજારમાં પોતાની કરિયાણાની દુકાન ચલાવી રહ્યા હતા. આ દરમિયાન અચાનક આવેલા અજાણ્યા હુમલાખોરોએ તેમના પર તીક્ષ્ણ હથિયારો વડે હુમલો કર્યો અને સ્થળ પરથી ફરાર થઈ ગયા. ગંભીર રીતે ઘાયલ મણિને હોસ્પિટલ લઈ જવામાં આવી રહ્યા હતા, પરંતુ રસ્તામાં જ તેમનું

અનુસંધાન પાના ૭ પર

# વીમા કંપનીઓની અનીતિથી પોલીસીની સંખ્યામાં ઘટાડો

### કેટલીક હોસ્પિટલો પણ પોલીસી ધારક દર્દીઓને દાખલ કરવાથી દૂર ભાગે છે

નવી દિલ્હી, તા. ૦૭

સ્વાસ્થ્ય વિમા સાથે સંકળાયેલ દાવાના પેમેન્ટમાં ગરબડને લઈને ફરિયાદો વધી રહી છે. વીમા કંપનીઓ દ્વારા કરારની શરતો અને નિયમોનો હવાલો આપીને મોટા પ્રમાણમાં દાવાઓ રદ કરવામાં આવી રહ્યા છે.

આ સ્થિતિમાં હોસ્પિટલો પોલિસીધારકોને દાખલ કરવાથી દુર રહે છે, કારણ કે કેશલેસનો દાવો કરનારી વીમા કંપનીઓ સમયસર તબીબી ખર્ચનું પેમેન્ટ નથી કરી રહી આનું સ્વાસ્થ્ય અને સામાન્ય વીમાને લઈને ફરિયાદોમાં ૪૪ ટકાનો વધારો થયો છે, જ્યારે જીવન વીમા ફરિયાદોમાં ઘટાડો થયો છે.

આંકડા બતાવે છે કે ગત નાણાકીય વર્ષમાં સામાન્ય અને સ્વાસ્થ્ય વીમા તરીકે વીમા કંપનીઓએ ૯૪૨૪૮ કરોડ રૂપિયાના ૩.૨૬ કરોડ દાવાઓનું પેમેન્ટ કર્યું છે, પરંતુ કુલ દાવામાંથી ૮ ટકાથી વધુ દાવાઓને ફગાવી દેવામાં આવ્યા છે, જયારે પાંચ ટકા કેસ પ્રક્રિયામાં છે.

ભારતીય વીમા નિયામક અને વિકાસ પ્રાધિકરણ (ઈરડા)ના વાર્ષિક રિપોર્ટમાં બહાર આવ્યું છે કે વીમા કંપનીઓની પ્રીમીયમથી થતી આવક વધી રહી છે. વર્ષ ૨૦૨૩-૨૪માં સામાન્ય અને સ્વાસ્થ્ય વીમાથી ૧,૦૭,૬૮૦-૭૪ કરોડ રૂપિયાની આવક થઈ હતી, જે વર્ષ ૨૦૨૩-૨૪માં વધીને ૧,૧૭,૫૦૪-૮૨ કરોડ રૂપિયા થઈ ગઈ. અહી રસપ્રદ આંકડા દર

અનુસંધાન પાના ૭ પર

# ઓપરેશન સિંદુર રોકવા પાક. અમેરિકાને ૬૦વાર વિનંતી કરી

### ભારતના હુમલાથી પાકિસ્તાન ધ્રુજી ઉઠ્યું હોવાનો અમેરિકી ફર્મનો દાવો

નવી દિલ્હી, તા. ૦૭

અમેરિકાના ફોરેન એજન્ટ્સ રજીસ્ટ્રેશન એક્ટ (FARA) ના દસ્તાવેજો સાર્વજનિક થયા છે. આ મુજબ, ગયા વર્ષે એપ્રિલમાં ભારતે ચલાવેલા ઓપરેશન સિંદૂરથી પાકિસ્તાન ધ્રુજી ઊઠ્યું હતું.

મીડિયા રિપોર્ટ્સ અનુસાર યુદ્ધ રોકવા માટે પાકિસ્તાને અમેરિકામાં પોતાના રાજદ્વારીઓ દ્વારા લોબિંગ કર્યું હતું. આ અંતર્ગત અમેરિકામાં ટોચના વહીવટી અધિકારીઓ, સાંસદો, પેન્ટાગોન અને વિદેશ વિભાગના અધિકારીઓ સાથે લગભગ ૬૦ વખત સંપર્ક કર્યો હતો.

FARA હેઠળ અમેરિકી ન્યાય વિભાગમાં દાખલ કરાયેલા દસ્તાવેજો પરથી જાણવા મળ્યું છે કે પાકિસ્તાની રાજદ્વારીઓએ ઈમેઈલ, ફોન કોલ, વન-ટુ-વન બેઠકો દ્વારા એપ્રિલના અંતથી લઈને ૪ દિવસના ઓપરેશન સિંદૂર પછી પણ યુદ્ધવિરામ માટે બેઠકો ચાલુ રાખી હતી.

પાકિસ્તાન કોઈપણ રીતે ભારત પર અમેરિકાનું દબાણ બનાવીને યુદ્ધ રોકવા માંગતું હતું. તેણે ટ્રમ્પ પ્રશાસન સુધી ઝડપથી પહોંચ બનાવવા, વેપાર અને રાજદ્વારી નિર્ણયોને પ્રભાવિત કરવા માટે ૬ લોબિંગ ફર્મ્સ પર લગભગ ?૪૫ કરોડ ખર્ચ કર્યા હતા.

અમેરિકી લોબિંગ ફર્મ SHW પાર્ટનર્સ LLC એ પણ પોતાના રિપોર્ટમાં કહ્યું છે કે ભારતીય દૂતાવાસે અમેરિકી સરકાર અને તેના અધિકારીઓ સાથે સંપર્ક વધારવા માટે ફર્મની સેવાઓ લીધી હતી.

અમેરિકી લોબિંગ ફર્મ SHW પાર્ટનર્સ LLC અનુસાર, ટ્રમ્પ વહીવટીતંત્ર સાથેના ઘણા મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ભારતીય દૂતાવાસની વાતચીતમાં મદદ કરવામાં આવી હતી. એપ્રિલથી ડિસેમ્બર ૨૦૨૫ દરમિયાન ભારતીય દૂતાવાસ માટે કામ કર્યું.

FARA માં આપેલી માહિતી અનુસાર, ૧૦ મેના રોજ આ ફર્મે ભારતીય દૂતાવાસ વતી વ્હાઈટ હાઉસ ચીફ ઓફ સ્ટાફ સૂસી

અનુસંધાન પાના ૭ પર

# વેનેઝુએલામાં બધુ ટ્રમ્પની મરજી મુજબ જ થશે : મચાડો

### વેનેઝુએલાના નોબેલ શાંતિ એવોર્ડ વિજેતા નેતા ટ્રમ્પને રિઝવવા લાગ્યા

નોર્વે, તા. ૦૭

વેનેઝુએલામાં અમેરિકાના હવાઈ હુમલા અને રાષ્ટ્રપતિ નિકોલસ માદુરોની ધરપકડ બાદ સત્તા પરિવર્તનના સંકેત મળી રહ્યા છે. જેના પગલે હાલમાં વિપક્ષી નેતા અને ૨૦૨૫ ના નોબેલ શાંતિ પુરસ્કાર વિજેતા મારિયા કોરિના મચાડોનું વલણ વધુને વધુ ચર્ચામાં છે. મચાડોએ જણાવ્યું છે કે, સ્વતંત્રતાનો સમય આવી ગયો છે. તેમણે સંકેત આપ્યો કે વર્ષોના દમન બાદ વિપક્ષ સત્તામાં આવી શકે છે.

જોકે, આ અંગે અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સ્પષ્ટ કર્યું છે કે હાલમાં અમેરિકાના સરકાર ચલાવશે. તેમજ હાલમાં મારિયા કોરિના મચાડોને નેતુત્વ સોંપવાનો કોઈ ઈરાદો નથી. મારિયા કોરિના મચાડોએ કહ્યું છે કે બધું ડોનાલ્ડ ટ્રમ્પની મરજી મુજબ થશે. તેમજ તેમણે બીજી એક મહત્વપૂર્ણ જાહેરાત કરી છે. જેમાં તે નોબેલ પુરસ્કાર ટ્રમ્પને સમર્પિત કરવામાં માંગે છે.

તેમણે એક મુલાકાતમાં જણાવ્યું હતું કે તે પોતાનો નોબેલ શાંતિ પુરસ્કાર રાષ્ટ્રપતિ ટ્રમ્પને સમર્પિત કરવાનો ઈરાદો ધરાવે છે. મારિયા

અનુસંધાન પાના ૭ પર

# રાજસ્થાન, મધ્યપ્રદેશ સહિતના આઠ રાજ્યોમાં કાતિલ ઠંડી

## કાશ્મીરમાં ૧૫ દિવસ બરફવર્ષાનું એલર્ટ : ઉત્તરાખંડમાં પાઈપલાઈનમાં પાણી થીજી ગયું

**નવી દિલ્હી, તા. ૦૭**

પહાડો પર હિમવર્ષા અને મેદાની રાજ્યો તરફ ફૂંકાઈ રહેલી ઠંડી હવાઓને કારણે સમગ્ર દેશમાં તાપમાનમાં ઘટાડો થયો છે. રાજસ્થાન, મધ્યપ્રદેશ, ઉત્તર પ્રદેશ, હિમાચલ, ઉત્તરાખંડ, બિહાર, ઝારખંડ, છત્તીસગઢમાં તાપમાન ૫થી નીચે પહોંચી ગયું છે.

આ રાજયોના ઘણા જિલ્લાઓમાં ગાઢ ધુમ્મસ છવાયું છે, જેના કારણે ૮મા ધોરણ સુધીની શાળાઓ બંધ કરી દેવામાં આવી છે. શાળાઓનો સમય પણ બદલાયો છે. યુપીમાં ૨૦ ફ્લાઈટ્સ અને ૧૦૦ ટ્રેનો મોડી ચાલી રહી છે. જયપુરમાં આજે



વિઝિબિલિટી શૂન્ય છે, જેના કારણે ૮ ફ્લાઈટ્સ મોડી ચાલી રહી છે.

મધ્યપ્રદેશના ભોપાલમાં જાન્યુઆરીની ઠંડીનો ૧૦ વર્ષનો રેકોર્ડ તૂટી ગયો છે. અહી મંગળવારે ૩.૮ તાપમાન રહ્યું. બુધવારે છિંદવાડામાં ૨ ડિગ્રી તાપમાન રહ્યું. દમોહ, ગુના, મુરૈનામાં ઝાકળ જામી ગઈ. કાશ્મીરના ઊંચાઈવાળા વિસ્તારોમાં હળવી હિમવર્ષા થવાથી ફરી એકવાર ઠંડી વધી ગઈ છે. આગામી ૧૫ દિવસ ભારે હિમવર્ષાની ચેતવણી જાહેર કરવામાં આવી છે. ઉત્તરાખંડમાં પારો માઈનસ ૯ ડિગ્રીએ પહોંચી ગયો છે, અહી પાઈપલાઈનમાં પાણી જામી ગયું છે.

જયપુર, અજમેર, કોટા, ભરતપુર, દૌસા સહિત ઘણા જિલ્લાઓમાં આજે પણ ગાઢ ધુમ્મસ છે. જયપુરમાં વિઝિબિલિટી શૂન્ય છે. કડકડતી ઠંડીના કારણે રાજસ્થાનના ૨૫ જિલ્લાઓમાં ૮મા ધોરણ સુધીની શાળાઓમાં રજા જાહેર કરવામાં આવી છે. જોધપુરમાં સરકારી અને ખાનગી શાળાઓનો સમય સવારે ૧૦ વાગ્યાથી કરવામાં આવ્યો છે. ૧૦ જાન્યુઆરી સુધી ઠંડીમાંથી રાહત મળવાની શક્યતા નથી.

# બેંક ખાતા ફ્રીજ કરવા મુદ્દે સમાન નિતી બનાવો : સુપ્રિમ

### સાયબર ફ્રોડ અંગે બેંક ખાતા ફ્રીજ કરવાના કેસમાં આવતા અઠવાડીયએ વધુ સુનાવણી

નવી દિલ્હી, તા. ૦૭

સુપ્રીમ કોર્ટે કેન્દ્ર અને રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાને સાયબર ક્રાઈમ તપાસ દરમિયાન બેન્ક એકાઉન્ટ્સને ફ્રીઝ અને ડી-ફ્રીઝ કરવા માટે એક સમાન સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર (એસઓપી) બનાવવા માટે નિર્દેશ આપવાની માંગ કરતી અરજી પર વિચાર કરવા માટે સહમત થઈ હતી. જસ્ટિસ પંકજ મિથલ અને જસ્ટિસ એસવીએન ભટ્ટીની બેન્ચે અરજીની નકલ ત્રણ દિવસની અંદર કેન્દ્રને સુપરત કરવા કહ્યું અને આવતા અઠવાડિયે આ મામલાની સુનાવણી કરાશે.

આ અરજીમાં દેશભરની સાયબર સેલ સહિત બંધારણની કલમ ૧૯(૧)(જી) અને ૨૧ હેઠળ તેમના મૂળભૂત અધિકારોનું ઉલ્લંઘન થાય છે. ભારતીય સંઘ અને રિઝર્વ બેન્કને સાયબર ક્રાઈમ તપાસ દરમિયાન બેન્ક ખાતાઓને ફ્રીઝ અને ડી-ફ્રીઝ કરવા માટે એક સમાન એસઓપી ઘડવાનો નિર્દેશ આપો, જેથી મનસ્વી કાર્યવાહી અટકાવી શકાય અને દેશભરમાં

અનુસંધાન પાના ૭ પર

# કૂતરો કયારે કરડશે તે નક્કી કરવું અશક્ય

## શેરીઓમાં રખડતા કૂતરાઓ સંદર્ભે સુપ્રિમ કોર્ટમાં મહત્વની સુનાવણી

**નવી દિલ્હી, તા. ૦૭**

ડિજિટલ ડેસ્ક, નવી દિલ્હી. સુપ્રીમ કોર્ટ રખડતા કૂતરાઓ પર તેની સુનાવણી ચાલુ રાખી રહી છે. સુનાવણી દરમિયાન, બેન્ચે જણાવ્યું હતું કે કૂતરાના મગજમાં શું ચાલી રહ્યું છે અને તે ક્યારે કરડી શકે છે તેની આગાહી કરવી અશક્ય છે.

ઉલ્લેખનીય છે કે, આ કેસની સુનાવણી ન્યાયાધીશ વિક્રમ નાથ, સંદીપ મહેતા અને એન.વી. અંજારિયા દ્વારા કરવામાં આવી રહી છે. ૭ નવેમ્બરના રોજ, કોર્ટે નિર્દેશ આપ્યો હતો કે રખડતા કૂતરાઓને શાળાઓ, હોસ્પિટલો, રમતગમત સંકુલ, બસ સ્ટેન્ડ અને રેલ્વે સ્ટેશન જેવા સંસ્થાકીય પરિસરમાંથી દૂર કરવામાં આવે અને યોગ્ય નસબંધી અને રસીકરણ પછી આશ્રયસ્થાનોમાં સ્થાનાંતરિત કરવામાં આવે. સુપ્રીમ કોર્ટમાં બુધવારે રખડતા કૂતરાઓ સંબંધિત કેસની સુનવણી ચાલુ છે. જસ્ટિસ વિક્રમ નાથ, જસ્ટિસ મહેતા અને જસ્ટિસ એનવી અંજારિયાની સ્પેશિયલ



બેન્ચે કહ્યું, 'આજે અમે બધાની વાત સાંભળીશું. પીડિતોની, નફરત કરનારાઓની, પ્રેમ કરનારાઓની.' કપિલ સિબ્બલે કહ્યું, જ્યારે પણ હું મંદિરો વગેરેમાં ગયો છું, મને ક્યારેય કોઈ કરડ્યું નથી. કોર્ટે જવાબ આપ્યો- તમે નસીબદાર છો. લોકોને કરડવામાં આવી રહ્યા છે, બાળકોને કરડવામાં આવી રહ્યા છે. લોકો મરી રહ્યા છે. આ મામલો ૨૮ જુલાઈ ૨૦૨૫ના રોજ સુપ્રીમ કોર્ટની કાર્યવાહીથી શરૂ થયો હતો, જ્યારે દિલ્હીમાં રખડતા કૂતરાઓના કરડવાથી થતા રેબીઝ રોગ પર એક મીડિયા રિપોર્ટ પ્રકાશિત કરવામાં આવ્યો હતો. આ મામલામાં અત્યાર સુધી ૫ વખત સુનવણી થઈ ચૂકી છે.

૬ જાન્યુઆરીએ રખડતા કૂતરાઓના મામલામાં બે વકીલોએ વધુ એક અરજી દાખલ કરી. આના પર જસ્ટિસ વિક્રમ નાથ અને જસ્ટિસ સંદીપ મહેતાની બેન્ચે કહ્યું કે માણસોના કેસોમાં પણ આટલી અરજીઓ આવતી નથી. બુધવારે ઘણી અરજીઓ પર સુનવણી થવાની છે. ત્યારે બધાની વાત સાંભળવામાં આવશે.

સોલિસિટર જનરલ તુષાર મહેતાઃ ક્લોઝ કમ્યુનિટીમાં હું મારા ઘરમાં કૂતરો રાખવા માંગુ છું કે નહી, તે મારી ઈચ્છા હોવી જોઈએ. શું કૂતરા મારી ગેટ્ડ કમ્યુનિટી (ક્લોઝ કેમ્પસ)માં ફરતા રહેવા જોઈએ, તે આપણે જ નક્કી કરવું

અનુસંધાન પાના ૭ પર

# વેનેઝુએલા મુદ્દે વાતચીતથી ઉકેલ લાવવો જોઇએ : ભારત

### વેનેઝુએલાની પરિસ્થિતિ પર ચિંતા વ્યક્ત કરતા વિદેશમંત્રી જયશંકાર

નવી દિલ્હી, તા. ૦૭

ભારતીય વિદેશ મંત્રી જયશંકરે વેનેઝુએલાની સ્થિતિ પર ચિંતા વ્યક્ત કરી છે. તેમણે કહ્યું કે વેનેઝુએલા સાથે ભારતના સારા સંબંધો રહ્યા છે. આ સમયે તમામ પક્ષોએ એવો ઉકેલ શોધવો જોઈએ જે ત્યાંના લોકોના હિતમાં હોય.

ભારતે સાથે જ ક્ષેત્રમાં શાંતિ અને સ્થિરતા જાળવી રાખવા માટે તમામ સંબંધિત પક્ષોને સંવાદ અને શાંતિપૂર્ણ સમાધાન અપનાવવાની પણ અપીલ કરી છે.

અમેરિકાએ ૨ જાન્યુઆરીની રાત્રે વેનેઝુએલા પર હુમલો કરીને રાષ્ટ્રપતિ નિકોલસ માદુરોને પત્ની સહિત ધરપકડ કરી હતી. તેમને ન્યૂયોર્કની જેલમાં રાખવામાં આવ્યા છે.

આ પહેલા સોમવારે વિદેશ મંત્રાલય (MEA) એ પણ નિવેદન જારી કરીને કહ્યું હતું કે વેનેઝુએલામાં તાજેતરની ઘટનાઓ ગંભીર ચિંતાનો વિષય છે અને ભારત સરકાર પરિસ્થિતિ પર સતત નજર રાખી રહી છે.

વિદેશ મંત્રાલયે કહ્યું કે ભારત વેનેઝુએલાની જનતાની સુરક્ષા અને ભલાઈના સમર્થનમાં ઊભું છે. તમામ પક્ષોને શાંતિપૂર્ણ સંવાદ દ્વારા સમસ્યા ઉકેલવા અને ક્ષેત્રમાં શાંતિ અને સ્થિરતા જાળવી રાખવા અપીલ કરવામાં આવી છે.

સાથે જ જણાવવામાં આવ્યું કે કારાકાસમાં ભારતીય દૂતાવાસ ત્યાં રહેતા ભારતીય નાગરિકોના સંપર્કમાં છે અને શક્ય તમામ મદદ પૂરી પાડવામાં આવી રહી છે.

આ ઉપરાંત ભારત સરકારે એક એડવાઈઝરી જારી કરીને ભારતીય નાગરિકોને વેનેઝુએલાની બિન-જરૂરી મુસાફરી ટાળવા જણાવ્યું હતું. જયારે, વેનેઝુએલામાં રહેતા ભારતીયોને અત્યંત સાવચેત રહેવા અને તેમની અવરજવર મર્યાદિત રાખવાની સલાહ આપવામાં આવી હતી.

વેનેઝુએલા પર અમેરિકી

અનુસંધાન પાના ૭ પર

# સરસાણા ખાતે અદ્યતન ટેક્સ્ટાઇલ મશીનરીઓનું સૌથી વિશાળ પ્રદર્શન

## એક્સ્પો'સીટમે-૨૦૨૬' તા. ૯થી ૧૨ જાન્યુઆરી દરમ્યાન યોજાશે




સુરત, તા.૭

સુરત. ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને સુરત એમ્બ્રોઇડરી એસોસિએશનના સંયુકત ઉપક્રમે તા. ૯, ૧૦, ૧૧ અને ૧૨ જાન્યુઆરી, ૨૦૨૬ દરમિયાન સવારે ૧૦:૦૦થી સાંજે ૭:૦૦ કલાક દરમ્યાન સરસાણા સ્થિત સુરત ઈન્ટરનેશનલ એક્ઝીબીશન એન્ડ કન્વેન્શન સેન્ટર ખાતે 'સુરત ઈન્ટરનેશનલ ટેક્ષ્ટાઇલ એન્ડ મશીનરી એક્ષ્પો – સીટમે ૨૦૨૬'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, સુરત એ ટેક્ષ્ટાઇલ અને ડાયમંડ ઈન્ડસ્ટ્રીના એમએસએમઇ હબ તરીકે ઓળખાય છે ત્યારે આગામી દિવસોમાં ટેક્ષ્ટાઇલમાં વેલ્યુ એડીશન કરવા હેતુસર તેમજ સુરતની ટેક્ષ્ટાઇલ વેલ્યુ ચેઇનને મજબુત કરવા માટે ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા સઘન પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. વળી, ટેક્ષ્ટાઇલમાં એમ્બ્રોઇડરી અને વેલ્યુ એડીશન દ્વારા ઉત્પન્ન થતું ટેક્ષ્ટાઇલ ફેબ્રિક વિદેશના માર્કેટમાં એક બ્રાન્ડ તરીકે ઓળખ પામે એ મુખ્ય ઉદ્દેશ્ય આ એક્ઝીબીશનનો છે.

એમ્બ્રોઇડરી અને ડિજીટલ પ્રિન્ટીંગ મશીનરી થકી સુરતમાં રિયલ ફેબ્રિકની ઓળખ થશે. એમ્બ્રોઇડરી મશીન દ્વારા સુરતના ફેબ્રિકને વેલ્યુ એડીશન કરી સારુ માર્જીન પ્રાપ્ત થાય એ દિશામાં પ્રયત્ન કરવામાં આવશે. માત્ર મેન્યુફેકચરર્સ જ નહી પણ ટ્રેડર્સને પણ તેનો લાભ થાય તે દિશામાં ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા પ્રયાસ કરવામાં આવી રહયો છે.

સુરત એમ્બ્રોઇડરી એસોસિએશનના પ્રમુખ શ્રી મનોહર ટેકચંદાની અને જોઇન્ટ સેક્રેટરી શ્રી સંજય ઝાએ જણાવ્યું હતું કે, દરેક ઈન્ડસ્ટ્રીના વિવિધ પ્રશ્નોના નિરાકરણ માટે સ્થાનિક, રાજ્ય તેમજ કેન્દ્ર સરકારમાં વિવિધ સ્તરે અસરકારક રજૂઆતો કરતી ચેમ્બર ઓફ કોમર્સ એ ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રીના ડેવલપમેન્ટ માટે પ્રયાસ કરે છે. આથી ચેમ્બર ઓફ કોમર્સની સાથે મળીને આ એકઝીબીશનનું આયોજન કરીએ છીએ. અગાઉ જાન્યુઆરી– ૨૦૨૪, માર્ચ– ૨૦૨૩ અને જાન્યુઆરી– ૨૦૨૦માં

અનુસંધાન પાના ૭ પર

### જરદોશી હેન્ડવર્ક, એમ્બ્રોઇડરી મશીન પર શક્ય

સીટમે એક્ઝીબીશનમાં સિંગલ હેડ એમ્બ્રોઇડરી મશીન પર માયા જરદોશી ડિવાઇસ સાથે લાઇવ ડેમો રજૂ કરવામાં આવશે. આ ડેમો ભારતભરમાં પ્રથમ વખત સીટમે એક્ઝીબીશનમાં રજૂ કરાશે. આ ટેકનોલોજી દ્વારા હવે પરંપરાગત જરદોશી હેન્ડવર્ક, એમ્બ્રોઇડરી મશીન પર શક?ય બનશે. ખાસ વાત એ છે કે, આ ડિવાઇસ ડિઝાઇનની જરૂરિયાત મુજબ ૪ મીમીથી ૧૧ મીમી સુધી જરદોશીનું ઓટો કટિંગ કરે છે, જે સંપૂર્ણપણે ઓટોમેટીક છે. આ નવીન ટેકનોલોજી ભારતભરમાં કોઇ જ સ્થળે નથી, જે સુરતમાં પ્રથમ વખત સીટમે એક્ઝીબીશનમાં બાયર્સને જોવા મળશે.

# ઇન્ડોર સ્ટેડિયમમાં રાજ્ય કક્ષાની બે દિવસીય ટેકવેન્ડો સ્પર્ધા

### ગુજરાતભરના ૬૦૦ ખેલાડીઓ પોતાની પ્રતિભા બતાવશે

સુરત, તા.૭

સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા 'ખેલ મહાકુંભ-૨૦૨૫' અંતર્ગત રાજ્ય કક્ષાની ટેકવેન્ડો સ્પર્ધાનો ઈન્ડોર સ્ટેડિયમ ખાતે ભવ્ય પ્રારંભ થયો હતો. બે દિવસ સુધી ચાલનારી આ રોમાંચક સ્પર્ધામાં સમગ્ર ગુજરાતમાંથી જિલ્લા કક્ષાએ વિજેતા થયેલા ૬૦૦થી વધુ ખેલાડીઓ ભાગ લઈ રહ્યા છે. સુરતના સીનીયર કોચ કનુભાઈએ વિગતો આપતા જણાવ્યું હતું કે આ સ્પર્ધામાં અંડર-૧૪, અંડર-૧૭ અને ઓપન એજ કેટેગરી એમ કુલ ત્રણ વયજૂથમાં ખેલાડીઓ ભાગ લીધો છે. સ્પર્ધકો માટે ૧૫ જેટલી અલગ-અલગ વજન શ્રેણીઓ (Weight Categroies) રાખવામાં આવી છે, જેમાં રાજ્યભરમાંથી આવેલા કુશળ ખેલાડીઓ મેડલ જીતવા માટે એક બીજા વચ્ચે તંદુરસ્ત સ્પર્ધા જામી છે. તા.૬ અને તા.૭ જાન્યુઆરી એમ કુલ બે દિવસીય સ્પર્ધામાં વિજેતાઓને આજે સાંજના સમયે કલોઝિંગ સેરેમનીમાં મેડલ અને સર્ટીફીકેટ આપી તેમજ ડીબીટીના માધ્યમથી ઈનામની રકમ સ્પોર્ટ્સ ઓથોરીટી દ્વારા જમા કરાવવામાં આવશે.



# નેશનલ રોડ સેફ્ટી મંથ અંતર્ગત વિનામૂલ્યે સેફ્ટી બેલ્ટનું વિતરણ

### ડિસ્ટ્રીક્ટ ટ્રાફીક એજ્યુકેશન વેલફેર સોસાયટી દ્વારા કાર્યક્રમ યોજાયો

સુરત, તા.૭

નેશનલ રોડ સેફ્ટી મંથ અંતર્ગત તથા સલામત ઉત્તરાયણના સંદેશ સાથે, ડિસ્ટ્રિક્ટ ટ્રાફિક એજ્યુકેશન એન્ડ વેલ્ફેર સોસાયટી, સુરત દ્વારા આયોજિત "વિનામૂલ્ય સેફ્ટી બેલ્ટ (નેક પ્રોટેકટર) વિતરણ કાર્યક્રમ"નો આજે ચોપાટી ટ્રાફિક સર્કલ ખાતે ભવ્ય શુભારંભ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમનું ઉદ્ઘાટન મદદનીશ પોલીસ કમિશનર શ્રી એમ.એસ. શેખ સાહેબ ના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. દર વર્ષની જેમ આ વર્ષે પણ ૬ જાન્યુઆરી થી ૧૪ જાન્યુઆરી ૨૦૨૬ દરમ્યાન ઉત્તરાયણ પર્વ દરમિયાન પતંગના દોરાથી વાહન ચાલકોને થતી ઈજાઓ તથા અકસ્માતો અટકાવવા અને અમૂલ્ય માનવજીવનની સુરક્ષા માટે આ અભિયાનનું આયોજન કરવામાં આવ્યું છે. ડિસ્ટ્રિક્ટ ટ્રાફિક એજ્યુકેશન એન્ડ વેલ્ફેર સોસાયટીના પ્રમુખ શ્રી બ્રિજેશ વર્મા એ જણાવ્યું હતું કે, આ અભિયાન અંતર્ગત સુરત શહેરના વિવિધ વિસ્તારો જેમ કે અઠવાલાઇન્સ, વી.આર.મોલ, વાય જંકશન, પર્વત પાટિયા, ડીડોલી, ઉધના, સચિન, ભેસ્તાન, પાંડેસરા, લિંબાયત, અડાજણ, કતારગામ, વરાછા, અમરોલી, તેમજ સુરત શહેરના તમામ ફ્લાયઓવર બ્રિજના ચઢાણ અને ઉતરાણ વિસ્તારમાં આવેલા મુખ્ય ટ્રાફિક જંકશનો પર ૧,૦૦,૦૦૦થી વધુ સેફ્ટી બેલ્ટનું વિતરણ વિનામૂલ્યે કરવામાં આવશે. આ કાર્યક્રમમાં સ્થાનિક પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી ગોસ્વામી સાહેબ પણ ઉપસ્થિત રહ્યા હતા. આજના કાર્યક્રમમાં ડિસ્ટ્રિક્ટ ટ્રાફિક એજ્યુકેશન એન્ડ વેલ્ફેર સોસાયટીના ડૉ. આર્યનકુમાર વર્મા, શ્રી કુણાલ રાજગોર, શ્રી અર્પિત ભંડારી, શ્રી અક્ષય વાળા,

અનુસંધાન પાના ૭ પર

# દેશભરમાં લાખો લોકોએ ક્વોડરેન્ટીડસ ઉલ્કાવર્ષાનો અદભુત નજારો નિહાળ્યો



### રાજકોટ સહિત સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાતમાં ઉલ્કાવર્ષા

અમદાવાદ, તા.૭

વર્ષ ૨૦૨૬ ના સ્વાગતમાં દુનિયાભરનાં ખગોળપ્રેમીઓએ અવકાશમાં કવોડરેન્ટીડસ ઉલ્કાવર્ષાનો અદ્ભૂત નજારો નિહાળી ઝૂમી ઉઠયા હતાં. ઉલ્કાવર્ષા નિહાળી લોકો રોમાંચિત થઈ ગયા હતાં. પ્રારંભમાં કલાકની ૮ થી ૧૫ ઉલ્કાવર્ષા પછી તા.૨, ૩ અને ૪ એ મધ્યરાત્રિએ કલાકની ૧૫ થી ૧૦૦ ઉલ્કાવર્ષા સ્પષ્ટ જોઈ શકાઈ હતી. રાજયમાં ભારત જન વિજ્ઞાન જાથાની અપીલનો નજારો પ્રતિસાદ મળતાં દેશભરમાં લાખો લોકોએ અને રાજયમાં વીસ લાખ વિજ્ઞાનપ્રેમીઓ, જિજ્ઞાસુઓએ અવકાશી ઉલ્કાવર્ષાનો અદ્ભૂત નજારો વાદળાના અવરોધો વચ્ચે નિહાળ્યો હતો.

જાથાના રાજય ચેરમેન-એડવોકેટ જયંત પંડયા જણાવે છે કે અવકાશમાં તા. ૨ અને ૩ જાન્યુઆરી મધ્યરાત્રિથી પરોઢ સુધીમાં ક્રમિક ઉલ્કાવર્ષા પડી હતી. શરૂઆતમાં આંકડો નહિંવત હતો, પરંતુ તા.૨, ૩ અને ૪ જાન્યુઆરી સુધી રાત્રિથી પરોઢની વચ્ચે કલાકની ૧૫ થી ૧૦૦ ઉલ્કા વર્ષા સ્પષ્ટ નિહાળી શકાઈ હતી. જાથાનું રાજય કક્ષાનું આયોજન રાજકોટ જિલ્લાના પડધરી તાલુકાના મેટોડા ગામે તથા વિજ્ઞાન જાથાની શાખાઓ દ્વારા જાહેર જગ્યાએ યોજવામાં આવ્યું હતું. જેમાં બ્રહ્માંડની ઉત્પત્તિ, સૂર્ય તેની પરિક્રમા કરતાં ગ્રહો, ધૂમકેતુ, ઉલ્કા વિશેની રસપ્રદ માહિતી આપવામાં આવી હતી. ખગોળ પ્રેમીઓએ ખુલ્લા આકાશમાં ઉલ્કા વર્ષ મધ્યરાત્રિ બાદ કલાકની ૧૦૦ જેટલી ઉલ્કા પડતી નજરે જોઈ, બાદ તા. ૧ થી તા. ૩ ની વહેલી પરોઢ સુધી મહત્તમ ઉલ્કા વર્ષા પડતી નિહાળી ખગોળપ્રેમીઓએ અવકાશી ઘટનાનો આનંદ લૂંટયો હતો. ગામના સરપંચ રમેશભાઈ વિરડીયા, સતીષભાઈ વસોયા, પ્રોગ્રામ ઓફિસર ડૉ. પી. એમ. સખીયા અને પ્રિન્સીપાલ પ્રો. એમ. એલ. બાલધાએ હાજરી આપી

અનુસંધાન પાના ૭ પર



# સંત બજરંગદાસ બાપાની પુણ્યતિથિ નિમિત્તે ભંડારો

સુરત, તા.૭

પરમ પૂજ્ય સંત શ્રી બજરંગદાસ બાપા ની ૪૯ મી પુણ્યતિથિ ઉજવણી ના ભાગરુપે બાપા સીતારામ મિત્ર મંડળ શાંતિનગર કોસાડ દ્વારા બાપા સીતારામ મંદિર ખાતે સવારે ૮ કલાકે ભજન નો કાર્યક્રમ બપોરે ૩ કલાકે પાલખીયાત્રા સાજે ૧૫૦૦ થી ૨૦૦૦ ભક્તો નો ભંડારા નું આયોજન કરવા માં આવ્યુ હતું કાર્યક્રમ ને સફલ બનાવવા જીતેન્દ્ર જે પિત્રોડા હરદેવ ભાઈ સિંઘવ ડાયાભાઈ વિરાટ અતુલભાઈ માયાવંશી મોહનભાઈ વણજારા જગમાલભાઈ એરડા તેમજ ઓમ શાંતિ નગર સોસાયટી ના રહીશો ભક્તજનો મોટી સંખ્યા માં ઉપસ્થિત રહી બાપા સીતારામ ની જયકાર કરી હતી

# ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા 'જીવન ગણિત મહોત્સવ'

### એક અનોખી વિચારશ્રેણી અંતર્ગત 'કર્મનું ગણિત' વિષય પર કાર્યક્રમ યોજાયો



સુરત, તા.૭

સુરત ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા 'જીવન ગણિત મહોત્સવ' એક અનોખી વિચારશ્રેણી અંતર્ગત સોમવાર, તા. ૫ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ સાંજે ૫:૦૦ કલાકે સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે 'કર્મનું ગણિત' વિષય પર કાર્યક્રમ યોજાયો હતો, જેમાં હ્યુમરિસ્ટ, લેખક, કવિ, કલાકાર, ફિલોસોફર અને દાતા પદ્મશ્રી ડો. જગદીશ ત્રિવેદીએ જીવનના વિવિધ પાસાઓને ગણિતની દ્રષ્ટિએ વિસ્તૃતપણે સમજાવ્યો હતો.

ડો. જગદિશ ત્રિવેદીએ જણાવ્યું હતું કે, વ્યવસાયમાં મગજને પ્રાધાન્ય આપીને જીવો એટલે ભાગીદારને છેતરી શકો પણ હૃદયને પ્રાધાન્ય આપીને જીવો તો તમે જિંદગીમાં ખોટું નહી કરી શકો. તેમણે કહયું કે, જ્યારે મગજ બંધ થાય ત્યારે જ તમે હૃદયથી વિચારી શકો છો અને નિર્ણય લઇ શકો છો. જેણે મગજ વાપર્યા તેણે ભૌતિક લાભ થયા હશે પણ આધ્યાત્મિક રીતે મોટી ખોટ ખાદી હશે.

તેમણે જણાવ્યું હતું કે, અત્યારે સૌને બોલવું છે. કોઇનું પદ બોલે છે તો કોઇને પૈસો બોલે છે. કોઇની પ્રસિદ્ધિ બોલે છે તો કોઇનો મસલ પાવર બોલે છે, પરંતુ જીવનના અંતે તો કેવળને કેવળ વ્યકિતના કર્મ જ બોલે છે. વ્યકિત જેવા કર્મ કરે એવું તેને ફળ મળે છે. કુદરતના નિયમ ઉપર એટલે કે કર્મના સિદ્ધાંત ઉપર કયારેય શંકા કરવી જોઇએ નહીં. જો સજા મળે તો સમજવું કે જીવનમાં કોઇ ગુનો જરૂર કર્યો હશે. ડો. ત્રિવેદીએ વધુમાં કહયું કે, સ્વર્ગમાં

અનુસંધાન પાના ૭ પર



# સ્વ. જયકિશનજીની યાદમાં સૂર-સંગીત કાર્યક્રમ યોજયો

સુરત, તા.૭

મશહૂર સંગીતકાર સ્વ. જયકિશનજી (શ્રી જયકિશન ડાહ્યાભાઇ પંચાલ) ની યાદમાં વાંસદા ખાતે મ્યૂઝિક પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઓલપાડ તાલુકાની વડોલી પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતાં એવાં ઉભરતાં ગાયક કલાકાર ભરત સોલંકી સહિત તેમની સમગ્ર ટીમે કર્ણપ્રિય સૂર-સંગીતનો કાર્યક્રમ રજૂ કર્યો હતો. વાંસદાનાં જયકિશન ફાઉન્ડેશન દ્વારા યોજવામાં આવેલ આ કાર્યક્રમ દક્ષિણ ગુજરાતનાં સંગીતજ્ઞો ઉપરાંત વાંસદા ટાઉનનાં સંગીતપ્રેમીઓએ ઉપસ્થિત રહીને સ્વ. જયકિશનજીની પ્રતિમા સમક્ષ પુષ્પગુચ્છ અર્પણ કરી શ્રદ્ધાંજલિ પાઠવી હતી. અનાડી, પ્રોફેસર, બ્રહ્મચારી, મેરા નામ જોકર જેવી ૧૭૪ જેટલી સુપરહીટ ફિલ્મોમાં શંકર-જયકિશન નામ હેઠળ સંગીત નિર્દેશન કરનાર પદ્મશ્રી એવોર્ડ દ્વારા સન્માનિત જયકિશનજીને શ્રદ્ધાંજલિ પાઠવવાનાં આ કાર્યક્રમને આયોજક એવાં વાંસદાનાં સંગીતપ્રેમી મિનેષભાઈ પટેલે યાદગાર બનાવ્યો હતો.

# શૈક્ષણીક સંકુલો પાસે તમાકુ પ્રોડક્ટ વેચનાર ૧૫૩ દંડાયા

સુરત, તા.૭

આરોગ્ય અધિકારીશ્રી, ટોબેકો કંટ્રોલ સેલ, સુરત મહાનગરપાલિકાનાં સીધા માર્ગદશન હેઠળતમાકુ નિયંત્રણ અધિનિયમ–૨૦૦૩ની કલમ–૪મુજબ જાહેર સ્થળે ધ્રુમપાન કરવા પર પ્રતિબંધ,કલમ–૬(અ અને બ) મુજબ સગીર વયની વ્યક્તિને તેમજ શૈક્ષણિક સંસ્થાઓની ૧૦૦ મી.ના વિસ્તારમાં પ્રતિબંધિત તમાકુ કે તમાકુની બનાવટોના વેચાણકરવા પર પ્રતિબંધનો ભંગ કરનાર ઈસમો સામે અસરકારક અને સખ્ત અમલીકરણ તથા તમાકુ વિરોધી લોક જાગ્રુતિથાય તે માટે તમામ ઝોનમાં શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવેલ છે. જે અંતર્ગતતા.૦૩/૧૦/૨૦૨૫નાં રોજ રાંદેર ઝોનમાંકુલ ઈસમો ૧૮પાસેકુલરુપિયા૩૬૦૦, સેન્ટ્રલ ઝોનમાંકુલ ઈસમો ૧૯પાસે કુલરુપિયા૩૮૦૦, કતારગામ ઝોનમાં કુલ ઈસમો૨૦પાસે કુલ રુપિયા ૪૦૦૦ વરાછા–એ

અનુસંધાન પાના ૭ પર



# ગાંધી સ્મૃતિ ભવન નિર્માણ કામગીરી ૫૮ ટકા પૂર્ણ થઈ

### નિર્માણ કામગીરીનું નિરીક્ષણ કરતા મ્યુનિ. કમિશનર શાલિની અગ્રવાલ

સુરત, તા.૭

ગત રોજ માન. કમિશનર શ્રીમતી શાલિની અગ્રવાલએ ગાંધી સ્મૃતિ ભવન ઓડિટોરિયમની ચાલી રહેલી કામગીરીનું નિરિક્ષણ કર્યું હતુ. ગાંધી સ્મૃતિ ભવનની કામગીરીની ફિઝિકલ પ્રોગ્રેસ ૫૮% પૂર્ણ થયેલ છે અને ફાઈનાન્સિયલ પ્રોગ્રેસ ૪૪% પૂર્ણ થયેલ છે. મલ્ટી લેવલ પાર્કિંગની કામગીરી (આર.સી.સી., ચણતર,પ્લાસ્ટર તથા એકસપોઝડ બ્રિક વર્ક), ઓડિટોરિયમ આર.સી.સી. વર્ક,ચણતર અને પ્લાસ્ટર, ગ્રીન રૂમ અને રિહર્સલ રૂમમાં ફલોરિંગની કામગીરી કરવામાં આવેલ છે. ઓડિટોરિયમના રૂફની તેમજ તેના ફેબ્રિકેશનની કામગીરી,ટોયલેટ બ્લોકસમાં વોટરપ્રૂફિંગ તેમજ ટાઈલ ફિટીંગની કામગીરી,એકસપોઝડ બ્રિક વર્કની (ફસાડની)કામગીરી પ્રગતિ હેઠળ છે. આગામી નિયત સમયમર્યાદા સુધીમાં સંપૂર્ણ ઈલેકિટ્રફિકેશન, એચ.વી.એ.સી. વર્ક, ફાયરફાઈટિંગ વર્ક, એકોસ્ટિકલ તથા ઈન્ટિરિયર વર્ક,ઓડિયો એન્ડ સાઉન્ડ સિસ્ટમ,સ્ટેજ લાઈટીંગ સિસ્ટમ તથા વુડન સ્ટેજની કામગીરી સમાંતરે હાથ ધરવા માટે તથા ગુણવત્તાયુકત કામગીરી થાય તેમજ એર કવોલિટી ઈન્ડેક્ષ જળવાય તે માટે સૂચનાઓ આપવામાં આવી હતી.

## કતારગામથી મુસ્કાન મંડલ ગુમ

સુરત, તા.૭

અઠવાલાઈન્સ પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર, તા.૦૫/૦૯/૨૦૨૫ ના રોજ પ્લોટ નં.૯/૧૦, રૂમ નં.૧૦૫, સમર્પણ એપાર્ટમેંટ, વિજયનગર-૨, કતારગામ (મૂળ રહે. ગામ-ઉઘરા, પટૌર, જિ-દરભંગા, બિહાર) ખાતે રહેતા વિજય મંડલના ૨૪ વર્ષીય પુત્રી મુસ્કાન મંડલ ગુમ થયા છે. તેઓ શરીરે પાતળા બાંધાના, રંગે ઘઉવર્ણ અને ઊંચાઈ ૫.૦ ફૂટ છે. તેમણે કાળી અને ગુલાબી ટી-શર્ટ અને વાદળી જીન્સ પેન્ટ પહેર્યા છે. કોઈને ભાળ મળે તો તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા અઠવાલાઈન્સ પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

## લાલગેટથી રામનરેશ ગુપ્તા ગુમ

સુરત, તા.૭

ચોકબજાર પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર, તા.૨૫/૦૯/૨૦૨૫ ના રોજ ઘર નં.૧૦૧, દશામાં એપાર્ટમેંટ, નગોરીવાડ, રામપુરા, લાલગેટ ખાતે રહતા ૪૦ વર્ષીય રામનરેશ ગુપ્તા ગુમ થયા છે. તેઓ શરીરે મધ્યમ બાંધાના, રંગે ઘઉવર્ણ અને ઊંચાઈ ૫.૫ ફૂટ છે. તેમણે લાલ શર્ટ અને બ્લેક પેન્ટ પહેર્યા છે. કોઈને ભાળ મળે તો તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા ચોકબજાર પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

## બારડોલીથી સુરેખાબેન હળપતિ ગુમ

સુરત, તા.૭

બારડોલી પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર, તા.૨૦/૦૯/૨૦૨૫ ના રોજ વાંકાનેર, બાવળી ફળિયું, બારડોલી ખાતે રહતા ૩૦ વર્ષીય સુરેખાબેન હરિશભાઈ હળપતિ ગુમ થયા છે. તેઓ શરીરે મધ્યમ બાંધાના, રંગે ઘઉવર્ણ અને ઊંચાઈ ૫.૦ ફૂટ છે. કોઈને ભાળ મળે તો તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા બારડોલી પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

## ઓલપાડથી જુલી ગિરી ગુમ

સુરત, તા.૭

કીમ પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર, તા.૧૩/૦૭/૨૦૨૫ ના રોજ સમૂહ વસાહત, ઓલપાડ (મૂળ રહે. ગામ-કરહરા, જિ-પટના, બિહાર) ખાતે રહેતા વિજયકુમાર ગિરીના ૧૯ વર્ષીય પુત્રી જુલી ગિરી ગુમ થયા છે. તેઓ શરીરે મધ્યમ બાંધાના, રંગે ગૌરવર્ણ અને ઊંચાઈ ૫.૦ ફૂટ છે. તેમણે બ્લૂ શર્ટ અને બ્લેક પેન્ટ પહેર્યા છે. કોઈને ભાળ મળે તો તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા કીમ પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

## કીમથી મંતશા સાલમા ગુમ

સુરત, તા.૭

કીમ પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર, તા.૨૫/૦૮/૨૦૨૫ ના રોજ કણુંગાં સ્ટ્રીટ, કીમ (મૂળ રહે. ગામ-મ્યાઉ, થાના-અલ્હાપુર, જિ-બદાયુ, ઉ.પી) ખાતે રહેતા છોટેલાલ સલમાનીના પુત્રી ૧૫ વર્ષીય પુત્રી મંતશા સલમની ગુમ થયા છે. તેઓ શરીરે મધ્યમ બાંધાના, રંગે ગૌરવર્ણ અને ઊંચાઈ ૪.૮ ફૂટ છે. તેમણે પીળું ડ્રેસ પહેર્યો છે. કોઈને ભાળ મળે તો તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા કીમ પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

# સચીન વિસ્તારમાં એક સાથે ૧૪ નિઃશુલ્ક યોગ અભ્યાસ વર્ગોનો શુભારંભ

### ડો.પારૂલ પટેલના અધ્યક્ષસ્થાને ઝૂમ એપ પર ઈ-કાર્યક્રમ યોજાયો

સુરત, તા.૭

ગુજરાત યોગ બોર્ડ-ગાંધીનગરના માર્ગદર્શન હેઠળ રાજયભરમાં અંદાજિત પાંચ હજારથી વધુ સંખ્યામાં યોગ અભ્યાસ વર્ગો નિયમિત રીતે ચાલી રહ્યા છે. આ વ્યાપક યોગ આંદોલનમાં રોટરી કોમ્યુનિટી કોર્પ્સ (RCC) સચીન દ્વારા પણ વર્ષોથી નાના પાયે ચાલતા યોગ વર્ગોને વિસ્તૃત કરવાનો સંકલ્પ કરવામાં આવ્યો હતો. જેના અનુસંધાને ગુજરાત યોગ બોર્ડના ઝોન કોઓર્ડિનેટર ડૉ.પારૂલ પટેલ અને કોચ સુરેશ ચવ્હાણના સફળ પ્રયાસોથી સચીનના વિસ્તારમાં કુલ ૧૪ યોગ અભ્યાસ વર્ગો સફળતાપૂર્વક શરૂ કરાયા છે. આ પ્રસંગે ડો.પારૂલ પટેલે જણાવ્યું કે, ગુજરાત યોગ બોર્ડ પાસે અંદાજિત દોઢ લાખથી વધુ પ્રમાણિત યોગ ટ્રેનર્સ ઉપલબ્ધ છે. સચીન કે સુરતમાં જ્યાં પણ જનહિતમાં નિઃશુલ્ક યોગ વર્ગ શરૂ કરવા હોય ત્યાં ઓછામાં ઓછી ૧૫થી વધુ લોકોની સંખ્યા હોય તો

અનુસંધાન પાના ૭ પર



# ન્યુમોનિયા એટલે શું?



છેલ્લાં ત્રણેક અઠવાડિયાથી આપણે વિભિન્ન પ્રકારના તાવ વિશે જાણકારી મેળવીએ છીએ. એનાં કારણ અને મારણ વિશે પણ માહિતી મેળવીએ છીએ. આ વખતે આપણે ન્યુમોનિયા વિશે જાણીશુંપ આયુર્વેદમાં ન્યુમોનિયાના તાવને 'શ્વસનક જ્વર' કહે છે. વ્યક્તિની અંદર દૂષિત હવાના કારણે ન્યુમોનિયા બેકટેરિયા, વાઈરસ કે ફંગસ પ્રવેશી જવાથી એક અથવા બન્ને ફેફસાંમાં પસ ભરાય છે, અને સોજો (Inflamation) આવે છે, તેને ન્યુમોનિયા કહેવાય છે.

ન્યુમોનિયાનાં લક્ષણ

એકાએક વધતો ઠંડી સાથેનો તાવ આવે ને શરદી-કફ થાય. બન્ને પડખાં, પીઠ અને છાતીમાં દુઃખાવો થાય. ગળફાં સાથે ખાંસી આવવી અને ગળફાંનો રંગ લીલો, સફેદ અથવા પીળો આવવો. શ્વાસ લેવામાં તકલીફ પડે, કફથી છાતી ભરાઈ જાય અને બેચેની વર્તાય. કબજિયાત રહે અને રાત્રે ઊંઘ ન આવે. કોઈક વાર જીભ આવી જવી, સફેદ થઈ જવી અને ગળાના કાકડા ફૂલી જવા. બે-ચાર દિવસ પછી તાવની પીડા ઓછી થાય, પરંતુ ઉધરસનું જોર વધે અને કફ છૂટે. ન્યુમોનિયા થવાનાં કારણ ફેફસાં દ્વારા શરીરમાં દૂષિત હવા આવવાથી. ખરાબ, ગંદા, ભેજવાળા સ્થળે રહેવાથી અથવા નાક દ્વારા શરીરમાં ધૂળ-માટી વગેરે જવાથી રોગપ્રતિકારક શક્તિ ઓછી હોવાથી. વધુ ઠંડા, ગળ્યા કે ભારે ખોરાક લેવાથી. દારૂ કે તમાકુનું વ્યસન હોવાથી. ફેફસાંનું કેન્સર, અસ્થમા વગેરે ફેફસાના રોગ હોવાથી. ૬૫થી વધુ ઉંમર હોય એને સામાન્ય તાવ કે શરદી થાય.

ન્યુમોનિયામાં શું આહાર લેવો?

ઉકાળેલું પાણી જ પીવું અને વધુ પ્રમાણમાં પ્રવાહી પદાર્થો લેવા.

ખાટાં ફળો, લીલા શાકભાજી, ટમેટાં જેવી વસ્તુઓ ખાસ લેવી. ગાજર તથા કાકડીનો જ્યૂસ લેવો. હળવો અને તાજો ખોરાક જ લેવો. આહારમાં હળદર, મેથી, કાળા મરી અને આદુંનો ઉપયોગ વધુ કરવો. કફવર્ધક આહાર ન લેવો અને ગળ્યા, નશીલા, તીખા વગેરે પદાર્થોનો ત્યાગ રાખવો.

ન્યુમોનિયાના ઉપચાર

૨ કપ પાણીમાં ૧ ચમચી મેથી નાખીને ઉકાળવું. ત્યાર પછી તેને ગાળીને તેમાં મધ ઉમેરીને દિવસમાં ૨થી ૩ વાર તે પાણી પીવું.

૧ કપ પાણીમાં ૧-૧ ચમચી ખાંડેલા તલ અને અળશી નાખીને ઉકાળવું. તેને ગાળીને ૧ ચમચી મધ તથા થોડું મીઠું નાખીને પીવું.

૧ કપ હૂંફાળા પાણીમાં ૨ ચમચી હળદર અને ચમચીનો ચોથો ભાગ કાળા મારી નાખીને દિવસમાં ૧ વાર પીવું. દર ૬ કલાકે૧૦ તુલસીના પાનના રસમાં થોડો મરીનો પાવડર નાખીને પીવો.

૩૦૦ મિ. લી. ગાજરનો રસ અને ૧૦૦-૧૦૦ મિ. લી. બીટ અને કાકડીનો રસ ભેગો કરીને પીવો.

૨થી ૪ ચમચી ફુદીનાનો તાજો રસ ૧થી ૨ ચમચી મધ સાથે મેળવીને દર ૨ કલાકે પીવાથી ન્યુમોનિયાનો તાવ મટે છે.

૧ ચમચી મહાસુદર્શનચૂર્ણ, ૧ કપ પાણીમાં ઉકાળીને દરરોજ ૨ વાર પીવું.૧ ચમચી આદુંનો રસ , ૧ ચમચી તુલસીનો રસ, ૫ ચમચી અરડૂસીનો રસ અને ૨ ચમચી મધ મિશ્ર કરીને રોજ ૨ વાર લેવું.

સાવધાનીપ

દર્દીના ગળફાનો યોગ્ય રીતે નિકાલ કરવો. જેથી ચેપનો ફેલાવો ન થાય.દર્દીને ગરમ વસ્ત્રો પહેરાવી રાખવા. તેમ જ દર્દીના રૂમનું વાતાવરણ ગરમ રહે તેવી વ્યવસ્થા કરવી.દર્દીને નિયમિત ઝાડો સાફ આવે તેવી કાળજી રાખવી, પરંતુ રેચ આપવામાં ઉતાવળ પણ ન કરવી.



## ભીમા કોરેગાંવ ૨૦૮મો શૌર્ય દિવસ નિમિત્તે ભીમ ગીતોનો કાર્યક્રમ તથા મહારાષ્ટ્રના નગરસેવકોનો સન્માન સમારંભ...

ભીમા કોરેગાંવના ૨૦૮મા શૌર્ય દિવસના મહોત્સવ નિમિત્તે, ૫૦૦ મહાન યોદ્ધાઓને શ્રદ્ધાંજલિ અર્પણ કરવા તેમજ મહારાષ્ટ્ર નગરપાલિકાની ચૂંટણીમાં તાજેતરમાં ચૂંટાયેલા નગરસેવકોના સન્માન માટે ભીમ ગીતોનો કાર્યક્રમ તથા વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના આયોજક કૃણાલ સોનવણે દ્વારા માહિતી આપવામાં આવી કે, મહાદેવ નગર-૧, ડીડોલીમાં આવેલ વૃદ્ધાશ્રમ ખાતે તારીખ ૪ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું અધ્યક્ષસ્થાન ભૂતપૂર્વ કોર્પોરેટર લીલાતાઈ ભાઈદાસ સોનવણે દ્વારા સંભાળવામાં આવ્યું હતું. મહારાષ્ટ્રમાંથી પધારેલા મુખ્ય મહેમાનો તરીકે ગણેશભાઈ સાવલે (કોર્પોરેટર, શિરપુર), રાહુલભાઈ ઈંગલે (કોર્પોરેટર, વરણગાંવ), નરેન્દ્રભાઈ સંદાનશિવ (કોર્પોરેટર, અમલનેર), રોશનભાઈ જાધવ (કોર્પોરેટર, ચાલીસગાંવ), નરેન્દ્રભાઈ નગરાલે અને મનોહરભાઈ નગરાલે (કોર્પોરેટર, નવાપુર), મુનેશભાઈ જગદેવ તથા પ્રદીપભાઈ ઠાકરે (કોર્પોરેટર, શહાદા), આકાશભાઈ આહિરે (કોર્પોરેટર, નંદુરબાર), રાહુલભાઈ પાટોલે (કોર્પોરેટર, શિંદખેડા), શશાંકભાઈ સંદાનશિવ (કોર્પોરેટર, અમલનેર), કૃષ્ણાભાઈ નગરાલે (કોર્પોરેટર, દોંડાઈચા), સુભાષભાઈ પાનપાટીલ (કોર્પોરેટર, નંદુરબાર) તથા સંજયભાઈ તાયડે (કોર્પોરેટર, સાવદા) ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ અવસરે વૃદ્ધાશ્રમમાં વૃદ્ધજનોને ભોજનદાન કરવામાં આવ્યું હતું. ઉપરાંત જરૂરિયાતમંદોને ધાબળાનું વિતરણ, વિદ્યાર્થીઓને નોટબુક તથા પેનનું વિતરણ તેમજ શ્રી માધવ ગૌશાળામાં ફળ અને ઘાસનું વિતરણ કરવામાં આવ્યું હતું.

## સિન્ટેક્સે WPLમાં પ્રીમિયર પાર્ટનર તરીકે પોતાની ૫૦મી વર્ષગાંઠ ઉજવી

ગુજરાત, સિન્ટેક્સ BAPL,વેલસ્પન વર્લ્ડનો ભાગ અને વુમન્સ પ્રીમિયર લીગ (WPL) ૨૦૨૬ ના પ્રીમિયર પાર્ટનર મેદાન તેમજ પ્રસારણ માધ્યમો પર શરૂ થનારી સીરિઝ ઓફ ઈમર્સિવ એક્ટિવેશન્સ દ્વારા ક્રિકેટ ચાહકો સાથે જોડાવા તૈયાર છે. આ પહેલ સિન્ટેક્સના ભરોસા અને વિશ્વસનીયતાના ૫૦ વર્ષની સફરના એક મહત્વપૂર્ણ તબક્કાની ઉજવણી કરે છે.

સિન્ટેક્સ ભારતીય ઘરોમાં હાજરીના પાંચ દાયકાની ઉપસ્થિતીને ઉજવતા WPLસાથે તેનું જોડાણ વિકાસ અને પ્રગતિની એક સફરને પ્રતિબિંબિત કરે છે. મહિલા ક્રિકેટની જેમ, જે સીમિતતામાંથી મુખ્ય પ્રવાહમાં વિકસ્યું છે, સિન્ટેક્સની સફર સુસંગતતા, નવીનતા અને નિર્માણ ઉકેલો દ્વારા વ્યાખ્યાયિત કરવામાં આવી છે જે સમગ્ર ભારતમાં પરિવારોને સુરક્ષા અને સહાય પૂરી પાડતા સોલ્યુશન્સથી આકાર પામી છે.આ એક્ટિવેશન્સ અંગે વાત કરતાં યશોવર્ધન અગરવાલ, મેનેજિંગ ડિરેક્ટર, વેલસ્પન BAPLઅને ડિરેક્ટર, સિન્ટેક્સે જણાવ્યું હતું કે, "સિન્ટેક્સના ૫૦ વર્ષ પૂર્ણ થવાના અવસર પર, WPLમાં અમારી હાજરીને માત્ર વિઝિબિલિટી પુરતી સીમિત ન રાખી, પરંતુ એવા પળો સર્જવા માંગીએ છીએ જે ચાહકોને જોડે, સ્પર્શે અને યાદ રહે, કારણકે ભારતમાં ક્રિકેટ લોકોને જોડવાની અનોખી શક્તિ ધરાવે છે. મહિલાઓના ક્રિકેટ, સમાનતા અને સમાવેશકતાની ઉજવણી કરીને, લીગની પહોંચ અને લોકોના ક્રિકેટપ્રેમને જોડીનેઅમે સુસંગતતા, સ્થિતિસ્થાપકતા અને વિશ્વાસના મૂલ્યોને યાદ કરવા માંગીએ છીએ જેણે છેલ્લા પાંચ દાયકામાં અમારી સફરને વ્યાખ્યાયિત કરી છે."સિન્ટેક્સની WPL ૨૦૨૬ હાજરીના કેન્દ્રમાં રમત સાથે મજબૂત સર્જનાત્મક જોડાણ છે. દરેક મેચ દરમિયાન, જ્યારે પ્રથમ ટીમ તેના ૫૦ રનના સીમાચિહ્ન પર પહોંચે છે, ત્યારે તે ક્ષણને સમર્પિત કોમેન્ટેટર સંકેત અને બ્રાન્ડ ઈન્ટેગ્રેશન દ્વારા વિશેષ રૂપે ઉજવવામાં આવશે, જે પ્રતીકાત્મક રીતે સિન્ટેક્સના ૫૦વર્ષના વારસા સાથે ક્રિકેટની સૌથી પ્રખ્યાત સિદ્ધિઓમાંની એકને જોડશે.ગ્રાઉન્ડ અને સ્ક્રીન પરસિન્ટેક્સ વર્ચ્યુઅલ પિચ મેપ ઈન્ટેગ્રેશનમાં પણ દર્શાવવામાં આવશે, જે મેચ એનાલિટિક્સ અને બ્રોડકાસ્ટ વિઝ્યુઅલ્સમાં જોવા મળશે. ૫૦ વર્ષ પૂર્ણ કરવાના પ્રસંગે, સિન્ટેક્સ એક નવી અને અદ્યતન પાણી સંગ્રહ ટાંકીના લોન્ચની જાહેરાત કરવા માટે તૈયાર છે, જે ઉદ્યોગની પ્રથમ ૫૦ વર્ષની વોરંટી સાથે આવશેજે ખાસ કરીને ઉચ્ચ સ્વચ્છતા અને લાંબા ગાળાની ટકાઉપણા માટે રચાયેલ છે, જે બ્રાન્ડના વિશ્વસનીયતા અને નવીનીકરણ પર ધ્યાન કેન્દ્રિત કરે છે.યશોવર્ધન અગરવાલે વધુમાં જણાવ્યું કે, "દાયકાઓથી લગભગ દરેક ભારતીયે જીવનના કોઈ ને કોઈ તબક્કે સિન્ટેક્સ ટાંકી સાથેનો અનુભવ કર્યો છે. આ સાથ અને પરિચય જ અમને સ્ક્રીન પર વાસ્તવિક અને યાદગાર ક્ષણો સર્જવામાં મદદ કરશે."આ તમામ એક્ટિવેશન્સ દ્વારા સિન્ટેક્સ મેચના પળોને અર્થપૂર્ણ બ્રાન્ડ અનુભવમાં રૂપાંતરિત કરવાનો હેતુ ધરાવે છે, જ્યાં જોડાણ સ્વાભાવિક, ઉજવણીમય અને રમતની ભાવના સાથે ગાઢ રીતે જોડાયેલું રહે છે.



# સફેદ ચરબી (ફેટ) પર નિયંત્રણ જરૂરી

### આહારથી આરોગ્ય સુધીઃ સફેદ ચરબી (ફેટ) પર નિયંત્રણ જરૂરી...

શરીરમાં મુખ્ય રૂપથી ચરબી (ફેટ) ત્રણ પ્રકારે હોય છે. સફેદ વસા (વાઈટ ફેટ), ભૂરી વસા (બ્રાઉન ફેટ) અને બેજ વસા (હલ્કી પીળી ફેટ) છે તેમ જ આંતરડાની ચરબી વિસરલ ફેટ જે ખતરનાક છે તે અગાઉના લેખમાં આપ્યું હતું. ચરબી (ફેટ) શરીર માટે મહત્ત્વપૂર્ણ છે. સુરક્ષા પણ કરે છે.

ચરબીની અધિકતા કે તેનું અતિ ખરાબ થવું એ સ્વાસ્થ્ય માટે ખરાબ છે કે રોગોનું નિમંત્રણ છે. ચરબી (ફેટ)ને નિયંત્રણમાં રાખવી જરૂરી છે તેમ જ તેમાં બગાડ થવો એ આજના વિકસિત અને વિકાસશીલ દેશો માટે એક મોટી સ્વાસ્થ્ય સમસ્યાના રૂપમાં દેખાય છે. આ પ્રત્યે લોકોમાં ખૂબ જ મોટી સુસ્તી છે. દુનિયાના દરેક ખૂણામાં લોકો દવા શોધે છે. સ્વાસ્થ્ય સારું રાખવાની પ્રાકૃતિકતાને ગેરવલ્લે કરે છે.

ત્રણેય ચરબી ફેટ કે વસા અલગ અલગ કામ કરે છે. મુખ્યરૂપથી સફેદ વસાનું વધવું એ સમસ્યા છે. સફેદ વસા એ ઊર્જાનો ભંડાર છે. એનર્જી સ્ટોરેજ છે. જે મોટી ગોળ કોશિકાઓમાં એક મોટું ચરબીનું ટીપું છે. આ વસા ચાલતી વખતે પગ પર હલતી રહે છે. કમરની આસપાસ ચપટીમાં પકડી શકાય છે. જે પેટ, નિતંબ (જાંઘ), ચહેરા પર, ચામડીની નીચે લટકતી રહે છે. જે અનાકર્ષક લાગે છે એટલે કે બેડોળ લાગે છે.

આ વસાનું નિયંત્રણ જરૂરી છે. જે એડિપોનેકિટનનું ઉત્પાદન ધીમું કરે છે. જેથી અધિક જાડાપણું, ડાયાબિટીસ ટાઈપ ટુ તેમજ બાળકોમાં ૧DM (ટાઈપ વન ડાયાબિટીસ મેલટાઈસ), સારા કોલેસ્ટ્રોલનું બગડવું. (H.D.L.નું ખરાબ થવું), ટ્રાયગ્લીસરાઈડનું વધવું. હાઈ બી.પી. શરીરના અંદરના અવયવ પર સોજા, હાર્મોન અને પ્રોટીનના સ્ત્રાવને પ્રભાવિત કરે છે તેમ જ તેની ગુણવત્તા બદલી નાખે છે અથવા ખરાબ કરે છે. હૃદય રોગની સમસ્યા, ચયાપચનના વિકાર, તેમ જ ઈન્સ્યુલિન પ્રતિરોધ થવું, શરીર અક્કડ થવું, આંખોની સમસ્યા, કાન સાંભળવાનું ઓછું થવું જેવી સમસ્યાઓનો ઉદ્ભવ થવો.ભૂરી વસા (બ્રાઉન ફેટ) જે માઈટોકોન્ડ્રિયા (ઊર્જા બનાવવાવાળા કોશિકામાં હોય છે જે શરીરની કેલરીને બાળીને શરીરને ગરમ રાખે છે જે મેટાબોલીઝમ (ચયાપચન)ને વધારે છે. રોગોને થવા નથી દેતી. જે ખાદ્ય પદાર્થમાં ભૂરી વસા છે તેનો ઉપયોગ કરવો જેથી સફેદ વસા નિયંત્રણમાં રહે. બેજ વસા (જે હલકીપીળી છે) આ સફેદ વસાની કોશિકાઓની અંદર જ બને છે. કેલેરી બર્ન કરે છે.સફેદ વસાને નિયંત્રણ માટે શારીરિક કામકાજ કે શારીરિક વ્યાયામ (ઘરના દરેક કામકાજ)થી જ કાબૂમાં રહે છે. શારીરિક વ્યાયામ કરવાથી આઈરીસીન હાર્મોન સ્ત્રાવિત થાય છે. આ એક હાર્મોન રૂપમાં વર્ણિત છે જે ગ્લુકોઝ સંતુલનમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા નિભાવે છે. જે ઈન્સ્યુલિન પ્રતિરોધ, મોટાપો, જૂની બીમારીઓની વચ્ચે, તેમજ જૂની બીમારીઓ વચ્ચે કડી જેવું માનવામાં આવે છે. પાછલા દશકની અધિકાંશ શોધ વસાઉત્તક (એન્ઝાઈમ) અને સોજાની ભૂમિકા પર કેન્દ્રિત રહી છે. ચયાપચનનો સમસ્થિતિમાં માંસપેશીના કાર્યની શિથિલતાનું મહત્ત્વ વધી ગયું છે.આઈરીસિન જે હાડકાંની માંસપેશીમાંથી સ્ત્રાવિત થાય તેમ જ માયોકાઈમ નામક હાર્મોન સ્ત્રાવિત થાય છે જે ભોજન પછી ગ્લુકોઝનું અવશોષણ અને લિપિડનું ચયાપચનમાં માંસપેશીની ભૂમિકાને ઉજાગર કરે છે. રોગીઓમાં એચ.બી.એ.વન.સી. ૐહ્વ૭૧૪ અને વિટામિન ડી વચ્ચે નકારાત્મક સહસંબંધ છે. આને માટે સારું આઈરિસિનનું સ્તર જરૂરી છે તેમ જ ચયાપચનના નિયંત્રણ એટલે કે સારા ગ્લાઈસેમિક ઈન્ડેક્સ નિયંત્રણ અને અસ્થિ સ્વાસ્થ્ય વિટામિન માટેનો સારો સંકેત છે.જાણી લો કે ગ્લુકોઝ અને આઈરિસિન ચયાપચનની વચ્ચે નકારાત્મક સંબંધ થાય તો ચયાપચન ડાઉન સિંડ્રોમ અને હાઈપર-ગ્લાઈસેમીયાનું જોખમ વધી જાય છે. ચયાપચન મેટાબોલીક સિંડ્રોમની ઉપસ્થિતિ હૃદયરોગ અને સ્ટ્રોકનું જોખમ બમણું કરી દે છે. બાળકોમાં સફેદ ફેટ વધવાને કારણે ટાઈપ વન ડાયાબિટીસ મેલાટાઈસ થાય જે શરીરની ઓટો ઈમ્યુનસિસ્ટમને ડીસ્ટ્રોય કરી નાખે છે જેમાં પેનક્રિયાઝમાં ખૂબ જ નાના પ્રમાણમાં અથવા બિલકુલ ઈન્સ્યુલિન પેદા થતું નથી.

આઈરિસિન એ સીધું કોઈપણ ખાદ્યપદાર્થમાં નથી. એટલે કે આઈરિસિન ખોરાક અસ્તિત્વમાં નથી ત્યારે ચોક્કસ ખોરાક અને સંયોજનો આઈરિસિન ઉત્પાદનને ટેકો આપે છે અથવા તેના માર્ગને સક્રિય કરે છે. ઘરના કામકાજ કે વ્યાયામ અથવા સક્રિયરૂપથી શારીરિક કામકાજ આનો સ્ત્રોત વધારે છે. ખોરાકમાં વિટામિન-સી, ફાઈબરયુક્ત ખાદ્યપદાર્થ, સફરજન, ડુંગળી, દ્રાક્ષ, બ્લુબેરી, એલચી, બ્રોકલી જેવા પદાર્થનો ઉપયોગ વધારવો કે સંતુલિન રીતે લેવો. જેથી ચરબી બ્રાઉનિંગ અને ઈન્સ્યુલિન સંવેદન-શીલતાને સુધારવામાં મદદ કરે છે.

શિયાળાની ઋતુમાં મળતા લીલા પાંદડાવાળી ભાજી, શાકભાજીનો વ્યવસ્થિત તેમજ પ્રાકૃતિક ઉપયોગ દરેક પ્રકારની બીમારીના જોખમથી દૂર રાખે છે. કટ બ્રેક ઓન રિફાઈન્ડ કાર્બ, સુગર ડ્રીંક, પ્રોસેસ ફૂડ પર પ્રતિબંધ જરૂરી છે. દિવસે દિવસે હાઈસ્ટ્રેસ જે કોરટીસોલને વધારી દે છે જેના પરિણામ આજે દેખાય છે. કોઈપણ દવાથી બીમારી દૂર નહિ થાય, પૈસાનું પાણી થાય છે. હાલના એક ઋષભાયન પ્રોગ્રામમાં એક પ્રોડક્ટ ખૂબ મોટાપાયે વેચાણી જે પ્રીમિક્સ સુપના પેકેટ હતા. આ પ્રોસેસ કરેલા ફૂડથી કેટલીયે બીમારીને નિમંત્રણ છે. તેના વિશે વિચાર કરવો જરૂરી છે. રેડીમેડ ફૂડ હંમેશાં બીમારીને રેડી રાખે છે.

સફેદ ફેટ ઊર્જા સ્ત્રોત છે તે વધી જતાં કે બગડી જતાં પરિણામ ખરાબ જ આવે છે. હંમેશાં દવાની જાંજાળમાં ફસાયેલા રહેવું પડે છે. શારીરિક કામકાજનું મહત્ત્વ સમજવું. આજની સ્ત્રીઓ માટે ખૂબ જરૂરી છે. જિમ જરૂર નથી. ઘરના કામકાજ કરવાથી માનસિક સ્વાસ્થ્ય સારું રહે છે તેમ જ આવડતમાં વધારો થાય છે. શરીર લયબદ્ધ રહે છે. પ્રાચીન વખતમાં (જૂના સમયમાં) સ્ત્રીઓ બીમારીથી દૂર હતી. આયુ લાંબી હતી, કારણ કામકાજમાં તેઓ સંકળાયેલી રહેતી. શરીરમાં કોઈપણ પ્રકારની ફેટ કે વ્યાધિઓ નહોતી.

# રાહુલ-પ્રિયંકાઃ ગાંધી પરિવારમાં ત્રીજું 'મહાભારત'?



પ્રિયંકા ગાંધી વાડ્રા વિશે આજકાલ ચર્ચાઓ ખૂબ જ છે. એક તો તેમણે વડા પ્રધાન મોદી સાથે ચા પીધી. બીજું કેન્દ્રિય પ્રધાન નીતિન ગડકરી સાથે હળવાશસભર વાતચીત કરી. ત્રીજું, કૉંગ્રેસમાંથી તેમને વડા પ્રધાન બનાવવાના સૂર ઊઠી રહ્યા છે. અને ચોથું, તેમના દીકરા રેહાનની સગાઈના સમાચાર લીક થવાની વાતપ આ બધું કંઈક રંધાઈ રહ્યું હોવાના સંકેત છે.

સોનિયાજી અને રાહુલ ગાંધીને હજુય પચતું નથી કે ભાજપી વડા પ્રધાનમોદી સતત ત્રણ વખતથી સત્તામાં છે. ઈન્દિરા ગાંધી વિદેશ ગયાં હતાં ત્યારે તેમણે મોરારજી સરકાર વિદ્ધ નિવેદન આપવાનું ટાળ્યું હતું અને કહ્યું હતું કે એ અમારા ઘરનો વિષય છે. અમે ફોડી લઈશું. રાજીવ ગાંધીએ ૧૯૮૯ની ચૂંટણીમાં કૉંગ્રેસ મોટો પક્ષ થયો હોવા છતાં વિપક્ષમાં બેસવાનું પસંદ કર્યું હતું. તેમનાં નિવેદનોમાં વી. પી. સિંહ, અટલજી, ચંદ્રશેખર વગેરે વિપક્ષી નેતાઓની ટીકા સાંભળવા મળતી હતી, પરંતુ તુચ્છકારો, ઉદ્ધતા નહોતા જોવા મળતા.

જ્યારે રાહુલ ગાંધી એ બધી મર્યાદા ક્યારના વળોટી ગયા છે. એ ઘણી વાર વડા પ્રધાન માટે તુંકારો કરે છે. તેમનો ગુસ્સો સંસદની અંદર અને બહાર પણ જોવા મળે છે. વડા પ્રધાન સાથે એક મંચ પર આવવાનું એ લગભગ પસંદ નથી કરતા. સોનિયા ગાંધીએ પણ મોદીજી માટે ક્યારેય માનવાચક વાત નથી કરી, પરંતુ પ્રિયંકા ગાંધી વાડ્રા આ બાબતે અલગ પડ્યાં છે.

ચૂંટણી સભામાંય એ હળવાશથી સંબોધન કરતાં હોય છે. ટીકા કરતી વખતે તેમના હસતાં હોય તેવા ઘણા ફોટોગ્રાફ જોવા મળે છે. રાહુલ ગાંધી ચૂંટણી સભામાં આકરા પાણીએ હોય છે. પ્રિયંકા સંસદની અંદર અને સભામાં ભાજપ પર પ્રહાર બરાબર કરે છે, પરંતુ તેમનામાં સોનિયા-રાહુલ પ્રકારની તીખાશ કે ખટાશ જોવા નથી મળતી.

ગત લોકસભા સત્ર પછી અધ્યક્ષ શાસક અને વિપક્ષના નેતાઓ માટે ચા-પાણી રાખતા હોય છે. આ વખતે પ્રિયંકા ગાંધી વાડ્રા ત્યાં ગયાં. બંને તરફથી કોઈ કડવાશ જોવા નહોતી મળી. પ્રિયંકાની કોઈ વાત પર વડા પ્રધાન અને કેન્દ્રીય સંરક્ષણ પ્રધાન રાજનાથસિંહ સહિતના શાસક પક્ષના લોકો મોકળા મને હસતા જોવા મળ્યાં હતાં.

સંસદમાં પ્રિયંકા ગાંધી વાડ્રાએ હળવાશથી માર્ગ પરિવહન પ્રધાન નીતિન ગડકરીને કહ્યું કે હું જૂન મહિનાથી સમય માગી રહી છું, પણ સમય નથી મળતો. તો નીતિનભાઉએ હસતાં- હસતાં કહ્યું, ગમે ત્યારે આવો, મારા કાર્યાલયનાં દ્વાર ખુલ્લાં જ છે.દરમિયાનમાં, ગત ૨૩ ડિસેમ્બરે સાંસદ ઈમરાન મસૂદે સાર્વજનિક રીતે પ્રિયંકા ગાંધી વાડ્રાને વડા પ્રધાનના અભ્યર્થી બનાવવા માગણી કરી. ઈમરાન મસૂદની આ માગણીને પ્રિયંકા ગાંધી વાડ્રાના પતિ રોબર્ટ વાડ્રાએ પણ ટેકો આપ્યો. એવામાં અચાનક માધ્યમોમાં સમાચાર આવ્યા (લીક થયા) કે પ્રિયંકાના દીકરા રેહાનની સગાઈ મુસ્લિમ પરિવારની દીકરી અવિવા બૈગ સાથે થવાની છે. આનાથી ભાજપ સમર્થકોને મુદ્દો મળી ગયો કે ગાંધી પરિવારે હિન્દુ યુવક કે યુવતીને જીવનસાથી તરીકે પસંદ નથી કર્યા. ઈન્દિરાજીએ પારસી ફિરોઝ ગાંધી સાથે અને રાજીવ ગાંધીએ ખ્રિસ્તી સોનિયા સાથે લગ્ન કર્યાં હતાં.રાહુલ ગાંધીનાં સ્પેનિશ આર્કિટેકટ સ્ત્રીમિત્ર વેરોનિક સાથે પ્રેમ સંબંધની અવારનવાર ચર્ચા થાય છે. અને ૨૦૦૪ના ઈન્ટરવ્યૂમાં રાહુલે આ વાત સ્વીકારી હતી. ('આઉટલૂક': ૧૭ ઑગસ્ટ ૨૦૧૨). પ્રિયંકા ગાંધી વાડ્રાએ પણ ખ્રિસ્તી રોબર્ટ વાડ્રા સાથે લગ્ન કર્યાં, પરંતુ પ્રિયંકાના દીકરાની વાત સગાઈ પહેલાં જ કેમ જાહેર થઈ ગઈ? તે પણ એવા જ સમયે જ્યારે ઈમરાન મસૂદે પ્રિયંકા ગાંધી માટે દાવો કર્યો ત્યારે? કારણ સમજવા જેવું છે.સોનિયા-રાહુલની છાપ તો કટ્ટર લઘુમતી તરફી છે, પરંતુ પ્રિયંકા ગાંધીની છાપ એવી નથી. એ પૂજા પણ કરે છે. તિલક પણ લગાવે છે. અને ઈમરાન મસૂદે એવું કહ્યું કે બાંગ્લાદેશમાં હિન્દુ સહિતના લઘુમતીઓ સામે હિંસાનો મુદ્દો પ્રિયંકા ગાંધીએ મુખર રીતે ઉઠાવ્યો હતો. તેમને જો વડા પ્રધાન બનાવવામાં આવે તો ઈન્દિરાજીએ જેમ પાકિસ્તાનના બે ટુકડા કર્યા હતા તેમ એ પણ ઉત્તર આપી શકે તેમ છે એટલે દિલ્હીનાં રાજકીય વર્તુળોમાં ચર્ચા એવી છે કે પ્રિયંકાનું પત્તુ કાપવા રાહુલ જૂથના લોકોએ સગાઈના સમાચાર લીક કરી દીધાપ !સગાઈના સમાચારમાં ન્યૂ ઈન્ડિયન ઍક્સપ્રેસ'એ તો લખ્યું ,આ સમારંભમાં સોનિયા ગાંધી ઉપસ્થિત રહેવાનાં નથી.' સોનિયાનું સ્વાસ્થ્ય ખરાબ હોય તો સમજી શકાય કે એ હાજર ન પણ રહે, પરંતુ ગત ૧૬ ડિસેમ્બરે સંસદની અંદર આશા અને આંગણવાડી કાર્યકર્તાઓ મુદ્દે તેમણે ગોગલ્સ પહેરીને ભાષણ આપ્યું હતું. પ્રદૂષણ વિરોધી કૂચમાં પણ એ જોડાયાં હતાં. તો પછી દોહિત્ર રેહાનની સગાઈમાં ગેરહાજર કેમ? આથી ચર્ચા છે કે પ્રિયંકાને વડાં પ્રધાન બનાવવાની માગણીથી સોનિયા ક્રોધિત છે. સોનિયાનો પુત્ર મોહ જાણીતો છે.આવા સિનારિયા વચ્ચે રાજકીય નિષ્ણાતો કહે છે કે ગાંધી પરિવારમાં આ ત્રીજું મહાભારત છે. નહેરૂ અને વિજયાલક્ષ્મી પંડિત વચ્ચે પણ સત્તાની સ્પર્ધા હતી, પરંતુ નહેરૂએ વિજયાલક્ષ્મી પંડિતને યુનો અને યુએસએસઆરમાં રાજદૂત બનાવીને બહાર જ રાખ્યાં. આ પહેલું મહાભારત હતું.ઈન્દિરાજીએ તો ફઈ વિજયાલક્ષ્મીજીને સ્પષ્ટ કહ્યું હતું, મને તમારામાં વિશ્વાસ નથી. વિજયાલક્ષ્મીજીએ પણ ઈન્દિરાજીનો કટોકટી માટે કડક વિરોધ કર્યો હતો. તે પછી સોનિયા ગાંધી અને મેનકા ગાંધી વચ્ચે સ્પર્ધા ચાલી હતી. ઈન્દિરાએ મેનકા ગાંધીને ઘરની બહાર કાઢી મૂક્યાં હતાં. સંજય ગાંધીનાં મૃત્યુ પછી મેનકાને ઈન્દિરાજી પોતાના સચિવ બનાવવાનાં હતાં અને રાજકારણમાં લાવવાનાં હતાં, પરંતુ તેના બદલે આ નિર્ણય કર્યો તેમાં સોનિયા ઉત્તરદાયી હતાં. પરિણામે, મેનકા ગાંધી આજેય વિપક્ષમાં જ છે. તે બીજું મહાભારત હતું.

રાહુલ-પ્રિયંકા વચ્ચે આ ત્રીજું મહાભારત ચાલી રહ્યું છે.

## તંત્રી લેખ... -

બુધવાર, તા. ૦૭ જાન્યુઆરી ૨૦૨૬

# બાંગલાદેશી ક્રિકેટર પર વિવાદ

ખેલાડીઓની સુરક્ષા અને સુખાકારીનો મુદ્દો આગળ કરી બાંગલાદેશ ક્રિકેટ બોર્ડ (બીસીબી)એ ટી-૨૦ વર્લ્ડ કપ રમવા માટે પોતાની ટીમને ભારત મોકલવાની ના પાડી દેવા સાથે અમારી મેચો તટસ્થ ભૂમિ પર યોજો એવી વિનંતી પણ ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઈસીસી)ને કરી છે. ભારત-બાંગલાદેશ વચ્ચે બગડેલા રાજકીય-રાજદ્વારી સંબંધોને પગલે ભારતીય ક્રિકેટ બોર્ડ (બીસીસીઆઇ)એ આઇપીએલ ટીમ કોલકાતા નાઈટ રાઈડર્સને બાંગલાદેશી ઝડપી બોલર મુસ્તફિઝુર રહેમાનને ટીમમાંથી છુટ્ટો કરવાની તાકીદ કર્યા બાદ બીસીબીએ આ પગલું લીધું છે. પાકિસ્તાને આ પહેલાં જ ભારતીય ધરતી પર રમવાનો નન્નો ભણ્યો હોવાથી આ સ્પર્ધામાંની પાકિસ્તાનની મેચો તથા તેને સાંકળતી સંભવિત સેમિફાઈનલ કે ફાઈનલ શ્રીલંકામાં રમાવાની છે. આઈસીસીના વડા અત્યારે ભારતના જય શાહ છે અને આ મામલે ગજગ્રાહ વધારવાને બદલે બાંગલાદેશની મેચો ભારત બહાર રમાડવા માટે જરૂરી ફેરફાર કરવાનો નિર્ણય લીધો હોવાની ચર્ચા છે, તો બાંગલાદેશમાં આઈપીએલના પ્રસારણ પર રાષ્ટ્રહિતમાં પ્રતિબંધ મૂક્યાના સમાચાર આવ્યા છે. બાંગલાદેશ આ સ્પર્ધાની ત્રણ મેચો કોલકાતામાં અને એક મુંબઈમાં રમવાનું હતું. બે પાડોશી દેશો વચ્ચે છેલ્લા થોડા સમયથી સંબંધોમાં તણાવની સ્થિતિ છે, છતાં વર્લ્ડ કપ માટે બાંગલાદેશની ટીમ ભારત આવશે, એ લગભગ નક્કી હતું. પણ, ટી-૨૦ સ્પર્ધા આઈપીએલમાંથી એકમાત્ર બાંગલાદેશી ખેલાડી મુસ્તફિઝુરને છુટ્ટો કરવાનો આદેશ બીસીસીઆઈએ ટીમ માલિકને આપ્યા પછી બાંગલાદેશના વચગાળાના શાસક મોહમ્મદ યુનુસની સરકારમાંના યુવા અને રમતગમત બાબતોના પ્રધાન આસિફ નઝરૂલે આ મુદ્દે ટિપ્પણી કરી કે, બાંગલાદેશ ક્રિકેટ, ક્રિકેટર કે રાષ્ટ્રનું કોઈપણ પ્રકારે અપમાન અમે સહન નહીં કરીએ. ગુલામીના દિવસો પૂરા થયા. એ પછી ક્રિકેટ બોર્ડને પણ કડક રૂખ લેવાની ફરજ પડી છે. એક રીતે, ભારતે જ આ મુદ્દે દાખલો બેસાડયો છે. ગયા વર્ષે પાકિસ્તાનમાં યોજાયેલી ચેમ્પિયન્સ ટ્રોફી સ્પર્ધામાં ભાગ લેવા અમારી ટીમ નહીં જાય એ વલણ બીસીસીઆઈએ અખત્યાર કર્યા પછી નક્કી થયું કે, આ પ્રકારની બહુરાષ્ટ્રીય સ્પર્ધા ભારત કે પાકિસ્તાનની ભૂમિ પર રમાવાની હોય તો આ રાષ્ટ્રો વચ્ચેની મેચ કોઈ તટસ્થ દેશમાં યોજવી. આ ગોઠવણ મુજબ પાકિસ્તાનની ટી-૨૦ વર્લ્ડ કપની મેચો શ્રીલંકાના કોલંબો શહેરમાં યોજાવાની છે, હવે એમાં બાંગલાદેશનો ઉમેરો થવાનો છે. ભારત-પાકિસ્તાન વચ્ચે દ્વિપક્ષી ક્રિકેટ તો લાંબા સમયથી બંધ છે, પણ એશિયા કપની મેચ બાદ પાકિસ્તાની ખેલાડીઓ સાથે હાથ ન મિલાવવાના ભારતીય ક્રિકેટ ટીમના નિર્ણયને પગલે તણાવ વધ્યો હતો. હવે, ભારત-પાકિસ્તાન વચ્ચે કોલંબોમાં લીગ મેચ રમાવાની છે, તો બાંગલાદેશ-ભારતની ટક્કર સુપર એઈટ તબક્કામાં થઈ શકે છે અથવા તો સેમિફાઈનલ કે ફાઈનલમાં પણ ભારત સામે પાકિસ્તાન કે બાંગલાદેશનો મુકાબલો થવાની શક્યતા છે. પાડોશી દેશો વચ્ચે રાજકીય તણાવને પગલે રમતનાં મેદાન પર તેની અસર કમનસીબ ગણાય, પણ લોહી અને ક્રિકેટ એકસાથે શક્ય ન બની શકે એવું ભારત સરકારનું વલણ યથાયોગ્ય છે.

# જયશંકરનો સીધો સંદેશ

આપણા દેશની ફરતે આવેલા પાડોશીઓ નઠારાપણાની તમામ હદ વટાવે તેવા છે અને આ જ વાત વિદેશપ્રધાન એસ. જયશંકરે તાજેતરમાં વ્યક્ત કરી. જયશંકરે મદ્રાસ આઈઆઈટીના છાત્રો સાથે સંવાદ દરમિયાન સ્પષ્ટ કહ્યું કે, ખરાબ પાડોશીઓની વાત આવે ત્યારે ભારતને પોતાના લોકોની રક્ષા કરવાનો સંપૂર્ણ અધિકાર છે. તેમણે એમ પણ કહી દીધું હતું કે, આતંકી હુમલાઓ કરાવતા પાડોશીને આપણા દેશની નદીનું પાણી માગવાનો હક રહેતો નથી. જયશંકરે એકદમ કટુસત્ય સૌની સામે મૂક્યું હતું કે, પાડોશીઓમાં એકમાત્ર પાકિસ્તાન જ એવો દેશ છે, જેને ભારતની નદીઓનું પાણી પણ જોઈએ છે અને આતંકીઓ મોકલીને નિર્દોષ નાગરિકોના લોહીની નદી પણ વહાવવી છે. આવાં બેવડાં ધોરણને હરગીજ સાંખી શકાય નહીં.

દુષ્ટ પાડોશીઓને સમજાવવા માટે ભારતની સરકારોએ પોતપોતાની રીતે બધા પ્રયાસ કર્યા. પંડિત જવાહરલાલ નેહરુથી નરેન્દ્ર મોદી સુધીના વડા પ્રધાનોએ પાકિસ્તાનને નાનો ભાઈ માન્યો પણ દરેક વખતે ભારતને ભલમનસાઈનો જવાબ દુષ્ટતાથી મળ્યો. આજે સ્થિતિ એ છે કે, ભારત આ નઠારા પાડોશીને પાઠ ભણાવવા હંમેશાં તૈયાર રહે છે. આતંકવાદ પ્રત્યે પણ ભારતનું પાકિસ્તાન તરફનું વલણ અત્યંત સ્પષ્ટ અને રૂક્ષ છે. ૧૯૭૧માં જ્યારે પાકિસ્તાને આત્મસમર્પણ કર્યું ત્યારે જ તેને સમજાઈ ગયું હતું કે, સીધા યુદ્ધમાં તે કદી પણ જીતી શકશે નહીં અને એટલે જ 'છદ્મ યુદ્ધ' એટલે કે આતંકવાદને શત્ર બનાવ્યું.આની પાછળ પાકિસ્તાની કુનીતિ સ્પષ્ટ હતી. તે સમજતું હતું કે, આતંકી કાર્યવાહી પાછળ પોતાને ઓછો ખર્ચ થશે, પરંતુ ભારતને નુકસાન પહોંચાડી શકે છે. તેની આ ચાલબાજી ૨૦૧૪ સુધી તો સમીસરખી ચાલી પણ પછી પાસાં અવળાં પડયાં. મોદીની ટીમમાં અજિતકુમાર ડોભાલ જેવા અનુભવી જાસૂસોએ સમજી લીધું કે, હવે પાકિસ્તાનના આતંકવાદીઓને પાઠ ભણાવવાનો સમય આવી ચૂક્યો છે. મોદી સરકારની દરેક વાતે ટીકા કરતા તજજ્ઞોના એક વર્ગે એ વખતે એવી વાત આગળ રાખી હતી કે, જો પાકિસ્તાનની સરકાર તરફ કડક વલણ રખાશે તો સેના સરકાર ઊથલાવીને સત્તા મેળવી લેશે. જોકે, તેમનો આ કુતર્ક લાંબો સમય ચાલ્યો ન હતો કેમ કે, મોદી સરકાર એવું સમજાવવામાં સફળ રહી હતી કે, ભારતની સેના પાકિસ્તાનના લોકો, સરકાર કે સેના વિરુદ્ધ નથી માત્ર ત્યાંની ભૂમિ પર ઉછરી રહેલા આતંકીઓ વિરુદ્ધ છે. ભારત માને છે કે, આજે પાકિસ્તાનના ખૈબર પખ્તુનખ્વા, બલુચિસ્તાન અને કરાચીમાંની આતંકી ઘટનાઓ પાછળ ખુદ ઈસ્લામાબાદની નીતિઓ જ જવાબદાર છે. ભારત દ્વારા જળસંધિ માનવા કે ન માનવાનો સવાલ છે ત્યાં સુધી આપણે એ વાતનો અહેસાસ કરાવવા સંધિ રોકી છે કે તે પંડિત જવાહરલાલ નેહરુની એ સહૃદયતાને સમજે કે જેમણે ૧૯૬૦માં દુષ્ટ પાડોશીને માત્ર એટલા માટે ૮૦ ટકા પાણી આપ્યું કે, તે ભારત સાથે શત્રુતાનો માર્ગ અપનાવે નહીં, પણ પરિણામ આપણી સામે છે. ભારત દુષ્ટ પાડોશી સાથે જ્યાં કઠોર વ્યવહાર કરે છે, તો અન્ય પાડોશીઓ માટે જરૂરત પડે ત્યારે 'પહેલા સગા'ના ન્યાયે ખડાપગે ઊભું રહેવાનું પણ જાણે છે.

**બાંગ્લાદેશી ક્રિકેટરને આઈપીએલમાં નહી રહેવા દઈને મર્દાનગી અનુભવનારા હિંદુવાદીઓ બાંગ્લાદેશ સાથે આપણો વ્યાપાર ચાલુ છે**

# બાંગ્લાદેશમાં હિન્દુઓની ઉપરાછાપરી હત્યાઓ

## ચાર બળાત્કારીઓએ ઘરમાં ઘૂસીને હિંદુ મહિલાને હવસનો શિકાર બનાવી. આ હવસખોરો પણ સ્થાનિક લોકો જ છે.

ભારતમાં કહેવાતા હિંદુવાદીઓ બાંગ્લાદેશી ક્રિકેટર મુસ્તફિઝુર રહેમાનને ઈન્ડિયન પ્રીમિયર લીગ આઈપીએલમાં રમવા નહીં દેવાય એ મુદ્દે ફૂલાઈને ફાળકો થઈને ફરી રહ્યા છે ત્યારે બીજી તરફ બાંગ્લાદેશમાં હિંદુઓ પર અત્યાચાર અને હત્યાઓનો સિલસિલો અવિરત ચાલુ છે. આ ક્રમમાં બાંગ્લાદેશના નરસિંદી જિલ્લામાં સોમવારે રાત્રે હિન્દુ દુકાનદાર શરત ચક્રવર્તી મણિને હેવાનોએ પતાવી દીધો તો બીજી તરફ ઝેનાઈદહ જિલ્લાના કાલીગંજ વિસ્તારમાં ૪૪ વર્ષની એક હિન્દુ વિધવા પર પાશવી ગેંગ રેપ કરાયો. છેલ્લા ૧૮ દિવસમાં આ છઠ્ઠા હિંદુની હત્યા કરાઈ છે તેના પરથી જ હિંદુઓની ત્યાં શું હાલત છે તેનો અંદાજ લગાવી લેજો.

૪૦ વર્ષના શરત ચક્રવર્તી મણિ પોતાની કરિયાણાની દુકાન પર હતા ત્યારે હુમલાખોરો દુકાનમાં ઘૂસી ગયા અને શરતને ધારદાર હથિયારોથી રહેંસી નાખી ફરાર થઈ ગયા. શરતની હત્યા વખતે દુકાનમાં ભીડ હતી પણ કોઈ શરતને બચાવવા આગળ જ ના આવ્યું. તેના પરથી સ્પષ્ટ છે કે, હુમલાખોરોનો લોકોમાં ખોફ છે. જાહેરમાં એક વેપારીની હત્યા કરાય ને કોઈ બચાવવા આગળ ના આવે તેના પરથી એ પણ સ્પષ્ટ છે કે, બાંગ્લાદેશમાં સાવ જંગલ રાજ છે અને હિંદુઓ ભગવાન ભરોસે નહીં પણ પોતાના ભરોસે જ છે.

કાલીગંજની ઘટના પણ અત્યંત આઘાતજનક છે કેમ કે ચાર બળાત્કારીઓએ ઘરમાં ઘૂસીને હિંદુ મહિલાને હવસનો શિકાર બનાવી. આ હવસખોરો પણ સ્થાનિક લોકો જ છે. હિંદુ વિધવાએ બે વર્ષ પહેલાં જ ગામમાં એક ઘર અને જમીન ખરીદ્યાં હતાં. મહિલા વિધવા હોવાથી તેની કનડગત એ વખતથી જ શરૂ થઈ ગયેલી પણ શનિવારે સાંજે હવસખોરો છાકટા થઈને ઘરમાં જ ઘૂસી ગયા. એ વખતે મહિલાને મળવા સંબંધીઓ આવ્યા હતા. શાહીન અને હસન નામના હવસખોરોએ બળજબરીથી ઘરમાં ઘૂસીને સંબંધીઓને એક રૂમમાં પૂરી દીધા અને વિધવાને બીજા રૂમમાં લઈ જઈને વારાફરતી બળાત્કાર કર્યો. એ પછી બીજા બે હવસખોરો આવ્યા અને તેમણે પણ કુકર્મ કરીને મોં કાળું કર્યું.હેવાનોને ગેંગરેપથી સંતોષ નહીં થયો હોય એટલે વિધવાના મોમાં કપડાં ઠૂંસીને ઝાડ સાથે બાંધીને ફટકારી અને તેના વાળ પણ કાપી નાખ્યા. હવસખોરોએ તેના સંબંધીઓને પણ ઝાડ સાથે બાંધીને તેમને પણ માર્યા અને પછી જતા રહ્યા. અધમૂઈ થઈ ગયેલી વિધવા અને તેના સંબંધીઓને કોઈએ છોડાવ્યા પછી તેમણે ફોન કર્યા એટલે આવી પહોંચેલાં બીજાં સગાંએ સંબંધીઓ અને વિધવાને હોસ્પિટલમાં ખસેડ્યાં.

હવસખોરોના અત્યાચારો અને મારથી વિધવા તો ગંભીર હાલતમાં હતી અને સંબંધીઓ ફફડેલાં હતાં પણ ડોક્ટર ભલો માણસ હતો એટલે તેમણે પોલીસ બોલાવી લીધી. પોલીસ પહેલાં તો ફરિયાદ નોંધવાના બદલે ભીનું સંકેલી લેવા માગતી હતી પણ ડોક્ટરના કડક વલણ પછી પોલીસે ફરિયાદ નોંધી. વિધવા ચારેય હવસખોરોને ઓળખતી હતી તેથી તેણે બધાનાં નામ આપી દીધાં પણ પોલીસે હજુ લગી એકને જ પકડ્યો છે. બીજા ત્રણ હવસખોરો ક્યારે પકડાશે એ ખબર નથી.બાંગ્લાદેશમાં ગયા વરસે શેખ હસીના સામે બળવો થયો ત્યારથી હિંદુઓ પર હુમલા, અત્યાચાર અને હત્યાઓનો સિલસિલો ચાલે છે. વચ્ચે થોડો સમય શાંતિ રહી હતી પણ ગયા મહિને હળાહળ ભારત વિરોધી અને હિંદુ વિરોધી શરીફ ઉસ્માન બિન હાડી પર હુમલો થયો પછી ફરી હિંદુઓને નિશાન બનાવીને હુમવા શરૂ કરી દેવાયા. ૧૮ ડિસેમ્બરે હાડી ૬ દિવસ લગી મોત સામે ઝઝૂમ્યા પછી સિંગાપોરની હોસ્પિટલમાં ગુજરી ગયો પછી તો હત્યાઓ અને બળાત્કારોનો સિલસિલો જ શરૂ થઈ ગયો. હિંદુઓને શોધી શોધીને જાહેરમાં ગોળીએ દેવાથી માંડીને સળગાવીને મોતને ઘાટ ઉતારવા સુધીના કાંડ એ પછી થયા છે.હાડી ગુજરી ગયો એ પછીના ૧૮ દિવસમાં જ ૬ હિંદુની હત્યા સત્તાવાર રીતે થઈ છે. ખાનગીમાં કેટલાંને પતાવી દેવાયા હશે ને કેટલી હિંદુ બહેન-દીકરીઓને હવસનો શિકાર બનાવાઈ હશે એ તો ખબર જ નથી. કટ્ટરવાદી રાજકીય કાર્યકરો આ હુમલા કરાવી રહ્યા છે તેથી ડરનાં માર્યા ઘણાં લોકો તો ફરિયાદ પણ નથી કરાવતાં. આ સંજોગોમાં મોતનો આંકડો ઘણો વધારે હોઈ શકે છે અને બીજા અત્યાચારોનો તો હિસાબ જ ના થાય એવી હાલત છે.

અત્યાચારો અને હત્યાઓ વચ્ચે બાંગ્લાદેશમાં હિંદુઓ ફફડીને જીવી રહ્યા છે ત્યારે ભારત કે ભારતના હિંદુઓ બાંગ્લાદેશી હિંદુઓને બચાવવા કશું કરી રહ્યાં નથી એ હકીકત છે. નથી ભારતની કહેવાતી હિંદુવાદી સરકાર બાંગ્લાદેશી હિંદુઓને બચાવવા કશું કરી રહી કે નથી કહેવાતાં હિંદુવાદી સંગઠનો કશું કરી રહ્યાં. એ લોકો ખાલી ચિંતા વ્યક્ત કર્યા કરે છે ને ફિફાં ખાંડીને પોતે કશુંક કરી રહ્યા છે એવો સંતોષ માને છે. બાંગ્લાદેશી કટ્ટરવાદીઓ દર બીજા દિવસે ક્યાંક ને ક્યાંક હિંદુઓને નિશાન બનાવીને આપણી સરકાર ને કહેવાતાં હિંદુવાદી સંગઠનોની ખુલ્લેઆમ મજાક ઉડાવી રહ્યા છે પણ આ લોકોનું લોહી ઉકળતું જ નથી.શરમજનક વાત એ છે કે, આ દેશના સો કરોડ હિંદુઓ પણ ચૂપ છે. શાહરૂખ ખાને બાંગ્લાદેશી ક્રિકેટર મુસ્તફિઝુર રહેમાનને ઈન્ડિયન પ્રીમિયર લીગ આઈપીએલની ૨૦૨૬ની સીઝન માટે કોલકાત્તા નાઈટ રાઈડર્સ (કેકેઆર)ની ટીમ માટે ખરીદ્યો એ બદલ શાહરૂખ ખાનને દેશદ્રોહી ઠેરવવવામાં આ દેશના હિંદુઓની મર્દાનગી જાગી ગયેલી ને પાછી સૂઈ ગઈ. આ મર્દાનગી પણ સોશિયલ મીડિયા પર કોમેન્ટ્સ પોસ્ટ કરવા પૂરતી જ જાગેલી. બાંગ્લાદેશમાં મરી રહેલા પોતાના હિંદુ ભાઈઓ કે હવસનો શિકાર બની રહેલી હિંદુ બહેન-દીકરીઓ માટે આપણી સરકાર શું કરી રહી છે એવો સવાલ કરવાની પણ તેમનામાં હિંમત નથી.

એક બાંગ્લાદેશી ક્રિકેટરને આઈપીએલમાં નહી રહેવા દઈને મર્દાનગી અનુભવનારા હિંદુવાદીઓ બાંગ્લાદેશ સાથે આપણો વ્યાપાર ચાલુ છે એ મુદ્દે ચૂપ છે, બાંગ્લાદેશ સાથેના રાજદ્વારી સંબંધો ચાલુ છે એ મુદ્દે ચૂપ છે ને બાંગ્લાદેશની આખી ક્રિકેટ ટીમ ભારતમાં આવતા મહિને જ આવવાની છે એ મુદ્દે પણ ચૂપ છે. શાહરૂખ મુસ્તફિઝુર રહેમાનને ખરીદે તો દેશદ્રોહી થઈ ગયો ને બીસીસીઆઈ આખી બાંગ્લાદેશી ક્રિકેટ ટીમને નોંતરીને પરોણાગત કરવાની છે તો એ લોકો દેશભક્ત?

આ દેશના હિંદુઓએ બેવડાં ધોરણો છોડીને મરદ બનવાની જરૂર છે, ભક્તિભાવ છોડીને દુનિયાના બીજા દેશોમાં રહેતાં હિંદુ ભાઈ-બહેનોની ચિંતા કરવાની જરૂર છે. ઈઝરાયલ ટચૂકડો દેશ છે પણ આખી દુનિયામાં ક્યાંય પણ યહૂદીઓને કશું થાય તો ઈઝરાયલની સરકારે તરત એક્શનમાં આવવું જ પડે છે કેમ કે સરકાર ચૂપ બેસીને તમાશો જોયા કરે તો ઈઝરાયલમાં રહેતા યહૂદીઓ સરકારની હાલત ખરાબ કરી નાંખે.

હિંદુઓમાં આવો મર્દાના મિજાજ નહીં આવે ત્યાં લગી બાંગ્લાદેશમાં હિંદુઓ મરતા રહેશે, પાકિસ્તાનમાં મરતા રહેશે ને બીજે પણ મરતા રહેશે કેમ કે સરકાર તો કશું કરતી નથી ને હિંદુત્વનાં ઠેકેદાર બની બેઠેલાં સંગઠનોમાં મર્દાનગી નથી. પેલેસ્ટાઈનમાં મુસ્લિમો મર્યા તેમાં તો આખી દુનિયામાં ઈઝરાયલ અત્યાચારો કરે છે એવી કાગારોળ મચી ગયેલી ને હિંદુવાદી સંગઠનો બાંગ્લાદેશમાં હિંદુઓની હત્યાને મુદ્દે ભારતમાં પણ અવાજ ઉઠાવતા નથી.

**વેનેઝુએલા પર અમેરિકાની તાજેતરની સૈન્ય કાર્યવાહીથી ફરી એકવાર સાબિત થયું છ**

# વેનેઝુએલાને આંચકો ભારત માટે અવસર!

• ઊર્જા સલામતી ઉપરાંત, ક્રૂડ ઓઇલના નીચા ભાવ અર્થવ્યવસ્થાને અણધાર્યું પ્રોત્સાહન આપે છે. આને કારણે ઉત્પાદન, પરિવહન, વિમાન ઉદ્યોગ અને ઉપભોક્તા ક્ષેત્રને ખર્ચમાં રાહત મળે છે.

અમેરિકા કારણો ભલે ગમે તે આપે, પરંતુ તેણે ફરી એક વખત પોતાની જગત જમાદારની ભૂમિકાને વધુ સક્ષમ પુરવાર કરવા અને પોતાનાં શસ્ત્રોના વેપાર માટે ગ્રાહક દેશોને પ્રભાવિત કરવા વેનેઝુએલા પર લશ્કરી હુમલો કર્યો છે. આ સંદર્ભમાં ઘણું લખવા જેવું છે. જોકે, આપણે મૈદાને જંગ પરથી પ્રસરતા આર્થિક વમળોની વાત કરવી છે. આ ઘટનાની બુલિયન માર્કેટ (ખાસ કરીને ચાંદી), ક્રૂડ ઓઈલ અને ફોરેક્સ માર્કેટ પર જોરદાર અસર થશે, એવી વાત વહેતી થઈ હતી.

વેનેઝુએલા પર અમેરિકાની તાજેતરની સૈન્ય કાર્યવાહીથી ફરી એકવાર સાબિત થયું છે કે ભૂ-રાજનીતિ કેવી રીતે યુદ્ધભૂમિથી મહાભારત કાળની ભાષામાં કહીએ તો, યોજનો દૂર સુધી આર્થિક સમીકરણો બદલી શકે છે! તાત્કાલિક અસર વોશિંગ્ટન અને લેટિન અમેરિકામાં ચર્ચાનો વિષય બની છે, પરંતુ આ ઘટનાનો ભારતની અર્થવ્યવસ્થા, બજારો અને વ્યૂહાત્મક સ્થિતિ પર પણ મહત્ત્વનો અને ઘણીવાર ધ્યાન બહાર રહી ગયેલો પ્રભાવ જોવા મળે એવી સંભાવના છે.પ્રથમ નજરે, આ સંકટથી ભારતને સીધું મોટું જોખમ દેખાતું નથી. પાછલા દાયકામાં અમેરિકા દ્વારા લાગુ કરાયેલા પ્રતિબંધોને કારણે ભારત અને વેનેઝુએલા વચ્ચેનો વેપાર ઘણો ઘટી ગયો છે. એક સમયે આ દેશમાંથી થતી ખનીજ તેલની નોંધપાત્ર આયાત હવે બહુ જ મર્યાદિત રહી છે અને આજની દ્વિપક્ષીય વ્યાપારિક લેવડદેવડ એટલી નાની છે કે તેનાથી કોઈ મોટો આર્થિક ધક્કો લાગવાની શક્યતા નથી.જોકે, એ વાત પણ યાદ રાખવી જોઈએ કે ભારત આંતરરાષ્ટ્રીય એનર્જી માર્કેટ સાથે સંકળાયેલું છે. વેનેઝુએલા પાસે ક્રૂડ ઓઈલના દુનિયાના સૌથી મોટા અને પુરવાર થયેલા ભંડાર છે, જોકે વર્ષોની ગેરવ્યવસ્થા અને પ્રતિબંધોને કારણે તેનું ઉત્પાદન ઘટ્યું હતું અને વૈશ્વિક વેપારમાં તેનો હિસ્સો એક ટકાથી પણ ઓછો છે!કોઈપણ તેલ-સમૃદ્ધ દેશમાં સૈન્ય કાર્યવાહી થાય ત્યારે ઓઈલના ભાવમાં અનિશ્ચતતાનું 'રિસ્ક પ્રીમિયમ' ઉમેરાય છે. ભારત પોતાની ૮૫ ટકાથી વધુ ઓઈલ આવશ્યકતા માટે આયાત પર આધાર રાખતું હોવાથી વૈશ્વિક મોરચે ભાવની અસ્થિરતા મહત્ત્વની બાબત છે. આમ છતાં, ભારત માટે સારી બાબત એ છે કે વર્તમાન પરિસ્થિતિમાં પર્યાપ્ત વૈશ્વિક પુરવઠા અને નબળી માગના કારણે ભાવોમાં અત્યાર સુધી મોટો ઉછાળો આવ્યો નથી, જેના કારણે મોંઘવારીનો ઝટકો ટળી ગયો છે.આ સ્થિરતા એક અવસર પણ ઊભો કરે છે. જો વેનેઝુએલામાં રાજકીય પરિવર્તનથી ઓઈલ ઉત્પાદન સ્થિર થાય અને પ્રતિબંધોમાં થોડી ઢીલ મૂકવામાં આવે, તો વૈશ્વિક બજારમાં વધુ ખનીજ તેલ ઠલવાઈ શકે છે.જો આમ થાય તો ભારતને ઓછા ભાવનો લાભ તો મળે જ, પરંતુ એ જ સાથે ઓઈલ સપ્લાયર્સ દેશો સાથે ટૂંકાગાળા સુધી ભારતનો બાર્ગેનિંગ પાવર પણ વધી શકે. વિશ્વના સૌથી મોટા આયાતકારોમાંના એક તરીકે, ભારત વધુ લાભકારક કરારો અને વૈવિધ્યપૂર્ણ પુરવઠા સ્રોતો મેળવી શકે છે, જે લાંબા ગાળે એનર્જી સિક્યોરિટીને મજબૂત બનાવશે.

કોર્પોરેટ દૃષ્ટિએ પણ આ મહત્ત્વપૂર્ણ છે. ખાસ કરીને ઓએનજીસી વિદેશ સહિતની જાહેર ક્ષેત્રની કેટલીક ભારતીય ઊર્જા કંપનીઓને વેનેઝુએલામાં અગાઉથી રોકાણ હતું. જો રાજકીય સ્થિતિ વધુ સ્થિર બને, તો અટવાયેલાં રોકાણો પાછા મેળવવાની કે નવા પ્રોજેક્ટ્સમાં ફરી પ્રવેશ કરવાની શક્યતા ઊભી થઈ શકે છે. વર્ષો પછી આવું થવું ભારત માટે વ્યૂહાત્મક લાભ ગણાશે.

ઊર્જા સલામતી ઉપરાંત, ક્રૂડ ઓઈલના નીચા ભાવ અર્થવ્યવસ્થાને અણધાર્યું પ્રોત્સાહન આપે છે. આને કારણે ઉત્પાદન, પરિવહન, વિમાન ઉદ્યોગ અને ઉપભોક્તા ક્ષેત્રને ખર્ચમાં રાહત મળે છે. નીચા આયાત બિલથી રૂપિયો મજબૂત રહેવા સાથે કરન્સી અકાઉન્ટ પર દબાણ ઘટે છે અને સરકારને નાણાકીય આયોજન માટે વધુ અવકાશ મળે છે. ઊર્જા સંબંધિત શેરોમાં જોવા મળેલી પસંદગીયુક્ત તેજી અને બજારની સ્થિરતા એ જ વાત દર્શાવે છે.

કૂટનીતિક રીતે પણ, ભારતનો સંતુલિત અભિગમ તેને એક વ્યવહા અને અલિપ્ત શક્તિ તરીકે વધુ મજબૂત બનાવે છે. ઉશ્કેરણીજનક નિવેદનો ટાળી અને સંવાદ પર ભાર મૂકીને, ભારત તમામ પક્ષો સાથે સંબંધ જાળવીને પોતાનાં આર્થિક હિતોને સુરક્ષિત રાખવામાં માને છે.અનિશ્ચિત વિશ્વમાં દરેક ભૂરાજકીય આંચકો નુકસાનકારક જ હોય એવું નથી. વેનેઝુએલાની ઘટના ફરી યાદ અપાવે છે કે વ્યૂહાત્મક અંતર, વૈવિધ્યપૂર્ણ ઊર્જા પુરવઠા અને આર્થિક સ્થિરતા દ્વારા ભારત વૈશ્વિક ઊથલપાથલને શાંત રીતે અવસરમાં ફેરવી શકે છે.વધારાના આર્થિક અને વ્યૂહાત્મક લાભવેનેઝુએલા સંકટમાંથી ભારતને મળતા લાભો માત્ર ઓઈલના ભાવ સુધી સીમિત નથી. વૈશ્વિક સપ્લાય ચેઈનમાં થતી પુનઃરચનાના કારણે ભારત જેવી મોટી અને વિશ્વસનીય બજાર ધરાવતી અર્થવ્યવસ્થાની વાટાઘાટ ક્ષમતા વધુ મજબૂત બની શકે છે. ઊર્જા સપ્લાયર્સ લાંબા ગાળાના કરારો માટે ભારતને પ્રાથમિકતા આપવાની તૈયારી બતાવી શકે છે, જેનાથી ભાવની અસ્થિરતા સામે સુરક્ષા મળે છે.

આ ઉપરાંત, નીચા અથવા સ્થિર ભાવો ભારતના મોંઘવારી નિયંત્રણ પ્રયાસોને મજબૂતી આપે છે. ઇંધણ સસ્તું રહે તો પરિવહન ખર્ચ ઘટે છે, જેનો લાભ ખાદ્યવસ્તુઓ, એફએમસીજી અને લોજિસ્ટિક્સ ક્ષેત્રને મળે છે. પરિણામે ગ્રાહક માગ વધે છે અને અર્થવ્યવસ્થામાં વૃદ્ધિને વેગ મળે છે.સરકારી દૃષ્ટિએ, ઘટતું આયાત બિલ રાજકોષીય ખાધ પરનું દબાણ ઘટાડે છે. સબસિડીનો ભાર ઓછો રહે છે અને સરકાર પાસે ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ઉત્પાદન અને સામાજિક ક્ષેત્રોમાં વધુ રોકાણ કરવાની ક્ષમતા ઊભી થાય છે.આ 'અપ્રત્યક્ષ ફિસ્કલ ડિવિડંડ' લાંબા ગાળે આર્થિક સ્થિરતા માટે મહત્ત્વપૂર્ણ છે. વૈશ્વિક સ્તરે, ભારતનું સંતુલિત અને સંયમિત વલણ તેને એક વિશ્વસનીય મધ્યસ્થ અને જવાબદાર શક્તિ તરીકે રજૂ કરે છે. આવી પ્રતિષ્ઠા ભવિષ્યમાં વેપાર, રોકાણ અને રાજદ્વારી ચર્ચાઓમાં ભારતને લાભ અપાવી શકે છે. આ રીતે, વેનેઝુએલાની ઘટનાએ ભારત માટે જોખમો સાથે સાથે સ્પષ્ટ અને વ્યાવહારિક લાભોની પણ તક ઊભી કરી છેપ, જો તેને સમજદારીપૂર્વક ઉપયોગમાં લેવામાં આવે તો!

**સાઉદીના વર્ચસ્વને પડકારનાર પાકિસ્તાન જેવા દેશોને પણ તે માફ નહીં કરે.**

# સાઉદી અરેબિયા-યુએઈ વચ્ચે વધતો જતો તણાવ

■ પાકિસ્તાનના આંતરિક રાજકારણમાં પણ આ બંને દેશ વચ્ચે ખેંચતાણ છે. સાઉદી ઈચ્છે છે કે ઈમરાન ખાનને મુક્ત કરવામાં આવે અને દેશમાં સ્થિરતા આવે, જ્યારે યુએઈ વર્તમાન શાસન અને નવાઝ શરીફની પુત્રી મરિયમ નવાઝના પક્ષમાં હોવાનું દેખાય છે.

પશ્ચિમ એશિયાના રણદ્વીપ પર અત્યારે સત્તાની એવી રમત ખેલાઈ રહી છે અને સિનારિયો 'એક મ્યાનમાં બે તલવાર ન સમાય' એવો છે.

દાયકાઓ સુધી ભાઈચારાનો દાવો કરનારા સાઉદી અરેબિયા અને યુનાઈટેડ આરબ અમીરાત (યુએઈ) વચ્ચેના સંબંધમાં અત્યારે ગંભીર તિરાડ પડી છે. મુસ્લિમ વિશ્વના આ બે સૌથી શક્તિશાળી દેશ વચ્ચેની સ્પર્ધા હવે માત્ર આર્થિક નથી રહી, પરંતુ તે સૈન્ય અને રાજદ્વારી પ્રભુત્વ મેળવવાની હોડમાં ફેરવાઈ ગઈ છે. કહેવાય છે કે 'પારકી આશ સદા નિરાશ', આ બંને દેશ અમેરિકાના વ્યૂહાત્મક સાથી હોવા છતાં, પોતાનાં હિતોની વાત આવી ત્યારે એ એકબીજાને પછાડવા માટે સુદાનથી લઈને યમન સુધીનાં મેદાનોમાં આમને-સામને આવી ગયા છે.સાઉદી અને યુએઈ વચ્ચેની આ ખેંચતાણ 'ઘર ફૂટે ઘર જાય' જેવી સાબિત થઈ રહી છે. યમનનો સંઘર્ષ આ તણાવનું જીવંત ઉદાહરણ છે. યમન સાઉદી અરેબિયાનો પાડોશી દેશ છે અને સાઉદી ત્યાં સ્થિરતા ઈચ્છે છે, જેથી તેની સીમાઓ સુરક્ષિત રહે, પરંતુ યુએઈની નીતિ અહીં સાઉદીથી તદ્દન અલગ છે. યુએઈ દક્ષિણ યમનમાં જમણેરી જૂથ સધર્ન ટ્રાન્ઝિશનલ કાઉન્સિલ' (STC) ને ટેકો આપી રહ્યું છે, જે એક અલગ દેશની માગણી કરી રહ્યા છે.યુએઈનું લક્ષ્ય યમનના વ્યૂહાત્મક બંદરો અને લાલ સમુદ્રના વેપારી માર્ગો પર કબજો જમાવવાનું છે. સાઉદી માટે આ 'ગળે આંગળી નાખીને ઊલટી કરાવવા' જેવું છે, કારણ કે યમનનું વિભાજન સાઉદીના દક્ષિણ ભાગમાં કાયમી અસ્થિરતા લાવી શકે છે. તાજેતરમાં સાઉદી દળો દ્વારા યુએઈ સમર્થિત જૂથોના કાફલા પર થયેલા હુમલાઓએ સ્પષ્ટ કર્યું છે કે હવે પાણી પહેલાં પાળ બાંધવી અશક્ય છે.યમનમાં ઈરાન સમર્થિત હુથી વિદ્રોહીઓ પણ એક મોટો પડકાર છે. સાઉદી અરેબિયા હુથીઓ સાથે સીધા સંઘર્ષમાં ઉતરતા ડરે છે, હુથીઓના મિસાઈલ હુમલા સાઉદીની તેલ સુવિધાઓ (Aramco) માટે પડખાના ભારે સોજા' સમાન છે. જ્યારે સાઉદી આ જૂથો સાથે શાંતિ વાટાઘાટો કરવા માગે છે ત્યારે યુએઈ પોતાની અલગ સેના બનાવીને મેદાનમાં ઊતર્યું છે. આ પ્રોક્સી વોરના કારણે યમન આજે વિશ્વની સૌથી મોટી માનવીય કટોકટીનો સામનો કરી રહ્યું છે.આ સંઘર્ષ હવે આફ્રિકાના હોર્ન ક્ષેત્રમાં પણ ફેલાયો છે. સુદાનમાં ચાલી રહેલા ભીષણ ગૃહયુદ્ધમાં સાઉદી અરેબિયા સુદાની આર્મ્ડ ફોર્સિસ (SAF)ની પડખે ઊભું છે, જ્યારે યુએઈ રેપિડ સપોર્ટ ફોર્સિસ (ઇજીહ્ન)ને આર્થિક અને લશ્કરી મદદ પૂરી પાડી રહ્યું છે. સુદાનમાં આ બંને દેશોની સ્પર્ધામાં સુદાનના સામાન્ય નાગરિકો કચડાઈ રહ્યા છે. યુએઈની નજર સુદાનના સોનાના ભંડાર અને કૃષિ ક્ષેત્ર પર છે, જ્યારે સાઉદી સુદાનને પોતાની પ્રાદેશિક સુરક્ષાના ભાગ રૂપે જુએ છે.આ આરબ તણાવની સૌથી ગંભીર અસર દક્ષિણ એશિયાના મુસ્લિમ દેશો, ખાસ કરીને પાકિસ્તાન પર પડી રહી છે. પાકિસ્તાન માટે અત્યારે સ્થિતિ 'સૂડી વચ્ચે સોપારી' જેવી છે. પાકિસ્તાન પરંપરાગત રીતે સાઉદીનું દેવાદાર રહ્યું છે, પરંતુ તાજેતરમાં પાકિસ્તાને યુએઈ સાથે રોકાણના મોટા કરારો કર્યા છે. પાકિસ્તાને યુએઈના પ્રમુખનું લાલ જાજમ પાથરીને સ્વાગત કર્યું, એનાથી સાઉદી ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન (MBS) નારાજ થયા હતા.

તેમણે પાકિસ્તાની આર્મી ચીફને મળવાનો ઈન્કાર કરીને દુનિયા સામે સિદ્ધ કરી દીધું છે કે સાઉદીના વર્ચસ્વને પડકારનાર પાકિસ્તાન જેવા દેશોને પણ તે માફ નહીં કરે. એટલું જ નહીં, સાઉદી હવે પાકિસ્તાનનાં પરમાણુ શસ્ત્રો અને મિસાઈલ ટેકનોલોજી સુધી પહોંચ મેળવવા માટે દબાણ કરી રહ્યું છે. પાકિસ્તાનનાં સંરક્ષણ પ્રધાનનું નિવેદન છે કે 'જરૂર પડ્યે પરમાણુ કાર્યક્રમ સાઉદી માટે ઉપલબ્ધ છે આ વાત તે ભારત સહિત સમગ્ર વિશ્વ માટે ચિંતા અને ચેતણીનો વિષય છે.

પાકિસ્તાનના આંતરિક રાજકારણમાં પણ આ બંને દેશ વચ્ચે ખેંચતાણ છે. સાઉદી ઈચ્છે છે કે ઈમરાન ખાનને મુક્ત કરવામાં આવે અને દેશમાં સ્થિરતા આવે, જ્યારે યુએઈ વર્તમાન શાસન અને નવાઝ શરીફની પુત્રી મરિયમ નવાઝના પક્ષમાં હોવાનું દેખાય છે. આનાથી પાકિસ્તાનમાં ખાડો ખોદે તે પડે જેવી સ્થિતિ સર્જાઈ છે, જ્યાં આંતરિક અસ્થિરતા દેશને વિભાજન તરફ ધકેલી રહી છે.

વર્ષ ૨૦૨૫ અને ૨૦૨૬ મુસ્લિમ વિશ્વ માટે નિર્ણાયક સાબિત થશે. પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચેના સંબંધો તળિયે પહોંચી ગયા છે. પાકિસ્તાને અફઘાનિસ્તાન પર કરેલા હવાઈ હુમલાઓએ તાલિબાનને ગુસ્સે કર્યું છે. આ તરફ બાંગ્લાદેશમાં શેખ હસીનાના પતન પછી જે અરાજકતા ફેલાઈ છે અને ૨૦૨૬ માં થનારી ચૂંટણીઓ પર જે જોખમ મંડરાઈ રહ્યું છે, તે દર્શાવે છે કે આખું દક્ષિણ એશિયા અસ્થિરતાના માર્ગે છે.બીજા શબ્દોમાં કહીએ તો સાઉદી અને યુએઈ વચ્ચેની આ લડાઈ માત્ર તેલ કે પૈસાની નથી, પણ ઇસ્લામિક વિશ્વના અઘોષિત ખલીફા' બનવાની છે. જો આ બે મહાસત્તા વચ્ચે વાટાઘાટો દ્વારા ઉકેલ નહીં આવે, તો મુસ્લિમ વિશ્વના નબળા દેશોપત્તાના મહેલ' ની જેમ તૂટી જશે. અત્યારે જરૂર છે એકતાની, નહીં તો ઇતિહાસ સાક્ષી છે કે 'વડના વાંદરા ટેટા ખાય' તેમ સત્તાધીશોના અહંકારમાં સામાન્ય પ્રજાએ જ પાયમાલી ભોગવવી પડે છે. અમેરિકા અને પશ્ચિમી દેશો આ તણાવનો લાભ ઉઠાવી રહ્યા છે, જે મુસ્લિમ ઉમ્માહ ઓળખ માટે આવનારા સમયમાં વધુ મુશ્કેલીઓ ઊભી કરી શકે છે.

# 'ખોસલા કા ઘોસલા-૨'ના શૂટિંગ સાથે અનુપમ ખેરે પોતાની ૫૫૦મી ફિલ્મને કારકિર્દીનો "ઇન્ટરવલ પોઇન્ટ" ગણાવી

સપનાઓની કોઈ એક્સપાયરી ડેટ હોતી નથી! મારો આશાવાદ, ક્યારેય હાર ન માનવાની વૃત્તિ અને કઠોર પરિશ્રમ કરવાની ક્ષમતા આ મારી સૌથી મોટી તાકાત રહી છે! પરંતુ આટલા વર્ષો સુધી ટકી રહેવું માત્ર મારા તમામ પ્રોડ્યૂસરો, દિગ્દર્શકો, સહ-અભિનેતાઓ, ટેક્નિશિયન્સ અને સૌથી ઉપર તમે 'મારા દર્શકો'ના સહકારથી જ શક્ય બન્યું છે

બોલીવૂડના પીઢ અભિનેતા અનુપમ ખેરે ૩ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ દિલ્હી તે જ્યારે પોતાની ૫૫૦મી ફિલ્મ 'ખોસલા કા ઘોસલા ૨' પર કામ શરૂ કર્યું ત્યારે તેમણે આ ઘટનાને પોતાની કારકિર્દીમાં એક ઐતિહાસિક સીમાચિહ્ન ગણાવ્યું હતું. આ ઘટનાને સોશિયલ મીડિયાના માધ્યમ થકી પોતાના ચાહકો અને પ્રસંશકો સુધી પહોંચાડતા ખેરે ભારતીય સિનેમામાં પોતાના દાયકાઓ લાંબી મજલના સંસ્મરણો વાગોળ્યા હતા અને આ સિદ્ધિને અંત નહીં, પરંતુ કૃતજ્ઞતામાંથી ઉપજેલી ઉપલબ્ધિ તરીકે વર્ણવી.

એક ભાવસભર નોંધમાં ખેરે જણાવ્યું કે કાન્સ ફિલ્મ ફેસ્ટિવલ દરમિયાન એક આંતરરાષ્ટ્રીય દિગ્દર્શકે તેમના કામની વિશાળ સંખ્યાની જાણ થતાં તેમને "ભારતીય સિનેમાના મેરાથોન મેન" તરીકે ઓળખાવ્યા હતા. દિલ્હીમાં સીક્વલનું શૂટિંગ શરૂ કરતાં તેમણે લખ્યું, "આજે જ્યારે હું મારી ૫૫૦મી ફિલ્મ ખોસલા કા ઘોસલા-૨નું શૂટિંગ શરૂ કરી રહ્યો છું, ત્યારે મારું હૃદય કૃતજ્ઞતા અને આભારભાવથી ભરાઈ ગયું છે!"

પોતાના શરૂઆતના વર્ષોને યાદ કરતાં ખેરે જણાવ્યું કે ૩ જૂન, ૧૯૮૧ના રોજ તેઓ મુંબઈ આવ્યા હતા અને ત્યારે એમને ખબર પણ નહોતી કે આવું એક મોટી કારકિર્દી તેમની રાહ જોઈ રહી હશે. "મને ક્યારેય સપનામાં પણ લાગ્યું નહોતું કે હું ૫૫૦ ફિલ્મોના આ માઈલસ્ટોન સુધી પહોંચીશ," એમ તેમણે લખ્યું અને ઉમેર્યું કે આ સિદ્ધિ છતાં તેઓ પોતાને હજુ અધૂરા માને છે. "હું તો મારા જીવન અને કારકિર્દીના માત્ર 'ઇન્ટરવલ પોઇન્ટ' પર પહોંચ્યો છું! સપનાઓની કોઈ એક્સપાયરી તારીખ નથી!"



અભિનેતાએ પોતાની ૪૪ વર્ષ લાંબી કારકિર્દી માટે આશાવાદ, અડગતા અને કઠોર પરિશ્રમને શ્રેય આપ્યું, તેમજ ઉદ્યોગમાં ટકી રહેવા પાછળની સામૂહિક મહેનતને પણ ઉજાગર કરી. "આટલા વર્ષો સુધી મારું ટકવું માત્ર મારા તમામ પ્રોડ્યૂસરો, દિગ્દર્શકો, સહ-અભિનેતાઓ, ટેક્નિશિયન્સ અને સૌથી ઉપર તમે 'મારા દર્શકો' ના સહકારથી જ શક્ય બન્યું છે!" અંતમાં ખેરે કૃતજ્ઞતા અને આસ્થાનો સંદેશ આપતાં લખ્યું: "જય હો! જય હિંદ! ઓમ નમઃ શિવાય!"

### તમે ભારતીય ફિલ્મોના 'મેરેથોન મેન છો': હોલીવૂડ ડિરેક્ટર

"ગયા વર્ષે કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં જ્યારે મેં એક આંતરરાષ્ટ્રીય દિગ્દર્શકને મેં કેટલી ફિલ્મોમાં અભિનય કર્યો છે તેની સંખ્યા કહી, ત્યારે તેમણે કહ્યું— 'તો તમે તો ભારતીય સિનેમાના સ્છ્ઇછ્ઉँद्र સ્છદ્ર છો!!' આજે જ્યારે હું મારી ૫૫૦મી ફિલ્મ ખોસલા કા ઘોસલા-૨નુ શૂટિંગ શરૂ કરી રહ્યો છું, ત્યારે મારું હૃદય કૃતજ્ઞતા અને આભારભાવથી છલકાઈ રહ્યું છે! ૩ જૂન ૧૯૮૧ના રોજ, સપનાઓના શહેર મુંબઈમાં જ્યારે હું ઉતર્યો, ત્યારે ક્યારેય કલ્પના પણ નહોતી કે હું ૫૫૦ ફિલ્મોના આ માઈલસ્ટોન સુધી પહોંચીશ. પરંતુ આજે હું દિલ્હીમાં કેકેજી-૨ માટેનો પહેલો શોટ આપવા તૈયાર છું. જાણ માટે કહું તો, મને ખરેખર લાગે છે કે મારી પાસે હજી ઘણું આપવાનું છે, ઘણું કરવાનું છે! હું મારા જીવન અને કારકિર્દીના માત્ર 'ઇન્ટરવલ પોઇન્ટ' પર જ પહોંચ્યો છું! સપનાઓની કોઈ એક્સપાયરી ડેટ હોતી નથી! મારો આશાવાદ, ક્યારેય હાર ન માનવાની વૃત્તિ અને કઠોર પરિશ્રમ કરવાની ક્ષમતા આ મારી સૌથી મોટી તાકાત રહી છે! પરંતુ આટલા વર્ષો સુધી ટકી રહેવું માત્ર મારા તમામ પ્રોડ્યૂસરો, દિગ્દર્શકો, સહ-અભિનેતાઓ, ટેક્નિશિયન્સ અને સૌથી ઉપર તમે 'મારા દર્શકો'ના સહકારથી જ શક્ય બન્યું છે! તમારા સહકાર વગર આ માઈલસ્ટોન સુધી પહોંચવું ક્યારેય શક્ય બનતું નહીં! તેથી દિલથી એક મોટો થેંક યુ, જય હો! જય હિંદ! ઓમ નમઃ શિવાય!



# દીપિકાના જન્મદિવસે લોંચ થયો અટલીની AA22xA6નો પહેલો લૂક

### કલકિ અને સ્પિરિટમાંથી એક્ઝિટ પછી દીપિકા માટે અલ્લુ અર્જૂન સાથેની ફિલ્મ મહત્વની

દીપિકા પાદુકોણે સાબિત કરી દીધું છે કે જો એક દરવાજો બંધ થાય તો બીજી બ્લોબસ્ટર ખુલી જાય છે. કલકિ અને સ્પિરિટ જેવી મહત્વની બે મોટી ફિલ્મ છોડ્યા પછી તેણે તરત જ અટલી અને અલ્લુ અર્જૂનની આ સાઈ ફાઈ ફિલ્મ છ્છ૨૨ટછ૬ સ્વીકારી લીધી હતી, ત્યારથી આ ફિલ્મ અંગે પણ ઘણી ઉત્સુકતા છે. હવે આ ફિલ્મમાંથી દીપિકાનો પહેલો લૂક લોંચ કરવામાં આવ્યો છે. દીપિકાના ૪૦મા દિવસે પણ આ લૂક લોંચ થતાં તેની ચર્ચા વધી ગઈ હતી.

અટલીની ફિલ્મ પ્રોડ્યુસ કરી રહેલી પ્રોડક્શન કંપની સન પિક્ચર્સના સન મ્યુઝિક દ્વારા એક ઈમેજ શેર કરવામાં આવી હતી. અટલની મહત્વાકાંક્ષી સઈફાઈ ફિલ્મમાંથી દીપિકાનાં બહાદુર અને શક્તિશાળી રોલની ઝલક આપવામાં આવી છે, જેમાં અલ્લુ અર્જૂન પણ લીડ રોલમાં છે.

છેલ્લે દીપિકાએ જ્યારે સ્પિરિટ અને કલકિ ૨૮૯૮ એડી છોડી ત્યારે તેની ઘણી ચર્ચા થઈ હતી. તેણે તેનાં આંઠ કલાકની શિફ્ટ અને વર્ક લાઈફ બેલેન્સની માગણીના કારણે આ ફિલ્મ છોડી હતી અને તેનાં કારણે હજુ સુધી સમગ્ર ઈન્ડસ્ટ્રીમાં ચર્ચા છે. કલકિની ટીમે આ અંગે એક નિવેદન જાહેર કરીને કહ્યું હતું કે દીપિકાએ આ ફિલ્મ છોડી દીધી છે. આ નિવેદનમાં કહેવાયું હતું કે, "વિચારપૂર્વકની ચર્ચાઓ બાદ એવું ધ્યાનમાં લેવાયું છે કેઅમે હવે અલગ થવાનો નિર્ણય લીધો છે. પહેલી ફિલ્મ બનાવવાની લાંબી સફ પછી પણ અમે ભાગીદારી કેળવવામાં નિષ્ફળ રહ્યાં છીએ. કલકિ ૨૮૯૮ એડી જેવી ફિલ્મમાં ઘણા કમિટમેન્ટ અને ઘણી જરૂર હોય છે. અમે તેને ભવિષ્યના કામ માટે શુભેચ્છાઓ આપીએ છીએ."

તાજેતરમાં એક ઈન્ટરવ્યુમાં દીપિકાએ પોતાની કેરિઅરના નિર્ણયો અંગે વાત કરી હતી. તેણે કહ્યું, "મેં જ્યારે મારી સફરની શરુ કરી ત્યારે, ત્યારે મને ઘણી વખત કહેવાતું કે એક સ્ત્રીએ કઈ રીતે રહેવું જોઈએ કે સફળતાની તેની સફર પાસે શું અપેક્ષા હોય છે. જોકે, શરૂઆતથી જ હું ક્યારેય પ્રશ્નો પુછવાથી ડરી નથી, ભલે કપરાં ચઢાણ હોય તો પણ સમાજના બીબાંઢાળ વિચારોને પડકારતાં રહો. જેથી તમે તેને નવો આકાર આપી શકો, જેમાં આપણે બધાંએ ફિટ થવાનું હોય છે."

જો આ અટલીની ફિલ્મ વિશે વાત કરવામાં આવે તો આ અલ્લુ અર્જુનની ફિલ્મ છે, જેમાં દેશના બે સૌથી મોટા કલાકારો કામ કરી રહ્યાં છે. આ સાઈ-ફાઈ ફિલ્મમાં એક્શન ડ્રામા અને મહાકાય સેટ બધું જ છે. અટલી આ પહેલાં પણ જવાન અને થેરી જેવી સફળ ફિલ્મો આપી ચુક્યા છે. આ એક એવી ફિલ્મ હશે જેનાથી ફિલ્મની સર્જનાત્મકતા અને વિઝ્યુઅલ મર્યાદાઓને નવી વ્યાખ્યા મળી જશે.

# અનિલ કપૂર ૨૫ વર્ષ બાદ હવે નિર્માતા અને અભિનેતા તરીકે નાયક-૨માં જોવા મળશે

લગભગ ૨૫ વર્ષ પછી, અનિલ કપૂરે ફિલ્મના રાઈટ્સ મેળવી લીધા હોવાના અહેવાલો ઈન્ટરનેટ પર સામે આવ્યા છે, જેના કારણે સીક્વલ અંગે જોરદાર ચર્ચા શરૂ થઈ હતી

નાયક-૨ના સહ-નિર્માતા દીપક મુકુટે પુષ્ટિ કરી હતી કે અનિલ કપૂર નાયક-૨ને પ્રોડ્યુસ કરવા ઉપરાંત તેમાં મેઈન હિરો તરીકે અભિનય પણ કરશે. ૨૦૦૧માં રિલીઝ થયેલી રાજકીય ડ્રામા ફિલ્મ 'નાયકઃ ધ રિયલ હીરો'ના સીક્વલ પર લગભગ ૨૫ વર્ષ બાદ કામ શરૂ થઈ રહ્યું છે. ૨૦૦૧માં રિલીઝ થયેલી આ ફિલ્મ સમય જતાં કલ્ટ રાજકીય ડ્રામા બની હતી. હવે, લગભગ ૨૫ વર્ષ પછી, અનિલ કપૂરે ફિલ્મના રાઈટ્સ મેળવી લીધા હોવાના અહેવાલો ઈન્ટરનેટ પર સામે આવ્યા છે, જેના કારણે સીક્વલ અંગે જોરદાર ચર્ચા શરૂ થઈ હતી.



હાલ સુધી ફિલ્મના કૉપિરાઈટ ધરાવતા નિર્માતા દીપક મુકુટે હવે પુષ્ટિ કરી છે કે નાયક-૨ પર કામ ચાલી રહ્યું છે. તેમણે ખુલાસો કર્યો કે તેઓ અને અનિલ કપૂર મળીને નાયક-૨નું નિર્માણ કરશે. સાથે જ તેમણે જણાવ્યું કે અનુભવી અભિનેતા અનિલ કપૂર ફિલ્મમાં પ્રોડ્યુસર હોવા ઉપરાંત અભિનય પણ કરશે. ૨૫ વર્ષ અગાઉ આવેલી નાયકનું મૂળ નિર્માણ એ.એસ. રત્નમે કર્યું હતું અને ત્યારબાદ ફિલ્મના હકો નિર્માતા દીપક મુકુટ પાસે આવ્યા હતા. અનિલ કપૂરે તેમની પાસેથી રાઈટ્સ ખરીદી લીધા છે કે કેમ? તે પ્રશ્નના જવાબમાં દીપક મુકુટે હિન્દુસ્તાન ટાઈમ્સને કહ્યું "હું અને અનિલ કપૂર મળીને આ ફિલ્મ બનાવી રહ્યા છીએ. હાલ ઘણી ચર્ચાઓ ચાલી રહી છે, તેથી આ સમયે વધુ કંઈ કહેવું કવેળાનું ગણાશે". તેમણે આગળ પુષ્ટિ કરતાં જણાવ્યું, "હા, સીક્વલ પર કામ ચાલી રહ્યું છે અને અમે બંને મળીને તેનું નિર્માણ કરી રહ્યા છીએ." પ્રોડક્શન શિડ્યૂલ અને કાસ્ટિંગ અંગે વિગતો આપ્યા વિના, તેમણે એટલું જરૂર કહ્યું કે અનિલ કપૂર સીક્વલમાં અભિનય કરશે. "અવશ્ય, તેઓ અભિનય કરશે!" એમ તેમ તેમણે કહ્યું હતું.

આ ઉપરાંત દીપક મુકુટે બોમ્બે ટાઈમ્સને જણાવ્યું, "હું વધારે વિગતો આપી શકું નહીં, પણ એટલું કહી શકું કે અમે બંને મળીને આ પ્રોજેક્ટ કરી રહ્યા છીએ. અફવાઓને લઈને અમને વાંધો નથી, પરંતુ હકીકત એ છે કે અમે સાથે કામ કરી રહ્યા છીએ. પ્રોજેક્ટ હાલ વિવિધ પ્રક્રિયામાં છે અને ટૂંક સમયમાં તેની જાહેરાત કરીશું." તેમણે વધુમાં ઉમેર્યું હતું કે "આ એક લેગસી પ્રોજેક્ટ છે. લગભગ ૨૫ વર્ષ થઈ ગયા. દરેક ફિલ્મનું પોતાનું નસીબ હોય છે. જ્યારે યોગ્ય સમય આવે, ત્યારે બધું બને છે. અમને લાગ્યું કે હવે તેનો યોગ્ય સમય છે. અમારી વચ્ચે સમજણ થઈ ગઈ છે અને અમે સાથે મળીને કામ કરી રહ્યા છીએ. આથી વધુ હું કંઈ કહી શકું તેમ નથી." તેમણે એ પણ સ્પષ્ટ કર્યું કે સ્ક્રિપ્ટ આખરી થયા બાદ અને તમામ બાબતો નક્કી થયા પછી જ ફિલ્મ ફ્લોર પર જશે. ૨૫ વર્ષ પહેલાં બ્લોકબસ્ટર પૂરવાર થયેલી અને અનિલ કપૂર, રાની મુખર્જી અને અમરીશ પુરી અભિનિત રાજકીય ફિલ્મ 'નાયકઃ ધ રિયલ હીરો' ૭ સપ્ટેમ્બર, ૨૦૦૧ના રોજ રિલીઝ થઈ હતી. એસ. શંકર દિગ્દર્શિત આ ફિલ્મ તેમની ૧૯૯૯ની તમિલ ફિલ્મ મુધલવનની રીમેક હતી.

'નાયકઃ ધ રિયલ હીરો' શિવાજી રાવ ગાયકવાડની કહાની રજૂ કરે છે—એક સામાન્ય નાગરિક, જે ભ્રષ્ટ મુખ્યમંત્રી બલરાજ ચૌહાણ (અમરીશ પુરી દ્વારા યાદગાર અભિનય) સામે અવાજ ઉઠાવે છે. પડકાર સ્વરૂપે મુખ્યમંત્રી શિવાજીને ૨૪ કલાક માટે રાજ્ય ચલાવવાની તક આપે છે—આ પ્રયોગ રાજકીય અશાંતિ, સુધારા અને તીખી રાજકીય ટીપ્પણીઓની શ્રેણી શરૂ કરે છે.

# વિજય દેવરકોંડાની ફિલ્મ 'કિંગડમ ૨' પડતી મુકાઇ

એક તરફ વિજય દેવરકોંડા અને રશ્મિકા મંદાનાના લગ્નની અફવાઓ અને ચર્ચાઓમાં રોજ કશુંક નવું આવી રહ્યું છે, ત્યારે બીજી તરફ તેના કૅરિઅરની સૌથી મહત્વની ફિલ્મ મનાતી કિંગડમની સિક્વલ હવે પડતી મુકાઈ છે. આ અંગે ફિલ્મના પ્રોડ્યુસર નાગા વમાસીએ જાહેરાત કરી દીધી છે. તાજેતરમાં એક ઈન્ટરવ્યુમાં આ અંગે વાત કરવાનો કે કારણ આપવાનો પણ તેમણે ઈનકાર કરી દીધો હતો.

ફિલ્મની સિક્વલ અંગે પુછાયેલા પ્રશ્નના જવાબમાં નાગા વામસીએ જણાવ્યું હતું, "ના, હવે અમે એ નથી બનાવવાના. શું થયું અને કેમ ન ચાલી એ અંગે ચર્ચા કરવાનો હવે કોઈ અર્થ જ નથી કારણ કે તેનાથી ગૌતમને ખરાબ લાગશે. હવે એમાં કશું થઈ શકે તેમ નથી. હું ડિરેક્ટર ગૌતમ સાથે ફરી ચોક્કસ કામ કરીશ પરંતુ હાલ તે કોઈ અલગ પ્રકારની ફિલ્મના કામમાં વ્યસ્ત છે."

ગયા જુલાઈ મહિનામાં વિજય દેવરકોંડાની કિંગડમ રિલીઝ થઈ હતી, એ વખતે વિજયને તેની મંદ પડેલી કૅરિઅરમાં કોઈ એક હિટ ફિલ્મની તાતી જરૂર હતી. ૨૦૨૨માં તેની લિંગર રિલીઝ થઈ ત્યારથી તેની એક પછી એક ફિલ્મ નિષ્ફળ જઈ રહી હતી. તેથી આ ફિલ્મની હાઈપ અને માર્કેટિંગ પછી પણ ફિલ્મ વર્લ્ડવાઈડ માત્ર ૮૨ કરડની જ કમાણી કરી શકી. આ ફિલ્મમાં વિજય દેવરકોંડાની સાથે સત્યદેવ, વેંકટેશ અને ભાગ્યશ્રી બોર્સે જેવા કલાકારો હતાં. જેમાં વિજય સુરીના રોલમાં હતો, એક કોન્સ્ટેબલ જે જાસુસ બનીને એક ગેંગને ખુલી પાડવા શ્રીલંકા પહોંચે છે. આ ફિલ્મને સિક્વલની આશાએ લટકતા અંત સાથે છોડી દેવાઈ હતી.




# ૨૦૨૬માં આ એક્ટર-ડિરેક્ટરની જોડીની ફરી રાહ રહેશે

## અક્ષય-પ્રિયદર્શનથી લઇને વરુણ-ડેવિડ ધવન અને શાહિદ-વિશાલ ભારદ્વાજની જોડી ફરી સાથે આવશે

૨૦૨૬ના વર્ષને એક્ટર-ડિરેક્ટરના પનર્મિલનનું વર્ષ કહી શકાય છે. કારણ કે આ વર્ષમાં એવાં ઘણા કલાકારો છે, જે પોતાના ડિરેક્ટર્સ સાથે આ વર્ષમાં ફરી કામ કરી રહ્યા છે. મોટા પડદે તેમની જોડીઓનો જાદુ જોવા ફરી દર્શકો પણ આતુર છે. એક્ટર્સ અને ડિરેક્ટર્સ ફરી તેમણે જેમની સાથે કામ કર્યું છે, તેમની સાથે કામ કરવા પ્રેરાય છે, તેની પાછળ પણ કારણો છે. તેઓ એકબીજા પર આસાનીથી વિશ્વાસ મુકી શકે છે અને સાથે તેમની જોડીને દર્શકોનો પ્રેમ પણ મળે છે.અનુરાગ સિંહે આ પહેલાં દિલજિત દોસાંજ અને સોનમ બાજવા સાથે પંજાબી ફિલ્મો બનાવેલી છે, જેમાં ૨૦૧૪ની પંજાબ અને ૨૦૧૭ની સુપર સિંઘ સહિતની ફિલ્મોનો સમાવેશ થાય છે. હવે આ ત્રિપુટી ફરી એક વખત સાથે આવી રહી છે. પરંતુ આ વખતે તેઓ એક હિન્દી ફિલ્મમાં સાથે આવી રહ્યાં છે, અનુરાગ સિંહે બોર્ડર ૨ ડિરેક્ટ કરી છે, જેમાં સોનમ બાજવા અને દિલજિતની જોડી જોવા મળશે. આ ફિલ્મ ૨૬ જાન્યુઆરીના વીકેન્ડમાં રિલીઝ થઈ રહી છે.

વિશાલ અને શાહીદની જોડી આ પહેલાં ૨૦૦૯માં કમીનેથી શરૂ કરીને ૨૦૧૪માં હૈદર અને ૨૦૧૭માં રંગૂન સહિત ત્રણ યાદગાર ફિલ્મો આપી ચુકી છે. હવે તેઓ ફરી એક વખત સાથે કામ કરી રહ્યા છે અને ઓ રોમિયો નામની ફિલ્મ લઈને આવી રહ્યા છે. આ ફિલ્મ ફેબ્રુઆરીમાં રિલીઝ થવાની શક્યતા છે અને તેમાં તૃપ્તિ ડીમરી લીડ રોલમાં છે, સાથે અવિનાશ તિવારી, તમન્ના ભાટિયા અને વિક્રાંત મેસ્સી પણ મહત્વના રોલમાં જોવા મળશે.

મુદસ્સર અઝીઝ અને રકુલપ્રીત સિંહે સૌથી પહેલાં રોમેન્ટિક કમેડી મેરે હસબન્ડ કી બીવીમાં ગયા વર્ષે સાથે કામ કર્યું હતું. આ વર્ષે હવે તેઓ પતિ પત્ની ઔર વો દોમાં સાથે કામ કરી રહ્યાં છે. જેમાં રકુલપ્રીત સાથે આયુષ્યમાન ખુરાના, સારા અલી ખાન અને વામિકા ગબ્બી પણ કામ કરી રહ્યાં છે. આ ફિલ્મ માર્ચમાં રિલીઝ થશે.



ઈમ્તિઆઝ અલી અને દિલજિત દોસાંજે પહેલી વખત એકસાથે અમરસિંહ ચમકિલામાં કામ કર્યું હતું, જે એક બાયોપિક હતી. તેને વિવેચકોએ તો વખાણી સાથે તેને એમિ એવોર્ડ્ઝમાં પણ બેસ્ટ ફિલ્મ અને બેસ્ટ એક્ટર કેટેગરીમાં નોમિનેશન મળ્યું હતું. હવે તેઓ ફરી એક વખત સાથે કામ કરી રહ્યા છે, તેમાં વેદાંગ રૈના અને શર્વરી વાઘ પણ છે. આ ફિલ્મ આ વર્ષના અંતમાં રિલીઝ થઈ શકે છે.આ જોડી ઈન્ડિયન સિનેમાની સૌથી લોકપ્રિય જોડી છે. પ્રિયદર્શન અને અક્ષય કુમારે આ પહેલાં ૨૦૦૦માં હેરાફેરી, ૨૦૦૫ ગરમ મસાલા, ૨૦૦૬માં ભાગમભાગ અને ૨૦૦૭માં ભૂલભુલૈયા જેવી સફળ અને યાદગાર ફિલ્મો આપી છે. હવે તેઓ ફરી એક વખત એક પછી એક ત્રણ ફિલ્મ લઈને આવી રહ્યા છે. પહેલાં તેમની ભૂતબંગલા રિલીઝ થશે, તેના પછી હૈવાન પણ આ જ વર્ષે રિલીઝ થશે. ત્યાર પછી તેઓ ટૂંક સમયમાં હેરા ફેરી ૩નું કામ શરૂ કરશે.હિન્દી સિનેમાની સૌથી લોકપ્રિય ફ્રેન્ચાઈઝીમાંની એક દૃશ્યમનો નવો ભાગ આ વર્ષે આવી રહ્યો છે, તે પણ ગાંધી જયંતિ પર જ રિલીઝ થશે. આ ફિલ્મમાં ફરી એક વખત અજય દેવગન અને તબુ અભિષેક પાઠક સાથે વધુ એક વખત કામ કરી રહ્યાં છે. હવે આ ફિલ્મની કાસ્ટમાં જયદીપ આહલાવત પણ જોડાયો છે, તાજેતરમાં અક્ષય ખન્નાએ ફિલ્મ છોડતમાં તેના રોલમાં જયદીપને લેવાયો છે. આ ઉપરાંત વરુણ ધવન અને ડેવિડ ધવન પિતા પુત્રની જોડી ફરી એક વખત મેં તેરા હિરો અને જુડવા પછી હૈ જવાની તો ઇશ્ક હોના હૈમાં સાથે કામ કરી રહી છે. તેમની ફિલ્મ જુનમાં રિલીઝ થઈ શકે છે. તે ઉપરાંત રિતેશ દેશમુખ અને જેનિલિયા દેશમુખ પણ ૨૦૨૨માં આવેલી તેમની મરાઠી ફિલ્મ વેડ પછી રાજા શિવાજીમાં કામ કરી રહ્યાં છે. જોકે, રિતેશ આ ફિલ્મ પ્રોડ્યુસ પણ કરશે અને આ ફિલ્મમાં જેનિલિયા પણ જોવા મળશે. આ ફિલ્મ મે મહિનામાં રિલીઝ થઈ શકે છે.

# બાંગ્લાદેશનો ક્રિકેટર મુસ્તાફિઝુર રહેમાન પીએસએલમાં જોડાયો

## રહેમાનને આઈપીએલમાં રમવા પર પ્રતિબંધ મૂકાયો હતો, ICC-BCBની બેઠક ટળી



બાંગ્લાદેશમાં લઘુમતિ હિન્દુઓ પર અત્યાચારના પડઘા ક્રિકેટ જગતમાં પણ પડતાં ક્રિકેટર મુસ્તાફિઝુર રહેમાનને ઈન્ડિયન પ્રીમિયર લીગમાં રમવા માટે પ્રતિબંધ મૂકાયા બાદ તે મંગળવારે પાકિસ્તાન સુપર લીગ (પીએસએલ)માં રમશે તેવી જાહેરાત કરાઈ હતી. પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે દ્વારા તેના સત્તાવાર એક્સ હેન્ડલથી જણાવ્યું હતું કે, બાંગ્લાદેશનો ક્રિકેટર મુસ્તાફિઝુર રહેમાન પીએસએલની આગામી સિઝનમાં રમશે. હજુ પીએસએલની આગામી આવૃત્તિ માટે ખેલાડીઓની હરાજી બાકી છે તેમ છતાં પાકિસ્તાને આ પ્રકારની જાહેરાત કરી હતી.

ઉલ્લેખનીય છે કે, ભારત અને બાંગ્લાદેશના વણસેલા સંબંધોને લીધે ભારતીય ક્રિકેટ બોર્ડે તાજેતરમાં આઈપીએલની ટીમ કોલકાતા નાઈટ રાઈડર્સ (કેકેઆર)ને તેની ટીમમાં રહેલા બાંગ્લાદેશી ખેલાડી મુસ્તાફિઝુર રેહમાનને મુક્ત કરવા આદેશ આપ્યો હતો.

આઈપીએલમાં રહેમાનના રમવા પર પ્રતિબંધ મૂકાયો હોવાથી કેકેઆરે તેને મુક્ત કર્યો હતો. બીજીતરફ બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડે ખેલાડીઓની સુરક્ષાના મુદ્દે આ વર્ષે ટી૨૦ વર્લ્ડ કપ માટે બાંગ્લાદેશની ક્રિકેટ ટીમને ભારત નહી મોકલવાનું જણાવ્યું હતું. આ મુદ્દે આઈસીસી અને બીસીબી વચ્ચેની આજરોજ મળનારી વર્ચ્યુઅલ બેઠકમાં વિલંબ થયો હતો અને ટળી હતી. આ બેઠકમાં બાંગ્લાદેશની ટી૨૦ વર્લ્ડ કપની મેચો ભારતને બદલ સહ યજમાન શ્રીલંકામાં ખસેડવા વિચારણા થવાની અપેક્ષા હતી.

બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડના સૂત્રોના મતે, તેમના બોર્ડના પ્રમુખ અમિનુલ ઈસ્લામ બુલબુલે આઈસીસીને સુરક્ષાના સંદર્ભે મોકલેલા ઈ-મેઈલ બદલ તેઓ લેખિત જવાબની અપેક્ષા રાખી રહ્યા છે. બીસીસીઆઈએ કેકેઆરને બાંગ્લાદેશી ખેલાડી મુસ્તાફિઝુરની રૂ.૯.૨ કરોડનો કરાર રદ કરવા આદેશ આપ્યો હતો. બીસીબીએ બાદમાં વળતો પ્રહાર કરીને ટી૨૦ વર્લ્ડ કપમાં બાંગ્લાદેશની તમામ મેચો શ્રીલંકામાં ખસેડવા આઈસીસીને લેખિતમાં જાણ કરી હતી.

મુસ્તાફિઝુરને આઈપીએલમાં રમાડવા પર પ્રતિબંધ મૂકાતા તેને કોઈ આર્થિક વળતર પણ નહીં મળે તેવી શક્યતા જણાય છે.



# બાંગ્લાદેશ ક્રિકેટ ટીમને ટી૨૦ વર્લ્ડ કપ રમવા ભારત આવવું જ પડશે!

## ICCએ સ્થળ બદલવાની માગ ફગાવી, નહીં રમે તો પોઈન્ટ્સ કપાશે

આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ (ICC)એ T20 વર્લ્ડ કપ સ્થળ બદલવાની બાંગ્લાદેશની વિનંતીને નકારી કાઢી છે.ICCએ સ્પષ્ટપણે કહ્યું છે કે બાંગ્લાદેશે વર્લ્ડ કપ રમવા માટે ભારત આવવું પડશે. જો નહી આવે તો પોઈન્ટ્સ કપાશે.

સૂત્રોના જણાવ્યા અનુસાર બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડને એક વર્ચ્યુઅલ મીટિંગ દરમિયાન જણાવવામાં આવ્યું હતું કે સુરક્ષા કારણોસર ભારતની બહાર મેચ રમવાની તેમની વિનંતીને નકારી કાઢવામાં આવી રહી છે. ICCએ BCBને જણાવ્યું હતું કે બાંગ્લાદેશે T20 વર્લ્ડ કપ રમવા માટે ભારત જવું પડશે, નહીંતર પોઈન્ટ ગુમાવવાનો સામનો કરવો પડશે. દરમિયાન, BCBના સૂત્રો કહે છે કે તેમને ICC દ્વારા વિનંતીને નકારી કાઢવાની જાણ કરવામાં આવી નથી.

IPL ટીમ KKRએ તાજેતરમાં BCCIના કહેવા પર બાંગ્લાદેશી ફાસ્ટ બોલર મુસ્તફિઝુર રહેમાનને રિલીઝ કર્યો હતો. BCCIએ સ્થાનિક વિરોધને કારણે આ નિર્ણય લીધો હતો, કારણ કે ભારતીય લોકો બાંગ્લાદેશમાં હિન્દુઓ પર થતા અત્યાચારોથી ગુસ્સે છે. પરિણામે, ઘણા લોકોએ રહેમાનને ૯.૨૦ કરોડમાં IPLમાં ખરીદવાનો વિરોધ કર્યો હતો.

જ્યારે KKRએ રહેમાનને મુક્ત કર્યો ત્યારે બાંગ્લાદેશી સરકાર પણ આ વિવાદમાં કૂદી પડી. તેણે ૭ ફેબ્રુઆરીથી ભારતમાં શરૂ થનારા T20 વર્લ્ડ કપનો બહિષ્કાર કરવાની ધમકી આપી. ICCને લખેલા પત્રમાં, BCBએ જણાવ્યું હતું કે તે ભારતમાં મેચો રમશે નહીં અને આ સાથે જ માંગ કરી હતી કે તે મેચો શ્રીલંકામાં સ્થાનાંતરિત કરવામાં આવે.બાંગ્લાદેશે દલીલ કરી હતી કે તેમના ખેલાડીઓની સલામતી માટે આ જરૂરી હતું. ગુસ્સામાં બાંગ્લાદેશે બાંગ્લાદેશમાં IPLના પ્રસારણ પર પણ પ્રતિબંધ મૂક્યો હતો. જોકે, ICCએ હવે સ્પષ્ટપણે કહ્યું છે કે બાંગ્લાદેશે વર્લ્ડ કપ મેચ રમવા માટે ભારત આવવું જ પડશે.

# ભારતમાં જ વર્લ્ડકપ રમવો પડશે અન્યથા પોઈન્ટ જશે : બાંગ્લાદેશને ICC નું અલ્ટીમેટમ

**બાંગ્લાદેશની મેચોનું સ્થળ બદલવાની માંગ ફગાવી : રહેમાન પ્રકરણને ચગાવવાની પેરવી પર પાણી ફેરવતી આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કાઉન્સીલ**



ન્યુ દિલ્હી : આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ (ICC) એ બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ (BCB) ની T20 વર્લ્ડ કપને સ્થળાંતરિત કરવાની વિનંતીને નકારી કાઢી છે. ICC એ સ્પષ્ટ કર્યું છે કે બાંગ્લાદેશે તેની બધી લીગ મેચ ભારતમાં રમવી પડશે, નહી તો પોઈન્ટ ગુમાવવાનો સામનો કરવો પડશે.

મુસ્તફિઝુર રહેમાનને IPLમાંથી બહાર કર્યા બાદ BCB એ સુરક્ષા કારણોસર ભારતમાં ૨૦ વર્લ્ડ કપ મેચ રમવાનો ઇનકાર કરી દીધો હતો અને ICC ને તેની મેચો શ્રીલંકામાં ખસેડવાની અપીલ કરી હતી.

સમાચાર એજન્સી ANI ના અહેવાલ મુજબ, ICC પ્રમુખ જય શાહ અને અન્ય અધિકારીઓ મંગળવારે મુંબઈમાં હતા. તેમણે પહેલા ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ ના અધિકારીઓ સાથે અને પછી બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ સાથે ચર્ચા કરી.

ICC એ સ્પષ્ટપણે કહ્યું હતું કે સ્થળમાં કોઈ ફેરફાર કરવામાં આવશે નહી અને બાંગ્લાદેશે ફક્ત ભારતમાં જ વર્લ્ડ કપ મેચ રમવાની રહેશે, નહીં તો તેને પોઈન્ટ ગુમાવવા પડશે.

# ‘તે પોતાની ભૂલો સુધારવાને બદલે ભાગી ગયો’, કોહલીની ટેસ્ટ નિવૃત્તિ પર માંજરેકરની વિચિત્ર ટિપ્પણી



ભૂતપૂર્વ ભારતીય બેટ્સમેન સંજય માંજરેકરે વિરાટ કોહલીના ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ પર ટિપ્પણી કરી છે. તેમનું માનવું છે કે કિંગ કોહલીએ પોતાની ભૂલો સુધારવા કરતાં આ ફોર્મેટ છોડી દેવાનું વધુ સારું હતું. તેમનું માનવું છે કે ભૂતપૂર્વ કેપ્ટને પોતાનું ફોર્મ સુધારવા પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈતું હતું.

માંજરેકરે કહ્યું કે, જ્યારે જો રૂટ ટેસ્ટ ક્રિકેટમાં નવી ઊંચાઈઓ પર પહોંચી રહ્યો છે અને સ્ટીવ સ્મિથ અને કેન વિલિયમસન જેવા સમકાલીન ખેલાડીઓ તેમના વારસાને વધુ મજબૂત બનાવી રહ્યા છે, ત્યારે ટેસ્ટ ક્રિકેટમાં કોહલીની ગેરહાજરી વધુ ગંભીર છે. તેમના મતે, છેલ્લા પાંચ વર્ષમાં ટેસ્ટ ક્રિકેટમાં કોહલીના સંઘર્ષોને ગંભીરતાથી લેવામાં આવ્યા નથી.

ઈન્સ્ટાગ્રામ પર શેર કરાયેલા એક વીડિયોમાં, માંજરેકરે કહ્યું, "જ્યારે હું જો રૂટને ટેસ્ટ ક્રિકેટમાં પ્રગતિ કરતો જોઉં છું, ત્યારે મારું મન વિરાટ કોહલી તરફ જાય છે. તેણે ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધી હતી, અને તે દુર્ભાગ્યપૂર્ણ છે કે નિવૃત્તિ પહેલાના પાંચ વર્ષમાં, જ્યારે તે ફક્ત ૩૧ રનની સરેરાશથી રમી રહ્યો હતો, ત્યારે તેણે સમસ્યા શું છે તે શોધવાનો સંપૂર્ણ પ્રયાસ કર્યો ન હતો."

માંજરેકરે કહ્યું, "ટેસ્ટ ક્રિકેટ દરેક પાસામાં તમારી કસોટી કરે છે - ટેકનિક, ધીરજ અને માનસિક શક્તિ. T20 ના પડકારો અલગ હોય છે, પરંતુ બેટ્સમેનની સાચી ઓળખ ટેસ્ટ ક્રિકેટમાં સ્થાપિત થાય છે. વિરાટ જેવા ફિટ ખેલાડી પાસેથી અપેક્ષા રાખવામાં આવતી હતી કે તે પોતાનું ફોર્મ પાછું મેળવવા માટે સંઘર્ષ ચાલુ રાખશે."

# સમગ્ર ભારતીય નાગરિકો વતી હું વર્લ્ડ ચેમ્પિયન્સનુ સન્માન કરું છું : નીતા અંબાણી



અત્યંત ભાવસભર અભિવ્યક્તિ સાથે જ્યારે જીવનમાં સામા પાણીએ તરીને પણ કુદરત સાથે તાલ મિલાવતી પ્રબળ ઈચ્છાશક્તિ અને વિજયી મુદ્રા અને મિજાજનો જ્યારે સંગમ સર્જાય ત્યારે એ અદ્ભુત દ્રશ્યોની નાની ઝાંખી પણ ઓછા શબ્દો સાથે એક નવલકથા બની જાય છે.

ભારતીય પ્રજ્ઞાચક્ષુ મહિલાઓની વિજેતા ટીમ, આઈસીસી વર્લ્ડ ટી ટ્વેન્ટિ ચેમ્પિયન ભારતીય ટીમની કેટલીક ખેલાડીઓ અને આઈસીસી વિમેન્સ ક્રિકેટ વર્લ્ડ કપ વિજેતા ટીમ સાથે નીતા અંબાણી, અમિતાભ બચ્ચન, સચિન તેંડુલકર અને આઈસીસી ચેરમેન શ્રી જય શાહની આ તસ્વીર મુંબઈમાં યુનાઈટેડ ઈન ટ્રાયમ્ફ ઈવેન્ટમાં આ ત્રિવેણી મૂડ અને જુસ્સાની ગવાહી આપે છે.

જબરજસ્ત જુસ્સો, સમર્પણ, દેશદાઝ અને અપ્રતિમ, અડગ મનોબળના પર્યાયસમી આ ઐતિહાસિક તસવીરમાં મુંબઈ ખાતે દ્વિતીય યુનાઈટેડ ઈન ટ્રાયમ્ફ ઈવેન્ટમાં નીતા અંબાણી સાથે ભારતની ત્રણ અલગ અલગ ક્રિકેટ વર્લ્ડ કપ ચેમ્પિયન ટીમના કેપ્ટન, જેમાં પ્રજ્ઞાચક્ષુ ટીમની કેપ્ટન દીપિકા ટીસી, રોહિત શર્મા અને હરમનપ્રિત કૌર આંખોમાં આંજેલા આગામી સુવર્ણયુગના સપના સાથે એક અદ્ભુત સંદેશો ભારતની પ્રજાને આપી રહ્યા છે.

મુંબઇ ખાતે સોમવારે યોજાયેલી દ્વિતીય યુનાઈટેડ ઈન ટ્રાયમ્ફ ઈવેન્ટમાં નીતા અંબાણીએ સમગ્ર ભારતની પ્રજા તરફથી ક્રિકેટ ક્ષેત્રે વર્લ્ડ ચેમ્પિયન બનનાર ભારતની ત્રણ ટીમોનું અભિવાદન અને સન્માન કર્યું હતું, જેમાં પ્રજ્ઞાચક્ષુ મહિલા ટીમ અને મેન્સ તેમજ વિમેન્સ ટીમની સમાવેશ થતો હતો.

વિજેતા ખેલાડીઓનું અભિવાદન કરતાં નીતા અંબાણીએ કહ્યું, આપણે નવા વર્ષની શરૂઆત અને ઉજવણી એક ખાસ પ્રસંગથી કરી રહ્યા છીએ. આજે આપણી ત્રણેય વિશ્વ વિજેતા ક્રિકેટ ટીમ આ વિશેષ સન્માન કાર્યક્રમમાં ઉપસ્થિત છે.

જેમાં મેન્સ, વિમેન્સ અને પ્રજ્ઞાચક્ષુ વિમેન્સ ટીમનો સમાવેશ થાય છે. દરેક ભારતીય તરફથી આ તમામ ચેમ્પિયન્સનું સ્વાગત અને સન્માન કરતાં અત્યંત ગર્વની લાગણી થાય છે જે ખેલાડીઓએ આપણને વિજયની અદ્ભુત ક્ષણોનો સાક્ષાત્કાર કરાવીને ખુશી અને આનંદના આહ્લાદથી સજાવી દીધા છે.

રમતજગત તેની સાથે જોડાયેલી પ્રજા સંવેદના અને હૃદયના તાર વિશે વાત કરતાં નીતા અંબાણીએ કહ્યું, ’સ્પોર્ટસ એક સંસ્કાર છે જે ભારત દેશ અને એક એક ભારતીયના હૃદયને જોડે છે જેની અસર અત્યંત પરિવર્તનકારી હોય છે. આજે આપણે આજના સુંદર પ્રસંગે આ વિજેતાઓને આવકારીને વિજયની ઉજવણીને ક્ષણોને માણીએ ત્યારે અત્યંત ઉચ્ચ અનુભૂતિ થાય છે.’

કાર્યક્રમમાં ભારતની વર્લ્ડ કપ વિજેતા ટીમોના ત્રણ કેપ્ટન ઉપસ્થિત રહ્યા હતા જેમાં રોહિત શર્મા, હરમનપ્રિત કૌર અને દીપિકા ટીસીનો સમાવેશ થતો હતો, જેમની ટીમના વિજયી પ્રદર્શનથી સમગ્ર દેશમાં અનન્ય માહોલ સર્જાઈ ચૂક્યો છે. આ ઉપરાંત આ કાર્યક્રમમાં ત્રણેય ટીમોના વિજયી ખેલાડીઓ જસપ્રિત બુમરાહ, સૂર્યકુમાર યાદવ, સ્મૃતિ મંધાના, જેમીમાં રોડરીગેસ, ગંગા કદમ ઉપરાંત મહાન ક્રિકેટરો સુનિલ ગાવસ્કર, સચિન તેંડુલકર, રવિચંદ્રન અશ્વિન, ઓલિમ્પિક અને પેરાલિમ્પિક લિજેન્ડ્સ મુરલીકાંત પેટકર, દીપા મલિક, દેવેન્દ્ર ઝાઝારિયા, હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીની મહાન હસ્તીઓ અમિતાભ બચ્ચન, શાહરૂખ ખાન વગેરે ઉપસ્થિત રહ્યા હતા. યુનાઈટેડ ઈન ટ્રાયમ્ફ એ રમત-જગત ક્ષેત્રે શ્રેષ્ઠતા, એકતા અને મૂલ્યોના જતન અને સંવર્ધન માટેનું નીતા અંબાણીનું વિઝન અને મિશન છે.

# સુરેશ કલમાડીની વિદાય સાથે રમતગમત ક્ષેત્રએ એક કુશળ વહીવટકર્તા ગુમાવ્યા

## વાયુદળમાં પાયલોટ રહેલા કલમાડીનું યોગદાન નોંધપાત્ર રહ્યું



નવી દિલ્હીમાં ૨૦૧૦ કોમનવેલ્થ ગેમ્સના આયોજનમાં ભ્રષ્ટાચારના આક્ષેપોથી ચર્ચામાં આવેલા ભૂતપૂર્વ ઈન્ડિયન ઓલિમ્પિક એસોસિએશન (આઈઓએ) પ્રમઉખ સુરેશ કલમાડીનું પૂણેમાં મંગળવારે અવસાન થયું હતું. બે દાયકાથી સુધી તેઓ રમત ક્ષેત્રે કુશલ વહીવટકર્તા તરીકે સક્રિય રહ્યા હતા. તેમની સફળ કારકિર્દીથી ભારતનું રમત ક્ષેત્રે નામ ગર્વથી ઊંચું લઈ જવામાં સફળ થયા હતા સાથે જ ભ્રષ્ટાચારમાં સંડોવણીથી છબિ ખરડાઈ પણ હતી.

કલમાડીનો જન્મ ૧૯૪૪માં મદ્રાસ ખાતે થયો હતો અને તેમણે પૂણેની ફર્ગ્યુસન કોલેજમાં અભ્યાસ કર્યો હતો. પૂણેથી જ સાંસદ તરીકે પણ તેઓ ચૂંટાયા હતા. રમત ક્ષેત્રે વટીવટી અધિકારી કે રાજકારણી બન્યા તે અગાઉ સુરેશ કલમાડીએ ભારતીય વાયુદળમાં પાયલોટ તરીકે પણ સેવા આપી હતી. તેઓ ૧૯૬૪થી ૧૯૭૪ સુધી એરફોર્સમાં કમિશન્ડ પાયલોટ બાદમાં ઈન્સ્ટ્રક્ટર રહ્યા હતા અને સ્ક્વોડ્રન લીડર તરીકે નિવૃત્ત થયા હતા. ૧૯૮૦માં કોંગ્રેસમાં ભંગાણ બાદ તેઓ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ પક્ષ સાથે જોડાયેલા રહ્યા અને ૧૯૮૨, ૧૯૮૮, ૧૯૯૪ તથા ૧૯૯૮માં રાજ્યસભામાં ચૂંટાયા હતા. ૧૯૯૫માં પીએમ પીવી નરસિમ્હા રાવની સરકારમાં તેઓ રેલવેના રાજ્ય કક્ષાના મંત્રી પણ બન્યા હતા. ૧૯૯૬માં પૂણેથી તેઓ લોકસભામાં ચૂંટાયા હતા પરંતુ ત્યારબાદની ચૂંટણીમાં તેમનો પરાજય થયો હતો.

૨૦૦૪ તથા ૨૦૦૯માં તેઓ ફરી સાંસદ ચૂંટાયા હતા. રમત ક્ષેત્રે તેમનું યોગદાન નોંધપાત્ર રહ્યું હતું. ભારતમાં ૨૦૦૩માં આફ્રો એશિયન ગેમ્સ, ૨૦૦૮માં કોમનવેલ્થ યુથ ગેમ્સ, ૨૦૧૦માં કોમનવેલ્થ ગેમ્સ તથા ૧૯૮૯ અને ૨૦૧૩માં એશિયન એથ્લેટીક્સ ચેમ્પિયનશિપ જેવી ઈવેન્ટ્સનું આયોજન સંભવ બનાવાવમાં તેમની ચાવીરૂપ ભૂમિકા હતી.

વર્તમાન આઈઓએ પ્રમુખ પીટી ઉષાએ જણાવ્યું કે, સુરેશ કલમાડીના નિધનથી હું દુઃખી છું. તેમના પરિવારને હું સાંત્વના પાઠવું છું. ઓમ શાંતિ. આઈઓએના પૂર્વ સેક્રેટરી જનરલ અને કલમાડીના નિકટના રાજીવ મહેતાએ કલમાડીને રમત ક્ષેત્રે મહાન વહીવટી અધિકારી ગણાવ્યા હતા. તેમના પરિવાર અને સમર્થકોને સાંત્વના પાઠવું છું. મારા માટે આ અંગત ખોટ છે.

# શ્રેયસ અય્યરે ફિટનેસ સાબિત કરી

## વિજય હજારે ટ્રોફીમાં ફિફ્ટી ફટકારી; સિરાજે 3 વિકેટ લીધી, મયંક અગ્રવાલની સદી

ભારતીય ટીમનો વાઈસ કેપ્ટન શ્રેયસ અય્યરે (૮૨ રન) વિજય હઝારે ટ્રોફીમાં હાફ સેન્ચુરી ફટકારીને પોતાની ફિટનેસ સાબિત કરી દીધી છે. તે જયપુરમાં હિમાચલ પ્રદેશ સામે મુંબઈની કેપ્ટનશિપ કરી રહ્યો છે. અય્યરની ન્યૂઝીલેન્ડ સામેની ભારતીય ટીમમાં પસંદગી કરવામાં આવી છે, જોકે તેનું રમવું ફિટનેસ સાબિત કરવા પર નિર્ભર છે.

અય્યર સિવાય, સૂર્યકુમાર યાદવ ૨૪ રન અને મુશીર ખાન ૭૩ રન બનાવીને આઉટ થયા હતા. આ મેચમાં યશસ્વી જાયસ્વાલ ૧૫ અને સરફરાઝ ખાને ૨૧ રન બનાવ્યા હતા. મુંબઈએ ૩૩ ઓવરમાં ૨૯૯ રન બનાવ્યા છે. બીજી તરફ, ગોવા સામે ૨૧૨ રનનો પીછો કરી રહેલી પંજાબની ટીમના ઓપનર પ્રભસિમરન સિંહ ૨ અને ભારતીય કેપ્ટન શુભમન ગિલ ૧૧ રન બનાવીને આઉટ થયા હતા. ૧૬ ઓવર પછી ટીમનો સ્કોર ૬૫/૩ છે.

બિહારે પ્લેટ ગ્રુપનો ખિતાબ જીતી લીધો છે. ટીમે રાંચીમાં રમાયેલી ફાઈનલ મેચમાં મણિપુરને ૬ વિકેટે હરાવ્યું. બિહારે આયુષ લોહરુકાના ૭૫ રનની મદદથી ૧૭૦ રનનો ટાર્ગેટ ૩૧.૨ ઓવરમાં હાંસલ કરી લીધો હતો. આ પહેલા મણિપુર ૪૭.૫ ઓવરમાં ૧૬૯ રન પર ઓલઆઉટ થઈ ગયું હતું. શાબિર ખાને હેટ્રિક સહિત ૭ વિકેટ ઝડપી હતી. તેણે ૮ ઓવરની બોલિંગમાં ૩૦ રન આપ્યા હતા.



સાંધ્ય દૈનિક
# પ્રતાપ દર્પણ
બુધવાર, તા.૦૭ જાન્યુઆરી ૨૦૨૬ | E-mail : pratap_darpan@yahoo.co.in | મો.નં.: ૯૮૨૫૫ ૩૨૫૦૫

# પર્વતમાં મેફેડ્રોન ડ્રગ્સનું ઉત્પાદન કરતી ફેક્ટરી પર પોલીસ ત્રાટકી

## અમરોલીમાંથી ડ્રગ્સ સાથે ઝડપાયેલો આરોપીની તપાસમાં એસઓજી પોલીસને પોલારિસ શોપિંગ સેન્ટરમાં ચાલતી લેબનું પગેરું મળ્યું : લેબ ટેકનિશીયન સહિત ત્રણની ધરપકડ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૭**

સુરતના પર્વત પાટિયા વિસ્તારમાં આવેલા એક કોમર્શિયલ મોલની અંદર ફૂડ ટેસ્ટિંગ લેબની આડમાં ધમધમતી 'હાઈ પ્યુરિટી ક્રિસ્ટલ મેફેડ્રોન' ડ્રગ્સની ફેક્ટરીનો સુરત SOGએ પર્દાફાશ કર્યો છે, જેમાં આંતરરાષ્ટ્રીય 'લંડન કનેક્શન' ખૂલતાં પોલીસ સ્તબ્ધ થઈ ગઈ છે. અમરોલીમાંથી ૨૩૬ ગ્રામ ડ્રગ્સ સાથે ઝડપાયેલા જીલ હુમ્મરની કબૂલાત બાદ પોલીસે પોલારિસ શોપિંગ સેન્ટરની લેબમાં દરોડા પાડી ડ્રગ્સ બનાવનાર સિનિયર ટેક્નિશિયન સહિત કુલ ૩ શખસની ધરપકડ કરી છે.

લંડનમાં બેઠેલા માસ્ટર માઈન્ડ અને લેબના માલિક જનક જાદાણીના ઈશારે અને ફાઈનાન્શિયલ મદદથી શહેરમાં જ નશાનું ઝેર તૈયાર કરી યુવાધનને રવાડે ચઢાવવાના આ કાવતરામાં પોલીસે ૨.૯૨ લાખનો મુદ્દામાલ, તૈયાર ડ્રગ્સ અને જ્વલનશીલ કેમિકલ્સનો જથ્થો જપ્ત કરી વધુ તપાસ હાથ ધરી છે. આ પ્રકરણની શરૂઆત ૧ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ થઈ હતી, જ્યારે SOGએ અમરોલી છાપરાભાઠા રોડ પરથી ૨૧ વર્ષીય જીલ ભૂપતભાઈ હુમ્મરને ૨૩૬.૭૮૦ ગ્રામ MD ડ્રગ્સના મુદ્દામાલ સાથે પકડી પાડ્યો હતો. જીલની કડક પૂછપરછ દરમિયાન ચોંકાવનારી કબૂલાત સામે આવી હતી કે આ ડ્રગ્સ કોઈ બહારના રાજ્યમાંથી નથી આવ્યું, પરંતુ સુરત શહેરની અંદર જ એક ખાનગી લેબોરેટરીમાં તૈયાર કરવામાં આવ્યું છે. આ હકીકત સામે આવતાં SOGની અલગ-અલગ ટીમ બનાવીને તપાસ સઘન બનાવી હતી.

દરમિયાન પર્વત પાટિયા વેસુ કેનાલ રોડ પર આવેલા પોલારિસ શોપિંગ સેન્ટર સુધી પહોંચ્યા હતા. અહીં 'ડિક્રિયા ફૂડ એન્ડ ફાર્મા એનાલેટિકલ લેબોરેટરી'માં SOGએ બાતમીના આધારે દરોડા પાડ્યા હતા. લેબની અંદર તપાસ કરતાં પોલીસને આધુનિક મશીનરી અને કેમિકલ્સ મળ્યાં હતાં, જેનો ઉપયોગ હાઈ પ્યુરિટી ક્રિસ્ટલ મેફેડ્રોન ડ્રગ્સ તૈયાર કરવા માટે કરવામાં આવતો હતો. ફૂડ ટેસ્ટિંગના નામે ચાલતી આ લેબ વાસ્તવમાં મોટું ડ્રગ્સ મેન્યુફેક્ચરિંગ યુનિટ હોવાનું સાબિત થયું હતું.



### માસ્ટર માઈન્ડ જનક જાદાણી લંડનથી આખું નેટવર્ક ઓપરેટ કરતો હતો

પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે આ ડ્રગ્સ ફેક્ટરીનો અસલી માસ્ટર માઈન્ડ જનક જાદાણી લંડનમાં બેસીને આખું નેટવર્ક ઓપરેટ કરી રહ્યો છે. લંડનથી જ આ લેબ માટે જરૂરી ફાઈનાન્શિયલ મદદ અને માર્ગદર્શન પૂરું પાડવામાં આવતું હતું. વિદેશમાં બેસીને સુરતના યુવાધનને નશાના રવાડે ચઢાવવાનું આ આંતરરાષ્ટ્રીય કાવતરું હોવાનું હાલ જણાઈ રહ્યું છે, જેમાં વધુ ૩ આરોપીની ધરપકડ કરવામાં આવી છે. પોલીસે આ મામલે ડ્રગ્સ બનાવનાર મુખ્ય સૂત્રધાર બ્રિજેશ વ્રજલાલ ભાલોડિયા (ઉંમર ૨૮)ની ધરપકડ કરી છે, જે પોતે સિનિયર લેબ ટેક્નિશિયન છે. તેની સાથે ડ્રગ્સનો સપ્લાય કરનાર ખુશાલ વલ્લભભાઈ રાણપરિયા (ઉંમર ૨૭) અને ભરતભાઈ ઉર્ફે ભાણો દામજીભાઈ લાઠિયા (ઉંમર ૩૨)ની પણ ધરપકડ કરવામાં આવી છે. આરોપી બ્રિજેશ તેની કેમિકલની જાણકારીનો દુરુપયોગ કરીને ઉચ્ચ ગુણવત્તાનું મેફેડ્રોન તૈયાર કરતો હતો, જે લંડન સ્થિત હેન્ડલરના ઈશારે બજારમાં વેચવામાં આવતું હતું.

### ડ્રગ્સનું રો મટિરિયલ અને તૈયાર મેફેડ્રોન પણ જપ્ત

૨૦૦ ML મિક્સ કેમિકલ (કિંમત ૨૦,૦૦૦), ૧ લિટર HB કેમિકલ, ૫ લિટર H2SO4 અને મિથાઈલ એમાઈન જેવા જ્વલનશીલ કેમિકલ્સનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ૧ નંગ Vacuum Oven (કિંમત ૨૫,૦૦૦), ૧ નંગ Vacuum Pump (કિંમત ૨૦,૦૦૦), Overhead Stirrer અને ડિજિટલ વેઈંગ મશીન સહિત કુલ ૨,૯૨,૦૫૦નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. જેમાં ૫૦,૮૫૦ની કિંમતનું ૧૬.૯૫૦ ગ્રામ તૈયાર મેફેડ્રોન ડ્રગ્સ પણ સામેલ છે.

હાલમાં પોલીસે આ તમામ આરોપીઓ વિરુદ્ધ NDPS એક્ટ હેઠળ કડક કાર્યવાહી શરૂ કરી છે. લંડનમાં બેઠેલા માસ્ટર માઈન્ડ સુધી પહોંચવા માટે પોલીસ ડિજિટલ પુરાવાઓ અને ૩ મોબાઈલ ફોન (કિંમત ૧,૧૫,૦૦૦)ની તપાસ કરી રહી છે.

# એકે રોડની બિલ્ડિંગના ફ્લેટમાંથી રૂા.૩.૯૮ લાખના ઘરેણાની ચોરી

## ધાગા કટિંગનું કામ કરતી મહિલાના ઘરમાં બપોરના સમયે તસ્કરોનો હાથફેરો

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૭**

વરાછા એ.કે.રોડ ખાતે રહેતી અને ધાગા કટીંગનું કામ કરતી મહિલા અને તેનો પતિ બપોરે ઘરેથી જમીને ઘરને તાળુ મારી નોકરીએ જવા કિળી ગયા હતા ત્યારે ચોર ઘરમાંથી રૂ.૩.૯૮ લાખના સોના ચાંદીના ઘરેણાની ધાપ મારી ગયા હતા. આ મામલે ગઈકાલે અશ્વનીકુમાર પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાવવામાં આવ્યો હતો.

અશ્વનીકુમાર પોલીસ મથકેથી મળતી વિગત અનુસાર મુળ ઉત્તરપ્રદેશના દેવરીયા જિલ્લાના વૃંદાવન ગામના વતની અને હાલ એ.કે.રોડ ગાયત્રીકૃપા બિલ્ડીગમાં એક રૂમમાં રહેતી કિરણ શિવશંકર અનીરૂધ્ધ દુબે ઉ.વ.૩૪ ધાગા કટીગનું કામ કરે છે. તેના પતિ પણ મજુરી કામ કરે છે. દરમિયાન ગઈ તા.૨ ડિસેમ્બરના રોજ સવારે રાબેતા મુજબ પતિ પત્ની કામ પર ગયા બાદ બપોરે જમવાના સમયે ઘરે આવ્યા હતા અને જમી પરવારીને ૧ વાગ્યાની આસપાસ ઘરને તાળુ મારી ફરી કામ પર નિકળી ગયા હતા.ગૂદરમિયાન રાત્રે પરત ઘરે આવતા તેમના રૂમનું તાળુ તુટેલું હતું અને ઘરેની ચીજ-વસ્તુઓ વેર વિખેર હતી. એક પતરાની પેટીમાં બચતથી વસાવેલા સોના ચાંદીના દાગીના મુકેલા હોય તે ગાયબ હતા ચોરી થઈ હોવાનું ધ્યાને આવતા આ મામલે ગઈકાલે અશ્વનીકુમાર પોલીસ મથકમાં રૂ.૩.૯૮ લાખના સોના ચાંદીના દાગીના ચોરી અંગે ફરીયાદ નોંધાવવામાં આવી હતી.

## ઉધનાની સોનલ ઈન્ડસ્ટ્રીઝમાં

# રૂપિયાની લેતી-દેતી મુદ્દે બે મોટરકારમાં આવેલા ૮ લોકો દ્વારા હુમલો

## મોડી રાત્રે સાત-આઠ લોકોએ ચપ્પુ અને ફટાકાથી હુમલો કરતા યુવકની હાલત ગંભીર

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૭**

ઉધના સોનલ ઈન્ડસ્ટ્રીઝ વિસ્તારમાં રહેતા અને મજુરીકામ કરતા યુવાન પર રૂ.૫૦ હજારની લેતી દેતીમાં ગત મોડી રાત્રે જીવલેણ હુમલો કરાયો હતો. ટેલિફોનીક સામ સામે બોલાચાલી બાદ ૭ થી ૮ જણા બે કારમાં ઉધના દત્ત કુટીર નજક ધસી ગયા હતા અને એક સોસાયટીના ગેટ પાસે યુવક તેના મિત્ર અને ભાઈને આંતરી લઈ ચપ્પુ, લાકડાના ફટકા અને લોખંડના પાઈપ લઈ તુટી પડયા હતા. યુવકને ઉપરા છાપરી ચપ્પુના શરીરે ઘા મારી માથામાં લોખંડના રોડથી માર મરાતા તેને વધુ પડતુ લોહી વહી જતા તાત્કાલિક સારવાર માટે ઉધના દરવાજાની એક ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયો હતો. મૃતકના પરિવારજનોએ આરોપીઓ સામે કડક કાર્યવાહી કરી ન્યાયની માંગણી કરી છે આ મામલે ગત રાત્રે ઉધના પોલીસ સ્ટેશનમાં ગુનો પણ નોંધાવવામાં આવ્યો હતો.

ઉધના પોલીસ મથકેથી મળતી વિગત અનુશાર ઉધના સોનલ ઈન્ડસ્ટ્રીઝા નજીક શાકભાજી માર્કેટ પાસે મોડી રાત્રે ઉધના પટેલ નગર ખાતે રહેતા મહેશ ઉર્ફે રાજા ગુપ્તા પર રાઘવ ઉર્ફે પોલાદ તિવારી તેના સાગરીતો શીવમ દુબે, પ્રખર ઉર્ફે બોક્ષર, પંકજ ઉર્ફે રાજુ યાદવે ચપ્પુ. લાકડાના ફટકા અને લોખંડના રોડથી મહેશ ઉર્ફે રાજાને બેરહેમી પુર્વક ફટકાર્યો હતો. સોસાયટીના ગેટ પાસે મહેશ ઉર્ફે રાજાના ભાઈ હિતેશ ગુપ્તા અને તેના મિત્રો ઉભા હતા તે સમયે કારમાં ધસી આવેલા રાધવ ઉર્ફે પોલાદ સહિત ૭ થી ૮ જણાએ ચપ્પુથી કરેલા હુમલામાં મહેશ ઉર્ફે રાજાને ગંભીર ઈજા પહોંચી હતી.

આ મામલે ઉપના પોલીસ મથકમાં હિતેશ ગુપ્તાએ ફરીયાદ નોંધાવી છે. ફરીયાદમાં જણાવ્યા અનુસાર થોડા સમય પહેલા મહેશ ઉર્ફે રાજાએ રાઘવને રૂ.૫૦ હજાર રૂપીયા આપ્યા હતા. જે પરત માંગતા બંને વચ્ચે સામ સામે બોલાચાલી થઈ હતી. મહેશે પણ ફોન પર ગાળો આપતા રાધવે તેના સાગરીતો શિવમ દુબે સહિતની ટોળકીને બોલાવી ગત મોડી રાત્રે જીવલેણ હુમલો કર્યો હતો.

### સુરત શહેરમાં ગુનેગારો બેફામ

શહેરમાં દરરોજ કોઈને કોઈ ગંભીર ઘટના બની રહી છે. થોડા સમય પહેલા જ નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ ગુનેગારો પર કડક કાર્યવાહી અને પ્રજાને સલામતિ પુરી પાડવા બનતા તમામ પ્રયાસો કરવા સ્પષ્ટ આદેશ કર્યા હતા. શહેર પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોત પણ ગુનેગારોને કાયદાનો પાઠ ભણાવવા માટે કટીબદ્ધ છે. બીજી તરફ ગુનેગારોને કોઈ ખૌફ રહયો હોય ન હોય તેમ ક્યાંકને ક્યાંક પોતાની દહેશત ફેલાવી રહ્યા હોય તેમ લાગી રહ્યું છે.



દુષ્કર્મ કેસમાં લાજપોર જેલમાં કેદ નારાયણ સાંઈને આજે રૂટીન ચેકઅપ માટે નવી સિવિલ હોસ્પિટલમાં પોલીસ બંદોબસ્ત સાથે લાવવામાં આવ્યો હતો. નવી સિવિલ હોસ્પિટલના તબીબો દ્વારા નારાયણ સાંઈના આરોગ્યની તપાસ કરવામાં આવી હતી.

# સુરતમાં તાપમાન એક ડિગ્રી વધતા ઠંડીની અસર ઘટી

## પવનની દિશામાં ફેરફાર થતા તાપમાનમાં થતો વધારો-ઘટાડો

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૭**

શહેરમાં શિયાળાની સિઝન જામી છે ત્યારે ગત મોડી સાંજથી ઉત્તર દિશામાંથી પ્રતિ કલાક ૬ કિ.મીની ઝડપે પવન ફુંકાવા સાથે મોડી રાત્રિ થતા તાપમાનનો પારો નીચો ગયો હતો. જોકે વહેલી સવારે ધુમ્મસ છવાયા વાતાવરણ વચ્ચે લઘુત્તમ તાપમાનનો પારો ૧ ડિગ્રી વધ્યો હોવાનું સુરત હવામાન વિભાગ પાસેથી જાણવા મળ્યું છે.

ગઈકાલે સવારે ૧૫ સેલ્સિયસ ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયું હતું જે આજે સવારે વધીને ૧૬ સેલ્સિયસ ડિગ્રી નોંધાયું હતું. દિવસ દરમિયાન પણ બે ત્રણ દિવસથી ધુમ્મસ છવાયેલું વાતાવરણ રહેવા સાથે દિવસે વૈણ ઠંડી અનુભવાઈ રહી છે.

ઉત્તરીય પવનો ફૂંકાવા સાથે શહેરનું લઘુત્તમ તાપમાન નીચું જઈ રહયુ છે દરમિયાન આજે લઘુત્તમ તાપમાનમાં ૧ ડિગ્રીનો વધારો થયો હતો જોકે ઠંડીની અસર યતાવત રહી છે. ઉત્તર દિશામાંથી ગઈ સાંજથી પ્રતિ કલાક ૬ કિ.મીની ઝડપે પવન ફુંકાવા સાથે મધ્યરાત્રિથી વહેલી સવારે લઘુત્તમ તાપમાનનો પારો નીચે ગયો હતો.

# લિંબાયત કલ્પના રો-હાઉસમાંથી રૂા અઢી લાખના દાગીના ચોરાઈ ગયા

## ઘર બંધ કરીને મહારાષ્ટ્ર ગયેલી મહિલાની તિજોરી સફાચટ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૭**

લિંબાયત વિસ્તારમાં રહેતી મહિલાનાં દિકરાને ત્યાં પૌત્રનો જન્મ થતા તેણી મહારાષ્ટ્ર ખાતે પૌત્રને જોવા ગઈ હતી તે સમયે તસ્કરોએ તેના ઘરને નિશાન બનાવી અઢી લાખ રૂપીયાના સોના ચાંદીના ઘરેણા ધાપ મારી ગયા હતા. આ મામલે ગઈકાલે લિંબાયત પોલીસ મથકમાં ગુનો નોંધાવવામાં આવ્યો હતો.

લિંબાયત પોલીસ મથકેથી મળતી વિગત અનુસાર મુળ મહારાષ્ટ્રના કુલેના વતની અને હાલ લિબાયત કૈલાશનગરની સામે કલ્પના રો-હાઉસમાં રહેતા આશાબેન શિવાજી કાશીનાથ સાળુખે (પાટીલ) ઘરકામ કરે છે. તેમનો નાનો દિકરો રામકૃષ્ણ પત્ની સાથે વડોદરા રહે છે અને ફાર્મસી કંપનીમાં નોકરી કરે છે. દરમિયાન રામકૃષ્ણની પત્ની પિયર મહારાષ્ટ્ર હોય ત્યાં પૌત્રનો જન્મ થતા આશાબેન તેને જોવા માટે વડોદરા ગયા હતા. દરમિયાન રામકૃષ્ણ અને માતા આશાબેન પાટીલ ગઈ તા.૫ ડિસેમ્બરના રોજ ટ્રેનમાં બેસી મહારાષ્ટ્ર જવા નિકળ્યા હતા ત્યારે તેમના સંબંધીનો ફોન આવ્યો હતો કે તેમના રો-હાઉસના મુખ્ય ગેટ તેમજ ઘરના દરવાજાના લોક તોડી તિજોરીમાંથી સોના ચાંદીના દાગીના મળી ૨.૩૫ લાખના દાગીનાની ચોરી કરી ગયા હતા. આ મામલે ગઈકાલે લિંબાયત પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાવવામાં આવ્યો હતો.

# ખોટી ફરિયાદ કરનાર પતિને પત્ની તથા પોલીસને ૫૦ હજાર ચૂકવવા કોર્ટ હુકમ

## ચાર્જસીટ ખોટી હોવાનું રટણ કરી ખોટી રીતે એફઆરઆઈ કરાવાનાર પતિને કોર્ટની લપડાક

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૭**

સુરત મહિલા પોલીસ સ્ટેશનની FIR તથા ચાર્જશીટ ખોટી હોવાનું રટણ કરી ખાનગી ફરિયાદ દાખલ કરનાર પતિને સેશન્સ કોર્ટે પત્ની અને પોલીસને રૂ.૫૦,૦૦૦ આપવા આદેશ કર્યો હોવાનું જાણવા મળ્યું હતું

કેસની હકીકત મુજબ રિવિઝનકર્તા અલ્પેશ પટેલ વિરુધ્ધ સુરત મહિલા પોલીસ સ્ટેશનમાં ઇ.પી.કો કલમ ૪૯૮(ક) ,૩૨૩,૫૦૪, ૫૦૬(૨), તથા દહેજ પ્રતિબંધ અધિનિયમની કલમ ૩,૪ મુજબના ગુનાઓ લાગત તા. ૨૧/૭/૨૦૨૨ ના રોજ FIR દાખલ કરવામાં આવેલ ત્યારબાદ સદર કામે કોર્ટ માં ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ. જે કામે રિવિઝનકરતા દ્વારા ખોટી ફરીયાદ દાખલ કરેલ હોવાનો બચાવ લઈ ટ્રાયલ કોર્ટમાં સુરત મહિલા પોલીસ સ્ટેશનના પી.આઈ, રાઈટર તથા P.S.0 તેમજ મૂળ ફરિયાદી પત્ની વિરુધ્ધ કોર્ટમાં ખાનગી ફરિયાદ દાખલ કરવામાં આવેલ. જે ખાનગી ફરિયાદ ટ્રાયલ કોર્ટમાં નામંજૂર થતા. આ હુકમથી નારાજ થઈ રિવિઝનકર્તા સેશન્સ કોર્ટમાં રિવિઝન અરજી દાખલ કરેલ. જે અરજી સેશન્સ કોર્ટમાં ચાલી જતાં સામાવાળા/ મૂળ ફરિયાદી નીતા પટેલ તરફે એડવોકેટ કમલેશ એચ. સંઘાડીયા હાજર રહેલ અને દલીલો કરેલ

બંને પક્ષોની દલીલ બાદ સેશન્સ કોર્ટે રિવિઝનકર્તા પતિની આકરી ટીકાઓ કરેલ અને નોંધેલ કે રિવિઝન કરતા પતિએ તપાસમાં સામાવાળાઓને અલગ-અલગ રીતે અડચણો/દબાણ લાવવા નોટિસો તથા અરજી કરેલાનું ફલિત થાય છે. જે એક કાનૂની પ્રક્રિયામાં રિવિઝનકર્તા થકી ખલેલ પોહચાડેલાનું જણાઈ આવે છે તેમજ તે ગુનાની તપાસ દરમ્યાન પોલીસ કમિશનર, સુરત શહેર તથા ગૃહ મંત્રીશ્રી, ગુજરાત રાજયનાઓને અરજીઓ કરીને તેઓ શરૂઆતથીજ તપાસ કરનાર એજન્સીને તપાસમાં અડચણો ઊભી કરી સરકારી ફરજ બજવવામાં ખોટી રીતે અડચણો ઊભા કરેલ છે.તેવું તારણ કાઢી રિવિઝનકર્તાએ પ્રત્યેક સામાવાળા એટલે કે પત્ની, મહિલા પોલીસ સ્ટેશનના પીઆઈ તેમજ અન્ય સ્ટાફને ફૂલ રૂ.૫૦,૦૦૦/-ચૂકાવવાનો હુકમ કરી રિવિઝનકર્તાની અરજી નામંજૂર કરતો હુકમ ફરમાવ્યો હતો તેવું વકીલ સંઘાડીયા મારફતે જાણવા મળ્યું હતું

# વરાછામાં કારખાના માલિક દ્વારા કામદાર સગીર છોકરી પર બળાત્કાર

## મોટા વરાછાની યુવતીને ગર્ભ રહી જતા લગ્નની લાલચ આપનાર યુવકે તરછોડી દીધી

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૭**

સુરત શહેરમાં દિન પ્રતિદિન બળાત્કારના ગુનાઓ પોલીસ ચોપડે નોંધાઈ રહ્યા છે. વળી, સગીર વયની બાળકીઓ સાથે યોન શોષણના બનાવોમાં સતત વધારો જોવા મળી રહ્યો છે. સુરત શહેરના બે અલગ અલગ પોલીસ સ્ટેશનમાં એક જ દિવસે સગીરા સહિત બે યુવતીઓનું યોન શોષણ કરી ગર્ભવતી બનાવી દેવાની સનસનાટી ભરી બે ફરિયાદો પોલીસ ચોપડે નોંધાઈ છે. મોટા વરાછાના યુવકે સરથાણાની યુવતી સાથે લગ્નની લાલચે અવારનવાર શરીર સંબંધ બાંધી ગર્ભવતી બનાવી દીધી હતી.

બાદમાં યુવતીને ગર્ભપાત કરાવી દઈ લગ્ન નહી કરી તરછોડી દીધી હતી. જ્યારે વરાછામાં સાડીના કારખાનાએ કામ કરવા આવતી સગીરાને પ્રેમ જાળમાં ફસાવી કારખાનેદારે દુષ્કર્મ કરી ગર્ભવતી બનાવી દીધી હતી. સ્થાનિક પોલીસે બંને ફરિયાદના આધારે આરોપીઓ સામે હાલ ગુનો નોંધી ગુનાની હકીકતની વધુ તપાસ શરૂ કરી છે.

પ્રથમ બનાવની વિગત એવી છે કે મોટા વરાછા ખાતે રહેતા યુવક સામે સરથાણાની એક યુવતીએ સરથાણા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી આરોપ લગાવ્યો હતો કે ફરિયાદી યુવતીનો આરોપી યુવક સાથે પ્રેમ સંબંધ હતો. તેઓ એકબીજા સાથે ફોન પર વાતચીત કરતા હતા, મળતા હતા.યુવકે યુવતી સાથે લગ્ન કરવાનો વાયદો આપ્યો હતો. દરમિયાન તેમની વચ્ચે શારીરિક સંબંધો પણ બન્યા હતા. યુવતીના આરોપ મુજબ તેણીને ગર્ભ પણ રહી ગયો હતો. જેથી આરોપીએ તેણીની સંમતિ વગર દુખાવાની જગ્યાએ ગર્ભપાતની દવા આપી ગર્ભપાત પણ કરાવ્યું હતું. ત્યારબાદ આરોપીએ લગ્ન નહી કરી છોડીને જતો રહ્યો હતો. જેથી યુવતીએ આ અંગે પોલીસ સ્ટેશનમાં યુવક વિરુદ્ધ બળાત્કારની ફરિયાદ નોંધાવી હતી.

બીજા બનાવની વિગત એવી છે કે વરાછા વિસ્તારમાં રહેતી શ્રમજીવી પરિવારને કિશોરી સ્થાનિક વિસ્તારમાં આવેલા સાડીના કારખાનામાં કામ કરવા જતી હતી. ત્યાંના કારખાનેદારે કિશોરીને ખાતા પર રોકડી કરવા બોલાવી તેણી સગીર હોવા છતાં બળજબરીથી શરીર સંબંધ બાંધ્યા હતા. વધુમાં કારખાનેદાર વિરુદ્ધ આરોપ હતો કે આરોપી કારખાનેદારે કિશોરી સાથે એકથી વધુ વખત તેની મરજી વિરુદ્ધ શરીર સંબંધ બાંધ્યા હતા. જેના કારણે કિશોરી ગર્ભવતી બની હતી.

વરાછા પોલીસે કિશોરીના પરિવારને આ અંગેની ફરિયાદ લઈ કારખાનેદાર વિરુદ્ધ બળાત્કાર તેમજ પોકસો એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી હતી.

# તા.૧૦મીએ અડાજણ રિવરફ્રન્ટ ખાતે કાઈટ ફેસ્ટીવલનું આયોજન

## આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં દેશ-વિદેશના ૯૪ જેટલા પતંગબાજો ભાગ લેશે

**સુરત, તા.૭**

સુરત શહેરની ઉત્સવપ્રિય અને પતંગપ્રિય જનતા માટે તા.૧૦મીએ પતંગ મહોત્સવ યોજાશે, જેના ભાગરૂપે નિવાસી અધિક કલેક્ટરશ્રી વિજય રબારીના અધ્યક્ષ સ્થાને કલેક્ટર કચેરી ખાતે બેઠક મળી હતી. તેમણે પૂર્વ તૈયારીઓ અને તેના સુચારૂ આયોજન અંગે જુદા-જુદા વિભાગોને સોંપાયેલી જવાબદારીઓ અને ફરજો સંદર્ભે કામગીરીની સમીક્ષા કરી હતી.

રાજ્ય પ્રવાસન વિભાગ અને જિલ્લા વહીવટી તંત્ર તેમજ મહાનગરપાલિકાના સંયુક્ત ઉપક્રમે આગામી તા.૧૦મી જાન્યુઆરીએ અડાજણ રિવરફ્રન્ટ બાજુના પ્લોટ, જુના અડાજણ રોડ ખાતે સવારે ૮.૦૦ વાગે યોજાનાર પતંગ મહોત્સવને સફળ બનાવવા તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે.



દેશ વિદેશના ૯૪ જેટલા પતંગબાજો ભાગ લેશે. જેમાં બહેરીન, કોલંબીયા, ફ્રાન્સ, જર્મની, પોલેન્ડ જેવા દેશોના ૪૫ તથા કર્ણાટક, મહારાષ્ટ્ર, પંજાબ, કેરલના ૨૦ તથા ગુજરાતના ૨૯ મળી કુલ ૯૪ જેટલા પતંગબાજોના અવનવા પતંગોના કરતબો માણવાના અવસરનો લાભ લેવાની શહેરીજનોને સોનેરી તક મળી રહેશે. ગુજરાત સહિત દેશભરના વિવિધ રાજ્યો તેમજ દેશ-વિદેશના પતંગબાજોની સાથે સુરત શહેરના રમતવીરો, વિદ્યાર્થીઓ પણ આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહી મહોત્સવમાં સહભાગી બનશે.

આ બેઠકમાં નાયબ કલેક્ટર પ્રોટોકોલ, સિટી પ્રાંત(ઉત્તર) સુરત નાયબ કલેક્ટરશ્રી નેહાબેન પટેલ, મનપા અધિકારીઓ, પ્રવાસન અધિકારી, માર્ગ અને મકાન, માહિતી સહિત સંબંધિત વિભાગના અમલીકરણ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.